શું દુ:ખમાં દુખી નથી થવું?

શું દુ:ખને ઘટાડવું છે?

તો અવશ્ય વાંચો...

કારેલું



આચાર્ય વિજય અભયશેખરસૂરિ

Scanned by CamScanner

કારેલાના શાકમાં ગોળના
બદલે સુદર્શનચુર્ણ નાખવામાં
આવે તો શું પરિણામ આવે ?

આજે બનેલા કડવા પ્રસંગમાં
જુના મધુર પ્રસંગોના સંસ્મરણરૂપ
ગોળ નાખવો કે જુના કડવા પ્રસંગોના
સંસ્મરણરૂપ સુદર્શનચુર્ણ નાખવું ?

ને આ બેના પરિણામમાં તફાવત શું પડે ?
આ જાણવા માટે અવશ્ય વાંચો :

કારેલું

આચાર્ય વિજય અભયશેખરસૂરિ

'જેલર ફેમ'

www.printvision.in

Scanned by CamScanner

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

કારેલું

(બીજી આવૃત્તિ)

લેખક

શ્રી વિજય પ્રેમ - ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત-જયશેખરસૂરિ શિષ્ય

આચાર્ય વિજય અભયશેખરસૂરિ

પ્રાપ્તિસ્થાન :

(૧) પ્રકાશક :
ભુવને ધર્મજયકર પ્રકાશન C/o. અતુલભાઈ જે. વડેચા
૮૦૬, રતનપાર્ક, અડાજણ પાટીયા, રાંદેર રોડ, સુરત - ૩૯૫૦૦૯
ફોન નં. ૦૯૮૨૫૪૬૧૨૯૦, ૦૨૬૧-૨૭૬૫૯૨૫

(૨) જગતભાઈ હસમુખભાઈ પરીખ
૨૧, તેજપાલ સોસાયટી, ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૦૭૯-૨૬૬૩૦૦૦૬, ૨૬૬૩૩૭૩૪

(૩) નવીનચંદ્ર બી. કુબડીઆ
ઈથોસ ઈલાઈટ ગાર. પ્રા. લિ., • ૧૦૭, કોસમોસ પ્લેટિનમ,
ગોખલે રોડ (સાઉથ), દાદર (પ.), મુંબઈ-૪૦૦૦૨૮ (મો) ૦૯૭૬૯૩૨૯૯૩૨

Scanned by CamScanner

પ્રથમ આવૃત્તિ પ્રકાશન : વિ.સં. ૨૦૭૨ આસો વદ બારસ (તા. ૨૭-૧૦-૨૦૧૬)
કુલ નકલ : ૨૫૦૦
બીજી આવૃત્તિ પ્રકાશન : નકલ : ૫૦૦૦
ત્રીજી આવૃત્તિ પ્રકાશન : વિ.સં. ૨૦૭૩ પોષ વદ એકમ (તા. ૧૩-૧-૨૦૧૭)
શેરીશા તિર્થ ઉપધાન તપ માળારોપણ પ્રસંગે નકલ : ૫૦૦૦
કુલ નકલ : ૧૨૫૦૦

મૂલ્ય : રૂા. ૩૦/-

અનુક્રમણિકા

ત્રીજી આવૃત્તિ પ્રકાશન વેળાએ

પ્રથમ આવૃત્તિની બધી નકલો માત્ર ૭ દિવસમાં પૂરી થઈ જતાં આ બીજી આવૃત્તિ પણ ઓછા સમયમાં પૂરી થતાં ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરી રહ્યા છીએ. વાંચકોએ આપેલા અદ્‌ભૂત પ્રતિસાદ બદલ સૌને ધન્યવાદ ! તમે પણ આ પુસ્તક વાંચો, વિચારો, જીવનમાં અપનાવો.. ને સ્નેહી-સ્વજન-મિત્ર-પડોશી-ઓફિસસ્ટાફ-clients વગેરેને gift રૂપે આપી વાંચવા પ્રેરણા કરો.

લિ. પ્રકાશક

મુદ્રક : પ્રિન્ટ વિઝન પ્રાઈવેટ લિમિટેડ ● આંબાવાડી બજાર, અમદાવાદ-૬
ફોન : ૨૬૪૦૫૨૦૦ ● website : www.printvision.in

કારેલાની આમ્રદીક્ષા...

કારેલું = સ્વાદે કડવું પણ સ્વભાવે મીઠું...

બ્લડ-પ્રેશર અને સુગરને નિયંત્રિત કરે. લોહીને શુદ્ધ કરે. હોજરીને પ્રદીપ્ત કરે. રોગ-પ્રતિકારક શક્તિ વધારે. પેન્ક્રિયાસના કેન્સરમાં કારેલાં અક્સીર છે. સોરાયસિસ મટાડે છે. પેટના રોગોમાં કારેલું ખૂબ ગુણકારી છે. આવા થોકબંધ ઔષધીય ગુણોથી ભરેલું હોવા છતાં કારેલું ઘણાં બધાને પ્રિય નથી હોતું. માત્ર સ્વાદના આધારે મૂલ્યાંકન કરવાની રીત છીછરી ગણાય.

જીવનમાં પણ એવી ઘણી બધી ઘટનાઓ બનતી હોય છે. જેને આપણે કારેલાં બ્રાન્ડ ઘટનાઓ ગણી શકીએ. કારેલાં જેવી જ કડવી, અણગમતી પણ આવી ઘટનાઓનું જીવન-તંદુરસ્તીના પરિપ્રેક્ષ્યમાં ઔષધીય મૂલ્યાંકન કરતાં આવડે તો તે દુઃખદ ઘટનાઓ પણ આશીર્વાદરૂપ બની જાય.

"કારેલાં"ને બ્રાન્ડ-એમ્બેસેડર બનાવીને કોયા ભગતે રચેલું એક સુંદર ભજન અહિં પ્રસ્તુત છે.

કડવા કારેલાંના ગુણ ન હોય કડવાં,
કડવા રે વચન ન હોય કડવા હો જી રે...
છીણી છેદે ધાતુ કરવા કાતુડી,
કાતર કાપે ફરી સાંધવા હો જી રે...
સોની તાવે શુદ્ધ સુવર્ણ કરવા
કુંભાર ગુંદે માટી બાંધવા હો જી રે...
તપતો સુરજ ખારા જલ મીઠા કરવા,
ચઢતો રે વંટોળ મેઘ ભરવા હો જી રે...
ધરતી ધ્રૂણે રે હલકી કાયા ને કરવા,
ધરમી રે તપે પાપ હરવા હો જી રે...
દુનિયાનાં રોગ સોગ દુઃખ મારે મન વસ્યાં,
માનવીના મેલ ઝાઝા નિરખ્યાં હો જી રે...
કોયો ભગત કાઢે કડવા વચન ભાઈ !
કડવું સુણીને લોક હરખ્યા હો જી રે...

Scanned by CamScanner

ભજનની દરેક કડીમાંથી એક જ સંદેશ વહી રહ્યો છે : જીવનમાં બનતી દરેક માઠી ઘટના પણ મીઠી છે. તેની મીઠાશને ઓળખતા, આસ્વાદતા અને અનુભવતા આવડવું જરૂરી છે. સકારાત્મક અર્થઘટનની કળા જો હસ્તગત થઈ જાય તો ધોમધખતા તડકામાં પણ મુશળધાર વરસાદની ભાવભીની આમંત્રણ-પત્રિકા વંચાય; રાત્રિના ઘોર અંધારમાં પણ સૂર્યનારાયણના આગમનના ભણકારા સંભળાય અને ઊંડી ખીણમાં પણ પર્વતના ઉત્તુંગ શિખરનું પ્રતિબિંબ દેખાય.

કડવા કારેલાંની જેમ પ્રત્યેક દુઃખદ ઘટના પણ એક અક્સીર જીવન-ઔષધિ છે. તેમાં રહેલા ઔષધીય ગુણોનો થોડોક પરિચય કરીએ : -

★ દુઃખ છે તો સુખની કિંમત છે. અંધારાનું અસ્તિત્વ છે. તો જ અજવાળાનું મહત્ત્વ સમજાય છે. એક અજવાસવાળા વિશાલ હોલના એક ખૂણામાં બપોરના સમયે એક મીણબત્તી ટમટમી રહી છે. કદાચ કોઈને પણ તેનો ખ્યાલ સુદ્ધાં આવતો નથી. તે જ મીણબત્તી રાતના ૧૦ વાગે અંધારીયા હોલમાં સહુનું ધ્યાન ખેંચે છે. Credit goes to Darkness.

★ સુખ એ ગુંદરપાક છે. ગુંદરપાકના પાચન માટે હોજરી તાકાતવાન હોવી જરૂરી છે. દુઃખ મનને પાચનક્ષમ બનાવે છે. દુઃખનું અસ્તિત્વ છે માટે માણસની ખોપડી સુખની ક્ષણોમાં થોડી નિયંત્રણમાં રહે છે. કૈંક કરોડપતિને નજર સામે ભિખારી થતા જોયા હોય તેને પોતાની શ્રીમંતાઈનો ઉન્માદ થોડો ઓછો ચડે.

★ દુઃખ એ પાપની ક્ષમતાને તોડે છે. શ્રીમંતાઈની, તંદુરસ્તીની કે અનુકૂળતાની પરિસ્થિતિમાં માણસ જેટલાં પાપ કરવા પ્રેરાય તેટલો ગરીબીની, રોગની કે પ્રતિકૂળતાની પરિસ્થિતિમાં ન જ પ્રેરાય.

★ દુઃખીના દુઃખને સમજવાની સૂઝ સ્વાભાવિક રીતે દુઃખની અવસ્થામાં ખીલે. સુભાષિત યાદ આવે છે : -

"દુઃખીના દુઃખની વાતો, સુખી ના સમજી શકે;
સુખી જો સમજે પૂરું, તો દુઃખ ના વિશ્વમાં ટકે..."

દુઃખીને સારી રીતે અને સાચી રીતે સમદુઃખીયો સમજી શકે.

★ જગતમાં માણસાઈનું અસ્તિત્વ દુઃખને આભારી છે. જગત ઉપર જો દુઃખનું અસ્તિત્વ જ ન હોત તો માણસ હેવાન બની જાત. દુઃખ તો ઈન્સાનિયતના છોડની માવજત કરનાર માળી છે.

★ માનવમનની એ વિશેષતા રહી છે કે, દુઃખ આવે ત્યારે તેને ભગવાન અને ધર્મ વિશેષ યાદ આવે છે.

મા કુંતી કૃષ્ણને પ્રાર્થના કરે છે : -

"વિપત્તિઓ કાયમ અમને વળગેલી રહો કારણ કે,
વિપત્તિમાં કાયમ તમે અમારી પડખે રહો છો...."

★ દુઃખ આત્માને અને ચિત્તને ચોક્ખા કરે છે. અગ્નિથી સુવર્ણની શુદ્ધિ થાય છે. દુઃખ એ અગ્નિ છે. આ અગ્નિમાં કર્મો બળવાથી આત્મા નિર્મળ બને છે અને અહંકાર, આસક્તિ વગેરે દોષો બળવાથી ચિત્ત ચોક્ખું બને છે.

આ માર્કેટિંગનો જમાનો છે. સ્માર્ટ માર્કેટિંગ દ્વારા ટાલિયા માણસને પણ દાંતિયો ખરીદવા અને બોખા માણસને પણ સોપારી ખરીદવા મજબૂર કરી શકાય છે.

આખી દુનિયા દુઃખની દ્વેષી છે. દુઃખ કોઈને ગમતું નથી. તેવી આ દુનિયામાં જાણે દુઃખનું સ્માર્ટ માર્કેટિંગ થઈ રહ્યું હોય તેવું આ "કારેલું" પુસ્તક વાંચતા અચૂક લાગે.

દુઃખ આવે ત્યારે...

- માણસ લાચાર અને હીન બને છે.
- મનથી અસ્વસ્થ અને અપ્રસન્ન બને છે.
- અસમાધિને વશ બની ક્યારેક તો આત્મહત્યાના વિચારો ભણી ખેંચાઈ જાય છે.
- મનથી સંક્લિષ્ટ બની ચીકણા કર્મ બાંધે છે અને ભવિષ્યના નવા દુઃખોને નોંતરે છે.

દુઃખ કદાચ ફરજિયાત હોઈ શકે પરંતુ દુઃખી થવું ફરજિયાત નથી. ઘણી વાર તો માણસ વગર દુઃખે પણ દુઃખી થતો હોય છે. દુઃખ આવે ત્યારે પણ દુઃખી ન થવાની કળા અહીં લેખકશ્રી શીખવાડે છે. દુઃખને જોવાનો દૃષ્ટિકોણ બદલાઈ જાય તો પ્રત્યેક દુઃખ અમૃતના કટોરા જેવું લાગે. દુઃખને જોવાના આવા અનેક સકારાત્મક દૃષ્ટિકોણ આ પુસ્તકમાં લેખકશ્રીએ પીરસ્યા છે.

દાખલા, દલીલો અને દૃષ્ટાંતોનો લેખકશ્રીએ પ્રચુરપણે ઉપયોગ કર્યો છે. તેથી આ પુસ્તક જેટલું બોધપ્રદ છે તેટલું જ રસપ્રદ છે. વાચકનો જીવનની કડવી ઘટનાઓ પ્રત્યેનો અભિગમ બદલાઈને જ રહે તેવી સચોટ અને ધારદાર રજૂઆત છે. પુસ્તકની કેટલીક વાનગીઓ ચખાડવાની લાલચ રોકી શકતો નથી.

Scanned by CamScanner

★ આપણે યાદ રાખીએ...

કડવા પ્રસંગોની યાદ એ મૂળ છે....

ફરિયાદ એ અંકુરો છે....

એના કારણે થતો વિવાદ એ થડ છે....

પછી વકરતો વિખવાદ એ શાખા છે... અને

પરિણામે સતત અનુભવાતો વિષાદ એ ફળ છે.

★ એક પોલીસ ઈન્સ્પેક્ટરની ડાયરી હોય છે ને એક પ્રેમીની...પોલીસ ઈન્સ્પેક્ટરની ડાયરીમાં હોય શું ? ફલાણાએ અહિં ચોરી કરી છે... ઢીંકણાએ ત્યાં કોઈની હત્યા કરી છે... છગનલાલે ધિંગાણું મચાવ્યું છે... ને મગનલાલે મારામારી કરી છે... બસ, માત્ર Criminals, ગુનાઓની નોંધ... પ્રેમીની ડાયરીમાં પોતાના પ્રિયજનની પોતાને ગમી ગયેલી વાતોની નોંધોથી પાનાં ભરાયેલાં હોય...

★ એકલી મિઠાઈ નહીં, તીખા ફરસાણ પણ ભોજનનું અવિભાજ્ય અંગ છે. માત્ર હીરો નહીં, વિલન પણ ફિલ્મનો એક આવશ્યક હિસ્સો છે... સબળ વિરોધ પક્ષ સફળ લોકશાહીની એક અનિવાર્ય જરૂરિયાત છે... એમ કડવા પ્રસંગો જીવન સાથે તાણાવાણાની જેમ વણાયેલા છે...

★ એક વાતની આપણે કાળજી રાખવી જોઈએ કે જીવનમાં આવતા દુઃખો એ પૂર્વે કરેલા પાપરૂપી અપરાધોની સજા છે. એ દુઃખોથી ભાગી છૂટવા આત્મહત્યા કરવી એ કેદીનું સજામાંથી બચી જવા માટે જેલની વંડી ઠેકીને ભાગી જવા જેવું છે. પણ જેલમાંથી ભાગી જવાથી કાંઈ સજા પૂરી થઈ જતી નથી.... પોલીસ કેદીને પકડી લાવશે ને સજા ઉપરથી વધી જશે, કારણ કે અધૂરી સજાએ જેલમાંથી નાસી છૂટવું એ પણ એક ગુનો છે. એમ દુઃખથી છૂટવા આત્મહત્યા કરી લેવી એ પણ જેલમાંથી નાસી છૂટવા જેવું હોવાથી એક પ્રકારનો અપરાધ જ છે. ને તેથી પરિણામે દુઃખરૂપ સજામાં વધારો જ થાય છે, ઘટાડો કે છૂટકારો નહીં.

★ પ્રયોજનવશાત્ મા બહાર નીકળી છે. ક્યાંક જવાનું છે. સાથે બે દીકરા છે. એક પંદર વર્ષનો, બીજો પાંચ વર્ષનો... એક થેલી ઊંચકવાની છે જેમાં બે ત્રણ કીલો જેટલું વજન છે. મા કોને ઊંચકવા આપશે ? મોટાને કે નાનાને ? 'મોટાને...' 'કેમ ? એ અળખામણો છે ?'... 'ના, એની વજન ઊંચકીને ચાલવાની ક્ષમતા છે, નાનાની નથી, માટે...'

આપણે પણ આ જ સમજવાનું છે.... પ્રકૃતિ 'મા' છે. એણે પડોશીને નહીં, ને આપણને જ દુઃખ આપ્યું, એ એટલા માટે નહીં કે આપણે એને અળખામણાં છીએ, પણ એટલા માટે કે આપણામાં જ એણે ક્ષમતા નિહાળી છે.

★ મજૂરે ક્રેન પર ૧ ટન વજન લગાવ્યું. વળી કાલાન્તરે બે ટન વજન રાખ્યું... વળી પછી ક્યારેક દોઢ ટન વજન ટીંગાડ્યું... ત્યાર પછી પાછો બે ટન વજન મૂકવાનો પ્રસંગ આવ્યો... એ તો નિશ્ચિત હતો... કારણ કે ક્રેનની કેપેસીટી પાંચ ટનની છે એ એને ખબર છે... પણ ક્રેન ઓપરેટર એ વખતે, ઉતરી ગયેલા આ જુના ૧+૨+૧.૫ = ૪.૫ ટનના વજન પણ પાછા લટકાવી દે તો પરિણામ એ જ આવે ને કે ક્રેન તૂટી જાય.

આ પુસ્તકના લેખક પૂ. આ. દે. શ્રી વિજય **અભયશેખરસૂરીશ્વરજી મ.સા.** ધર્મશાસ્ત્રો અને દર્શનશાસ્ત્રોના મહાન વિદ્વાન્ છે. તેઓશ્રી હૃદયસ્પર્શી અને જીવનસ્પર્શી પ્રવચનકાર છે. માનવમનની ખાસિયતો, ખૂબીઓ અને ખામીઓના અચ્છા અભ્યાસી છે. મનને સ્વસ્થ અને સ્વચ્છ રાખવાની કળાઓના એક ટોચના કલાવિદ્ છે.

અનેક ધર્મશાસ્ત્રો અને દર્શનશાસ્ત્રો ઉપર તો તેઓશ્રીએ કલમ ચલાવી છે. માંદા માનવમનની સારવાર કરે તેવા અનેક પુસ્તકો તેઓશ્રીએ લખ્યા છે. **'હંસા ! તું ઝીલ મૈત્રી સરોવરમાં'** અને **'જેલર'** તેના જ્વલંત ઉદાહરણો છે. તે જ શ્રેણિમાં **'કારેલું'** સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે.

થાળીમાં પીરસાતું કારેલું જેને કડવું લાગતું હોય તેને પણ આ 'કારેલું' ખૂબ મીઠું લાગશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. તેથી ય આગળ વધીને કહીશ - આ 'કારેલું'ના પ્રભાવથી જીવનમાં બનતી કારેલા જેવી અનેક કડવી ઘટનાઓ કેરી જેવી મીઠી લાગવા માંડશે.

કારેલાને આમ્રદીક્ષા આપનાર પૂજ્ય આચાર્યશ્રીને લાખ લાખ અભિનંદન.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં.

સાબરમતી. - **મુક્તિવલ્લભસૂરિ**

ભા.સુ. પૂનમ.

Scanned by CamScanner

બે શબ્દ...

A man is not well dressed unless he wears a smile on his face...

ભલે ને....

બ્યુટી પાર્લરમાં ખર્ચ્યા હોય પાંચ હજાર...

સાડી પહેરી હોય પચ્ચીસ હજારની...ને

નેકલેસ પહેર્યો હોય પચ્ચીસ લાખનો...

કો'કના એકાદ કડવા વેણથી મુખ પરનું હાસ્ય જો વિલાઈ જતું હોય તો આ બધું વ્યર્થ... ને એ વખતે એ કડવાશમાં જો હંમેશની ટેવ મુજબ ભૂતકાલીન કડવાશો પણ ઉમેરી દીધી... તો ગમે એટલો મંગલ પ્રસંગ પણ કડવો વખ બન્યા વગર રહે નહીં.

આવાં નુકશાનથી બચવું છે ? તો સમજી લ્યો કે આ પુસ્તિકા તમારા માટે જ છે. માટે એને વાંચી-વારંવાર વાંચી, મગજમાં ફીટ કરી કોઈ પણ પ્રસંગમાં મધુરતા જોવાનું શીખી જવા ખાસ પ્રેરણા છે. આ મધુરતા પાપોદયે દુઃખ આવવા છતાં જીવને દુર્ધ્યાન-સંક્લેશ-દ્વેષથી બચાવશે, સમાધિ-સમતા રાખતાં શીખવાડશે. જે સમતા ઉત્તરોત્તર વધતાં વધતાં સર્વથા દુઃખોથી રહિત શાશ્વત સુખ સુધી જીવને પહોંચાડશે.

આ પુસ્તકમાં જે કાંઈ મધુર છે એ બધાનો યશ,

પરમ બ્રહ્મમૂર્તિ સ્વ. પૂ. આ. શ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી મ.સા.,**

વર્ધમાનતપોનિધિ સ્વ.પૂ.આ.શ્રી વિ. **ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.,**

સિદ્ધાન્તદિવાકર પૂ.ગચ્છાધિપતિ શ્રી વિ.**જયઘોષસૂરીશ્વરજી મ.સા.,**

અધ્યાત્મરસિક સ્વ. પૂ. આ. શ્રી વિ. **ધર્મજિતસૂરીશ્વરજી મ.સા.,** તથા

શ્રીસૂરિમંત્ર આરાધક સ્વ. પૂ. આ. **શ્રી જયશેખર સૂ.મ.સા.** ... આ ગુરુપરંપરાને ફાળે જાય છે. તથા આ પુસ્તિકાને સુંદર પ્રસ્તાવનાથી અલંકૃત કરનાર કુશળ ચિંતક આ.શ્રી **વિ.મુક્તિવલ્લભસૂરિજી** ને ધન્યવાદ. દરેક કાર્યમાં ભક્તિપૂર્ણ સહકાર આપનાર આશ્રિતવર્ગને આ અવસરે યાદ કરું છું.

ભા. સુ. ૧૪, ૨૦૭૨ **આ. વિ. અભયશેખરસૂરિ**

પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ સ્મૃતિમંદિર

પંકજ સોસા., અમદાવાદ

કારેલું....

એક સન્નારીના *વર્ષીતપની પૂર્ણાહૂતિના કાર્યક્રમમાં સાધુ મહાત્માનું પ્રવચન હતું. 'આ તપ એ ખરેખર જીવનનો એક લહાવો છે. બધાએ એ લેવાનો સંકલ્પ કરવો જોઈએ... ને જ્યાં સુધી એ તપ ન થાય ત્યાં સુધી કંઈક ને કંઈક નિયમ કરવો જોઈએ.' એવી મહાત્માએ પ્રેરણા કરી.

આખી સભામાંથી બીજું તો કોઈ ઊભું ન થયું... પણ સૌથી આગળ બેસેલો એક સાત-આઠ વર્ષનો છોકરો ઊભો થઈ ગયો... મહાત્મા સહિત આખી સભા સ્તબ્ધ...

મહાત્માએ પૂછ્યું : બોલ ! તારે કયો નિયમ જોઈએ ?

'મહારાજ સાહેબ ! કારેલાના શાકનો આજીવન નિયમ આપી દ્યો... બસ, હું ક્યારેય કારેલાનું શાક નહીં ખાઉં...'

સભામાં હાસ્યનું મોજું...

'કારેલાની કડવાશથી મને ત્રાસ થાય છે... માટે મારા ભોજનમાંથી કારેલાનો બહિષ્કાર...' બાળક તો આટલું સમજે છે, પણ વડીલો આ સમજે છે ?

મહાત્માએ બાકીની સભાને પણ પૂછ્યું - બોલો ! તમને બધાને પણ કારેલાંનો નિયમ આપી દઉં ?

'મહાત્મન્ ! અમને તો કારેલાંનું શાક ભાવે છે, પછી અમે શા માટે નિયમ લઈએ ?' કેટલાક સભાજનોએ કહ્યું...

'જુઓ ! ભોજનના બે પ્રકાર છે... શરીર જેને આરોગે છે તે શારીરિક ભોજન... ને મન જેને આરોગે છે તે માનસિક ભોજન... હું તમને આ બીજા માનસિક ભોજનની વાત કરું છું...' મહાત્માએ આટલો ફોડ પાડીને આગળ કહ્યું કે : મનમાં જે કડવાશ ફેલાવે એ મન માટે કારેલાં છે. માનસિક ભોજનમાંથી એનો કાયમ માટે બહિષ્કાર કરવાનો નિયમ આપી દઉં ?

પ્રશ્ન : આ બહિષ્કાર શી રીતે થાય ? કોને કહેવાય ?

ઉત્તર : સંત અને એમના શિષ્યને કોઈક ભક્તે ખૂબ જ આગ્રહ કરીને સ્વગૃહે ભોજન માટે નિમંત્ર્યા. બંને પધાર્યા. ભક્ત ખૂબ ઉલ્લસિત ભક્તિવાળો હતો.... ત્રણ મિઠાઈ ને ચાર ફરસાણ... ઢગલો વાનગીઓ તૈયાર કરાવેલી... પણ આ તો સંત હતા ! દાળ ઔર રોટી... (બાકી) સબ બાત ખોટી...માં માનનારા... માત્ર દાળ

★જેમાં એક વર્ષથી પણ અધિક કાળ માટે એકાંતરે ઉપવાસ કરવાના હોય એવો તપ.

Scanned by CamScanner

અને રોટલીથી ભોજન પતાવ્યું.. ભક્તને સંતોષ થાય એ માટે ઉપદેશના બે શબ્દો કહી પાછા ફર્યા... રસ્તામાં, સંતનો કોઈ નિષ્કારણ વૈરી મળી ગયો. સંતને ઊભા રાખી બેફામ ગાળાગાળી કરી.. સંત તો સંપૂર્ણ મૌન... પેલો છેવટે થાકીને હારીને ચાલ્યો ગયો.

શિષ્ય સંતને પૂછે છે : ગુરુજી ! કેવી બેફામ ગાળો ભાંડતો હતો... આપને કાંઈ થયું નહીં ? આપે તો કશો જવાબ જ ન આપ્યો...

સંત : 'જો પેલા ભક્તે આપણને કેટલી ચીજો ધરેલી ?' 'ઢગલાબંધ' 'આપણે કેટલી લીધી ?' 'માત્ર બે....' 'બાકીની કેમ ન લીધી ?' 'આપણને નિયમ છે, માટે !' 'જે ન લીધી એ બધી ચીજોનું શું થયું ?' 'એ ભક્ત પાસે પડી રહી.'

'પેલા નિષ્કારણવૈરી અંગે પણ આ જ જવાબ સમજી લે... જે શબ્દો મનમાં કડવાશ ઊભી કરે એવા શબ્દોને સમજી લે ને કે મારે નિયમ છે... હું એનો સ્વીકાર કરતો જ નથી... ને મેં એનો સ્વીકાર ન કર્યો તો એ ક્યાં રહ્યા ?'

ગાંધીજી એક સભામાં વક્તવ્ય આપી રહ્યા હતા.. દરમ્યાન કોઈનો અર્જન્ટ પત્ર આવ્યો. માત્ર જૂઠા આરાપો ને અપમાનજનક શબ્દોથી ભરેલો હતો. ગાંધીજીએ વાંચીને એમાં રહેલી ટાંચણી કાઢી લીધી ને પત્ર કચરાટોપલીમાં પધરાવ્યો... જોનારાએ પૂછવા પર કહ્યું કે - જેટલું ઉપયોગી હતું એટલું રાખી લીધું...

આને કહેવાય માનસિક ભોજનમાંથી કારેલાનો બહિષ્કાર...

કોઈક કટાક્ષ ભરેલાં કડવા વેણ સંભળાવી રહ્યું છે...

કોઈક આપણી જુગજુની થઈ ગયેલી ભૂલને ચારની વચમાં વારેવારે સંભળાવ્યા કરે છે..

કોઈક આપણી વાતને વિકૃતરૂપે રજુ કરીને આપણી પટ્ટી ઉતાર્યા કરે છે...

કોઈક બધા આગળ આપણી નિંદા કરી રહ્યું છે...

કોઈક સમાજમાં ને બજારમાં આપણી વિરુદ્ધમાં કંઈક કારવાહી કરી રહ્યું છે...

કોઈક આપણને હેરાન કરવા માટે સતત પ્રયત્નશીલ છે...

આપણા માનસિક ભોજનની પ્લેટમાં આ બધું કહેવાય ... કારેલા... સુદર્શન... કરીયાતું... કે લીમડો... બધાનું કામ એક જ... મનને કડવાશથી ભરી દેવું... જો એ માન્ય નથી તો એનો બહિષ્કાર કરવો જ રહ્યો...

ન જુઓ બીજાની ભૂલ, હૈયું સદા હળવું ફૂલ.

પ્રશ્ન : પણ આપણા કાનમાં શબ્દો આવે પછી એનો બહિષ્કાર કેવી રીતે થાય ?

ઉત્તર : ઉપદેશના - સત્પ્રેરણાના મધુર શબ્દો પ્રતિદિન સત્સંગ વગેરે માધ્યમ દ્વારા કાનમાં આવે છે... આપણે એનો સ્વીકાર કરીએ છીએ કે બહિષ્કાર ? કેવી કરુણતા છે ! માણવો છે મધુર આસ્વાદ... પણ આરોગીએ છીએ કારેલાં...ચાવ્યા કરીએ છીએ લીમડો... મમળાવ્યા કરીએ છીએ ક્વિનાઈન...

સદા ખુશબહાર રહેતા એક સજ્જનને એના મિત્રે પૂછ્યું : 'તું આટલો ખુશ કેવી રીતે રહી શકે છે ?' સજ્જન : 'હું હંમેશા પીપરમેંટ ખાયા કરું છું.'

મિત્ર : મેં તો ક્યારેય તારા મુખમાં પીપરમેંટ જોઈ નથી...

સજ્જને ખુલાસો કર્યો : આપણે પીપરમેંટ હોય તો ચગળ્યા કરીએ ને કડવી દવા હોય તો ઉતારી દઈએ છીએ. એમ મનગમતી ઘટનાને હું મનમાં ચગળાવ્યા કરું છું ને તેથી ખુશ રહું છું - અણગમતી ઘટનાઓને ઉતારી દઉં છું... એટલે કે ભૂલી જાઉં છું.. એટલે નાખુશ રહેવાનો પ્રસંગ મારે આવતો નથી. આમેય દુઃખની માર્કેટ વેલ્યુ શું છે કે એને મનમાં સંઘરી રાખવું ?

કડવા પ્રસંગોની કડવાશને જો આપણે હૃદયમાં સ્થાન આપ્યા કરીએ તો પ્રસન્નતા ત્યાંથી રવાના થઈ જ જાય, કારણ કે એ બંનેને અંદરોઅંદર જરાય બનતું નથી.

એટલે જેને કડવાશ માન્ય નથી એણે ખાંડનો ડબ્બો જ સાથે રાખવો જોઈએ. જે વાનગી આવે એના પર ભરપુર ખાંડ ભભરાવી જ દેવાની... પછી કડવી કાકડી હોય કે કારેલું... એને કડવાશ ક્યાં અડવાની ? ખાંડના બદલે જે સુદર્શન ચૂર્ણનો ડબ્બો જ લઈને ફરે ને જે આરોગવાની વસ્તુ આવે એના પર સુદર્શન જ છાંટતો જાય એને પેંડો કે બરફી આવ્યા હોય તો પણ મધુરતા આસ્વાદવા મળવાની નથી જ. પણ પછી, એ 'બધી વાનગીઓ કડવી....' 'બધી વાનગીઓ કડવી !' એવી ફરિયાદ કરતો ફરે એ કેટલું યોગ્ય કહેવાય ?

એમ, કડવા પ્રસંગોની કડવાશને જ મગજમાં ભરી રાખનારાના... ને જે નવા પ્રસંગો બને એમાં આ કડવાશ ભેળવી દેનારાના... નસીબમાં મધુરતા ન જ હોય. ને નકરી કડવાશ જ હોય એ શું સમજાવવું પડે એમ છે ?

વિશ્વનું એક કડવું સત્ય : દવા કડવી હોય, એના પર કોટિંગ સુગરનું હોય એવી સેંકડો દવાઓ મળે છે. પણ દવા મધુર હોય, ને એના પર કોટિંગ કડવાશનું હોય, એવી એક પણ દવા મળતી નથી. ને છતાં માનવ મન ! કટુ પ્રસંગ પર મધુરતાનું કોટિંગ કરવાના બદલે મધુર પ્રસંગ પર કડવાશનું કોટિંગ કર્યા જ કરે છે.

Scanned by CamScanner

આપણી પાસે કયો ડબ્બો છે ? સાકરનો કે સુદર્શનનો ? ને આ છાંટવામાં ફરક શું પડે છે ? ખબર છે ? આપણે અગ્નિશર્માને વિચારીએ...

ગુણસેન રાજકુમાર છે. અગ્નિશર્મા પુરોહિતનો પુત્ર છે... પણ ત્રિકોણ માથું, કોડા જેવી આંખો, ચીબું નાક, બહાર નીકળેલાં દાંત, માટલા જેવું પેટ ને લાકડી જેવા હાથ-પગ... બીજાં પણ બધા જ અંગો કઢંગા... એને જોઈને કોઈને પણ હસવું જ આવે.. ગુણસેન ને એની મિત્રમંડળીને તો જાણે કે એક રમકડું મળી ગયું... ખૂબ મશ્કરીઓ - ઉપહાસ.... ને આગળ વધતાં એમાં ક્રૂરતા પણ ભળી... અગ્નિશર્માને ખુલ્લા મેદાનમાં ઊઠાવી જવાનો... ડાઘિયો કૂતરો એના પર છોડવાનો... એ લોહીલૂહાણ થાય... ને આ ચંડાળ ચોકડી તાલીઓ વગાડે... નાચે...અટ્ટહાસ્ય કરે... ક્રૂરતાભર્યા આવા ઉપહાસોએ જ્યારે માઝા મૂકી... ત્યારે ત્રાસીને અગ્નિશર્માએ માત-પિતા, ઘરબાર...ને નગર બધું જ છોડી દીધું... દૂર-સુદૂર એક આશ્રમમાં પહોંચ્યો. કુલપતિએ આશ્વસ્ત કર્યો. કર્મવિજ્ઞાન સમજાવ્યું.. 'મારાં જ પાપોનો ઉદય છે, ગુણસેન માત્ર હાથો છે એ વાત મગજમાં ફીટ કરી....' અને અગ્નિશર્માએ તાપસદીક્ષા લીધી. સાથે ભીષ્મ પ્રતિજ્ઞા કરી કે માસક્ષમણ (= ૧ મહિનાના ઉપવાસ)ના પારણે માસક્ષમણ આજીવન કરીશ. પારણામાં પણ માત્ર એક જ ઘરે જવાનું. પારણું થયું તો ઠીક, નહીંતર બીજું માસક્ષમણ ચાલું.

કાળાન્તરે ગુણસેન રાજા બન્યો છે. યોગાનુયોગ બંનેનું મિલન થયું. પરિચય થયો. અગ્નિશર્માની સમતાથી અને તપશ્ચર્યાથી ગુણસેન પ્રભાવિત થયો. પારણાના લાભ માટે ખૂબ જ આગ્રહ કર્યો. અગ્નિશર્માએ સ્વીકાર કર્યો. પણ ગુણસેનને પારણાના દિવસે જ ભયંકર શિરદર્દ ઉપડ્યું. આ શિરોવેદનાના કારણે પારણું ચૂકવ્યું. બીજું માસક્ષમણ વગર પારણે સળંગ ચાલુ થઈ ગયું. અગ્નિશર્મા માટે કડવો પ્રસંગ છે. પણ એણે સાકર ભભરાવી. 'એ તો ગુરુજનનો પૂજક છે... એને આરોગ્ય પ્રાપ્ત થાઓ...' 'એણે મારા પરલોક વિરુદ્ધ કશું જ કર્યું નથી...' ક્રોધાદિની એક પૈસાભાર કડવાશ પણ એના દિલમાં ડોકાઈ નહીં.

માથું ઉતરવા પર ગુણસેનને પારણું યાદ આવ્યું... અફસોસ થયો... આશ્રમમાં આવી પશ્ચાત્તાપ કરે છે... બીજાં પારણાનો લાભ નક્કી કર્યો... પણ પારણાના દિવસે અચાનક આવી પડેલી યુદ્ધની નોબતે બીજું પારણુ પણ ચૂકવ્યું... પાછો કડવો પ્રસંગ... પણ ગુણસેનના ભારે પશ્ચાત્તાપને જોઈને અગ્નિશર્માએ ફરીથી સાકર જ ભભરાવી કે - અહો ! આ મહારાજાની મહાનુભાવતા. અહો ! એનો ગુરુજનની સેવાનો અનુરાગ. મારું પારણું ન થવા પર કેટલો ખેદ અનુભવે છે... ' ને આવી મધુરતા જ વાગોળતો હોવાથી રોષ-રીસ-દ્વેષની કોઈ જ કડવાશ એના અંતઃકરણમાં ફરકી શકી નહીં. ઉપરથી ગુણસેનના આશ્વાસન માટે ત્રીજું પારણું પણ ગુણસેનને ત્યાં જ કરવાનું સ્વયં નક્કી

કર્યું. મધુરતાનો છંટકાવ કેવી ક્ષમા-સમતા-શાંતિ તથા પ્રસન્નતાને પ્રસરાવે છે !

પણ, અહા ! કર્મોની ક્રૂરતા ! પારણાના દિવસે જ ગુણસેનને ત્યાં પુત્રજન્મ થયો. એની ખુશાલીમાં મગ્ન ગુણસેને ત્રીજું પારણું પણ ચૂકવ્યું. પાછો કડવો પ્રસંગ...પણ આ વખતે અગ્નિશર્મા ભૂલ્યો. સમજણનો સૂર્ય ડૂબ્યો..... ને મૂર્ખતાની રાત શરુ થઈ. કારેલામાં ગોળ નાખવાના બદલે કરિયાતું, ક્વિનાઈન ને લીમડો લસોટવાનો શરૂ કર્યો... 'ખરેખર ! આ રાજા બાલ્યકાળથી મારો નિષ્કારણ વૈરી છે. અત્યંત માયાવી ને ગૂઢ હૃદયવાળો છે.. પારણાની વિનંતી વખતે ખૂબ જ ભક્તિભાવ દેખાડે છે ને પછી એનાથી વિપરીત આચરણ કરે છે...' 'કેવો મારા પર એનો શત્રુભાવ ! બધા તાપસોની વચમાં મારો ઉપહાસ કરે છે ! મારી પ્રતિજ્ઞા જાણતો હોવા છતાં પારણું ચૂકવીને મને ઉકસાવે છે ! .... કારેલામાં ઉમેરી કડવાશ..... પરિણામ ? સમતા - સમાધિની મધુરતા તો ક્યાં અલોપ થઈ ગઈ ! ક્રોધ અને વૈરભાવની તીવ્ર કટુતાએ અગ્નિશર્માના મનનો કબજો લઈ લીધો... ને પ્રગટ્યો તીવ્ર ક્રોધાનલ... ભભુકી ઊઠી વૈરની પ્રચંડ અગનજ્વાલાઓ...ને બદલો લેવાની ભાવનાએ પોતાની જીવનભરની સાધનાનો સોદો કરી દીધો... મારી આજ સુધીની કઠોર તપશ્ચર્યાના ફળ તરીકે હું ગુણસેનને જનમોજનમ મારનારો બનું !

જુના કડવા પ્રસંગોની કડવાશને ફરી ફરી યાદ કરવા દ્વારા ક્રોધ અગ્નિને એ સીંચતો જ રહ્યો... એટલો સીંચ્યો... એટલો સીંચ્યો કે સહવર્તી પ્રીતિ-ભક્તિસભર તાપસોની તો નહીં, પરમ આદરણીય કુલપતિની સમજાવટને પણ યોગ્ય ન રહ્યો.

કુલપતિને અગ્નિશર્મા પર કરુણાપ્રેરિત ઉપેક્ષા પ્રવર્તી હશે... શેષ તાપસાદિને પણ એના માટે મનમાં ભારે વિષાદ પેદા થયો હશે... અગ્નિશર્માને હવે મોત સુધી ક્રોધ-વૈર પ્રેરિત વિષાદ રહ્યો...

આપણે યાદ રાખીએ...

કડવા પ્રસંગોની યાદ એ મૂળ છે...
ફરિયાદ એ અંકુરો છે...
એના કારણે થતો વિવાદ એ થડ છે...
પછી વકરતો વિખવાદ એ શાખા છે.... અને
પરિણામે સતત અનુભવાતો વિષાદ એ ફળ છે.

Scanned by CamScanner

Sweet Memories

બે પ્રાણપ્રિય મિત્રો રણમાં પ્રવાસ કરી રહ્યા હતા. પરસ્પર ચાલી રહેલી વાતોમાંથી ચર્ચા પર ઉતરી પડ્યા... ચર્ચાએ ઉગ્ર સ્વરૂપ પકડતાં એક મિત્રે મિજાજ ગુમાવ્યો, ને બીજા મિત્રને એક થપ્પડ લગાવી દીધી. એ મિત્રને ખૂબ દુઃખ થયું. એ મૌન થઈ ગયો. પણ નજીકના રેતીના ઢગલા પર એણે લખ્યું કે - મારા જિગરજાન મિત્રે મને થપ્પડ મારી છે ને તેનાથી મારી લાગણીઓ ઘવાઈ છે....

બંનેને દુઃખ લાગેલું એટલે હવે મૌનપણે ચાલવા લાગ્યા. રણ પૂરું થયું ને એક સરોવર આવ્યું.. બંને થાકેલા હતા ને તડકાની ગરમીથી ત્રાસેલા હતા. એટલે સરોવરમાં નહાવા પડ્યા. જેને થપ્પડ ખાધેલી એ મિત્રનો પગ કોઈ એવા કળણમાં ફસાઈ ગયો કે એ ડૂબવા માંડ્યો. પેલા મિત્રે પોતાના જાનની બાજી લગાવી એને ડૂબતો બચાવ્યો. પણ ત્યાં સુધીમાં ઘણું પાણી પી ગયો હોવાના કારણે એ બેભાન થઈ ગયેલો. થોડી વાર પછી એ ભાનમાં આવ્યો. સ્વસ્થ થયા પછી એણે પાસે રહેલી થેલીમાંથી હથોડી અને ટાંકણું કાઢી એક વિરાટ શિલા પર કોતરી કાઢ્યું કે 'આજે મારા જીગરી દોસ્તે મને ડૂબતો બચાવ્યો છે.'

પેલો મિત્ર આશ્ચર્ય સાથે એને પૂછે છે કે 'મેં થપ્પડ મારી એ વાત તેં રેતીમાં લખી... ને મેં તને બચાવ્યો એ વાત શિલા પર લખી... આવું કેમ ?'

જો ભાઈ ! આપણા સ્નેહી - સ્વજન - મિત્ર વગેરે કોઈ પણ વ્યક્તિ તરફથી દિલને ઘા લગાડનાર કડવા પ્રસંગ બને એની નોંધ રેતી પર કરવી જેથી મધુર પ્રસંગની એક નાની શી લહેર પણ એ નોંધને ને કડવાશને દૂર કરી દે. પણ જ્યારે એ સ્નેહી વગેરે આપણા માટે કોઈ સારું કાર્ય કરે ત્યારે આપણે એને આપણી સ્મૃતિશિલા પર શિલાલેખની જેમ કોતરી રાખવા જોઈએ જેથી પાછળથી બનતા આછી લહર જેવા જ નહીં, પણ તોફાની વાયરા જેવા પણ કડવા પ્રસંગો એને ભૂંસી ન શકે... એવું રહસ્ય એણે પોતાના મિત્રને સમજાવ્યું.

રીસાઈ જવું, મુખ વિલાઈ જવું... કજીયા-બોલાચાલી-મારામારી...આવા બધા કડવા પ્રસંગો જીવનમાં બનતા રહેતા જ હોય છે. પણ એની કોઈ ફોટોગ્રાફી કરાવતું નથી કે મુવી ઉતરાવતું નથી. પણ સારા પ્રસંગોની ફોટોગ્રાફી માટે તો લાખ-બે લાખનું સ્પેશ્યલ બજેટ ફાળવાતું હોય છે. ને તૈયાર થયેલા એ ફોટાઓના ભારે વજનદાર

> ખુદાએ છાપરું ફાડીને આપ્યું ત્યારે જે છાપરાંના
> રીપેરિંગ ખર્ચની ચિંતા કરે છે એને સુખી કોણ કરી શકે ?

આલ્બમો તૈયાર થતાં હોય છે. આવા ઘણાં આલ્બમો પર વાંચવા મળતું હોય છે - Sweet Memories.. મધુરી યાદેં... સારા પ્રસંગે પણ ખેંચાઈ ગયેલો નરસો ફોટો... કે જે જોતાં જ મનમાં કડવાશ વ્યાપી જાય.. એવો ફોટો આલ્બમમાં કોઈ લગાવતું નથી. એમાં તો, જે પ્રસંગ બન્યો ત્યારે પણ મધુરતા ફેલાવનારો હતો ને જેનો ફોટો પણ જોવા માત્રથી મનને મધુરાં સંસ્મરણોથી ભરી દેતો હોય... એવા જ ફોટા લગાડાતા હોય છે.

આપણું દિલ અને દિમાગ પણ એક વિરાટ આલ્બમ જ છે ને ! જીવનના સેંકડો-હજારો પ્રસંગોનો સંગ્રહ ધરાવતાં આ આલ્બમ પર પણ સ્વીટ મેમરીઝ લખવું ન જોઈએ? બનતી વખતે પણ જે પ્રસંગે કડવાશ ફેલાવેલી ને જેની યાદ પણ મનને કડવું-ખાટું જ કરી મૂકે છે, એવા પ્રસંગનો તો ફોટો પાડવાનો ન જ હોય... કદાચ પડી ગયો હોય તો પણ આલ્બમમાં તો કેમ સંગ્રહ કરાય ? આજકાલ ડીજીટલ કેમેરામાં તો ફટ દઈને ડીલીટ કરી શકાય છે... પછી એને ડીલીટ જ કરી નાખવાનો ન હોય ? દિમાગરૂપી કેમેરામાં ડીલીટ કરી નાંખવાની વ્યવસ્થા નથી એવું તો નથી જ, અન્યના ઉપકારો વગેરે રૂપ કેટલાય ફોટાઓને જીવે પળવારમાં ડિલીટ કરી જ નાખેલા છે ને !

માનવમનની કેવી કરુણતા ! કડવાશ મુદ્દલે ગમતી ન હોવા છતાં કડવાશ ફેલાવતા પ્રસંગોના ફોટોગ્રાફ્સ એ લે જ છે, લીધા પછી ડીલીટ કરતું નથી... ઉપરથી આલ્બમમાં જડે છે... ને વારંવાર એ ફોટો જોઈને કડવાશથી દુઃખી થયા કરે છે. વધારે કરુણતા એ છે કે પોતાની દૈનિક જવાબદારીઓ પૂરી કર્યા પછી બચતા સમયમાં કડવાશ ફેલાવતા ફોટા જ ઉથલાવ્યા કરે છે.. કડવાશ વેઠ્યા કરે છે... વધારાનો સમય એમાં જ વપરાય જતો હોવાથી મધુરતા ફેલાવનારા સારા પ્રસંગોના ફોટા ઉથલાવીને મધુરતા માણવાનો અવકાશ જ રહેતો નથી... પરિણામ ? જિંદગી માત્ર ને માત્ર કડવાશથી ભરેલી કડવી વખ લાગે છે... મધુરતાનો તો સ્વપ્નમાંય દુકાળ વર્તાય છે. વિચિત્રતા તો એ છે કે કડવાશની આ પળોજણમાં મધુર પ્રસંગોની ક્યાં તો ફોટોગ્રાફી જ થતી નથી.. ને ક્યાંક ફોટો પડી ગયો હોય તો પણ પ્રાયઃ ડિલીટ કરી નાંખવામાં આવે છે... એટલે દિલ-દિમાગરૂપી આલ્બમમાં મધુરી યાદેં તો સમખાવા પૂરતી પણ હોતી નથી... હોય છે માત્ર કડવી યાદેં...

શરીરમાં પ્રવેશેલી કારેલા-કરિયાતાની કડવાશમાંથી પણ શરીર ઉપયોગી સાર ખેંચી લે છે ને શેષનો મળ-મૂત્ર આદિ દ્વારા નિકાલ કરી દે છે... પણ સંગ્રહ તો કરતું જ

> મોકળાશ ઘણા ઘરોમાં હોય છે, પણ હળવાશ ? કડવાશને અટકાવનાર હળવાશ છે, મોકળાશ નહીં.

નથી... કડવા પ્રસંગોમાંથી પણ યોગ્ય બોધપાઠ લઈને બાકીની બધી નકામી કડવાશનો નિકાલ કરી દેવો એ જ મન માટે પણ શું યોગ્ય નથી ?

આપણે ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે -

પ્રભુ ! મને વિસ્મરણશીલતાનું પણ વરદાન આપ. હું બીજાની ભૂલોને... કડવા પ્રસંગોને ભૂલી શકું.

ભૂલ નામ જ એનું જે ભૂલવા યોગ્ય હોય..પછી આપણે એને યાદ કેમ રાખીએ ?

જે પુસ્તકોએ અબજો રૂપિયાની કમાણી કરાવી આપી છે, જે ૫૬ ભાષામાં પ્રકાશિત થયેલ છે, પ્રથમ દિવસે જ જેની ૭૦ લાખ કોપીઓ વેચાઈ ગયેલી એવી વિશ્વ પ્રસિદ્ધ હેરી પોટર સીરિઝની ભાષામાં કહીએ તો માનવી સ્વયં પોતાના માટે ડેમેન્ટોર બની જાય છે. એ હૅરીપોટરમાં એવી વાત આવે છે કે આઝકાબાનની ભયાનક જેલમાં ચોકીદારો કે જે 'ડેમેન્ટોર' નામે ઓળખાય છે... તેઓ ભૂતિયા આકારો જેવા હોય છે. તેઓ પોતાના શિકારનું લોહી ચૂસી લેતા નથી, પણ એના દિમાગમાં જેટલી સુખદ-મધુર સ્મૃતિઓ હોય એ બધી હરી લે છે. એટલે ત્યારબાદ એ માનવી પાસે માત્ર ને માત્ર દુઃખ-વેદના-હતાશાની સ્મૃતિઓ જ બચે છે. આનું કટુ પરિણામ એ આવે છે કે એ માનવી પાગલ કરતાં પણ બદતર અવસ્થામાં સબડ્યા કરે છે. આ ડેમેન્ટોરને હંફાવવાનો એક જ માર્ગ એ હૅરીપોટરમાં દર્શાવ્યો છે, ને તે છે જીવનમાં જે ક્ષણ સૌથી વધુ આનંદપ્રદ બનેલી... સૌથી વધારે મધુર ભાસેલી, એ ક્ષણને વારંવાર યાદ કર્યા કરવી.

એક કવિ એ કહ્યું છે - *આપણા તે જીવતરની નાનીશી અંજલીમાં,*

અમરતને થાનકે હળાહળ ના ઘોળીએ.

દુઃખ એ હળાહળ વિષ છે, એને ફરી ફરી યાદ કરવા રૂપે ઘુંટાય નહીં, પણ સુખરૂપ અમૃતને જ વારંવાર ઘુંટવું જોઈએ.

સામાન્ય અભ્રકમાં કોઈ ઔષધીય ગુણ હોતા નથી... પણ જ્યારે એને ફરી ફરી પુટ આપવામાં આવે છે ને એ સહસ્રપુટી અભ્રક બને છે ત્યારે કેટલાય હઠીલા રોગનું શમન કરનાર ઔષધ બની જાય છે. સુખને-મધુર પ્રસંગને જેમ ઘુંટવામાં આવે છે એમ એમ એ કડવા પ્રસંગોના ઘાનું શમન કરનાર ઔષધ બનતું જાય છે.

કેવી આઘાતજનક બિના છે કે હજારો રૂપિયા ખર્ચી સહસ્રપુટી અભ્રકનું સેવન કરવા તૈયાર થઈ જનારા આપણે સાવ મફતમાં મળતા ને બિલકુલ હાથવગા એવા આ

દરેક મુશ્કેલીમાં તક જુએ તે આશાવાદી,
દરેક તકમાં મુશ્કેલી જુએ તે નિરાશાવાદી...

ઔષધનું સેવન કરવા તૈયાર નથી. ને તેથી દુઃખદ પ્રસંગોના ઘાનું શમન તો થતું નથી, પણ દિમાગમાં એની જ યાદ સિલ્લક રહે છે.

દુઃખનું ઓષડ દહાડા... કાળ એ દુઃખના ઘાનું શમન કરનાર ઔષધ છે. પણ એને એ માટે દિવસો લાગે છે. જ્યારે અતીત સુખના મધુર સંસ્મરણો તો એવું ઔષધ છે કે જેને દુઃખના ઘાને રુઝવવા દિવસો નહીં, માત્ર કલાકો કે મિનીટો જ લાગે છે. પણ અતીત દુઃખના કટુસંસ્મરણો તો અપથ્ય છે. આ અપથ્યનું સેવન કરનારને દિવસો નહીં, મહિનાઓ કે વર્ષો લાગી જાય છે. ને ક્યારેક તો આખી જિંદગી પણ ઓછી પડે છે. મૃત્યુની પળે પણ એ ઘા રુઝાયા વિનાના રહી ગયા હોય છે.

જીવન છે તો દુઃખદ પ્રસંગો તો બનવાના જ છે, કોઈકને ઓછા તો કોઈકને વધારે. એ દુઃખદ પ્રસંગોની વચમાં પણ આપણે તો પ્રસન્ન જ રહેવાનું છે, એ માટે દુઃખદ પ્રસંગોની નોંધ લેવાનું ને સંઘરવાનું છોડવું જ પડશે.

આપણે યાદ રાખવું જોઈએ કે કાંટાઓની વચમાં રહીને પણ ગુલાબ ખીલે છે. કાદવની વચમાં પણ કમલ વિકસે છે. ઝેરી સાપોથી વીંટળાયેલું હોવા છતાં ચંદન સુગંધ આપે છે. એટલું જ નહીં, આ કાંટા, કાદવ કે ઝેરીલા સાપથી એ ગુલાબ, કમળ કે ચંદન બિલકુલ Disturb થતા નથી, કારણ કે એની કોઈ નોંધ લેતા નથી.

સોનાની ચેન પહેરીને આવો... હીરાનો હાર પહેરીને આવો... ડ્રેસ કે હેરસ્ટાઈલ બદલીને આવો... આવી કોઈ પણ સૂચના ફૉટૉગ્રાફર આપતો નથી, કારણ કે એ સસ્તું ય નથી, સહેલું ય નથી ને પૂરતું પણ નથી... માત્ર 'મુખ હસતું રાખો' આટલું જ કહેશે... એ સસ્તું, સહેલું ને પૂરતું... બધું જ છે. આ એક હકીકત છે કે દુનિયામાં મળતું મોંઘામાં મોંઘુ સૌંદર્ય પ્રસાધન પણ ચહેરા પર વિલસતા અકૃત્રિમ હાસ્યની તોલે આવી શકતું નથી. 'કોઈ પણ પરિસ્થિતિમાં હસતું મુખ એ મારો જન્મસિદ્ધ હક છે...' આ જીવનસૂત્ર અપનાવવું શું જરૂરી નથી ? પણ એને જીવવા કડવાશનો બહિષ્કાર કરવાની કલા આત્મસાત્ કરવી જ પડશે.

એક પોલીસ ઈન્સ્પેક્ટરની ડાયરી હોય છે ને એક પ્રેમીની... પોલીસ ઈન્સ્પેક્ટરની ડાયરીમાં શું હોય છે ? ફલાણાએ અહિં ચોરી કરી છે... ઢીંકણાએ ત્યાં કોઈની હત્યા કરી છે... છગનલાલે ધિંગાણું મચાવ્યું છે... ને મગનલાલે મારામારી કરી છે... બસ માત્ર Criminals... ગુનાઓની નોંધ... પ્રેમીની ડાયરીમાં પોતાના પ્રિયજનની પોતાને ગમી ગયેલી વાતોની નોંધોથી પાનાં ભરાયેલાં હોય...

જે આવ્યું તે નભાવી લેવું એમ નહીં, પણ વધાવી લેવું એ ધૈર્ય છે.

Scanned by CamScanner

નજીકના સ્વજનોની ને મિત્રોની ભૂલોની જ નોંધ રાખતું આપણું દિલ શું પોલીસ ઈન્સ્પેક્ટરની ડાયરી છે ? શું આપણું સર્કલ ગુનાખોરોથી જ ભરેલું છે ? કોઈની કોઈ પ્રિય વાત છે જ નહીં ?

રણના પ્રવાસ દરમ્યાન પંદર પંદર દિવસ સુધી મીઠા જળનું ટીપું યે નથી મળતું.. માટે કુદરતે ઊંટના પેટમાં મીઠું જળ ભરવાની ટાંકી આપી છે... શું આપણા જીવનમાં કડવાશની અછત છે કે જેથી દિમાગમાં કડવાશની ટાંકી લઈને આપણે ફર્યા કરીએ છીએ ?

પાણી તો જીવનાવશ્યક છે...

શું કડવાશ જીવનાવશ્યક છે ?

ના, કડવાશ જીવનાવશ્યક નથી, એટલે જ

ઊંટને પેટમાં પાણીની ટાંકી કુદરતે આપી છે...

આપણને દિમાગમાં કડવાશની ટાંકી કુદરતે નથી આપી, આપણે ઊભી કરી છે.

એક વિચારકે કુદરતને ફરિયાદ કરી...

કોઈ પણ સ્ત્રી જ્યાં સુધી 'કન્યા' હોય છે ત્યાં સુધી કેવી મધમીઠી-મધુર હોય છે.

પણ એ પત્ની બન્યા પછી કેમ કડવીતૂર બની જાય છે ?

કુદરતે કહ્યું : કારણ કે એને 'કન્યા' મેં બનાવી છે,

'પત્ની' તેં બનાવી છે...... ૩૦

ઉકરડાઓ પણ આવકાર્ય છે, એ છે તો જ આપણા ઘર ચોક્ખા રહે છે.

કડવા પ્રસંગો : જીવનનો અવિભાજ્ય અંશ

એક જુનિયર સેલ્સમેને પોતાના સીનિયર સેલ્સમેન આગળ ફરિયાદની યાદ લંબાવી... હું આ સેલ્સમેનશીપથી કંટાળી ગયો છું.. હવે આ નોકરી છોડી દેવાનો વિચાર છે...

સીનિયર : હજુ તો તને ચાર મહિના થયા છે... એવી તો શું તકલીફ છે કે નોકરી છોડી દેવી છે ?

જુનિયર : જ્યાં જાઓ ત્યાં અપમાન... આપણે કેટલી ડોરબેલ વગાડીએ પછી માંડ દરવાજો ખૂલે... ને જેવા આપણને જુએ કે ધડાક્ કરીને દરવાજો વાસી દે...વળી કોઈક સન્નારી તો ચોપડાવી દે કે... શું જોઈને હાલી આવતા હશો... નવરા ધૂપ ... શાંતિથી ઉંઘવા પણ દેતા નથી !

સામે સ્મિત આપે એવી તો જાણે કે આશા જ નહીં રાખવાની... પણ મોં ચડાવીને કાંઈ ને કાંઈ બબડાટ તો હોય જ !

કોઈ વળી દરવાજો ખોલી આપણને અંદર બોલાવે... બધો માલ ખોલાવે... ત્યારે રસપૂર્વક બધું જુએ - ભાવતાલ પૂછે... ને છેલ્લે આપણે પૂછીએ કે શું આપું ? તો કહે કે અમારે કાંઈ ખરીદવાનું નથી... ખાલી નવરા હતા તો તમારો માલ જોઈ લીધો... બાકી આમાં લેવા જેવું શું છે ?

ઘેર ઘેર તમને આવા અપમાનના અનુભવ નથી ?

સીનિયર : મને તો ક્યાંય અપમાન લાગતું નથી.

જુનિયર : શું તમને જોઈને 'કોઈ ચોર/ધાડપાડુ ન આવી ચડ્યા હોય' એમ કોઈ દરવાજો બંધ કરી દેતું નથી ?

સીનિયર : અરે ભાઈ ! તને તો ૪ મહિના જ થયાં છે.. હું તો ૨૪ વર્ષથી આ જ લાઈનમાં છું... મને તો આના કરતાં ય ભૂંડા અનુભવ થયા છે. ને હજુ થયા જ કરે છે.

જુનિયર : તો તમને અપમાન નથી લાગી જતું ?

સીનિયર : ના, મને તો છાંટો ય અપમાન અનુભવાતું નથી.

જુનિયર : એ શી રીતે ?

સીનિયર : કારણ કે આવા બધા અનુભવોને હું ધંધાનો એક ભાગ જ માનું છું. શું રસોઈ કરતી વખતે બહેનોને ચૂલાની ગરમી નથી લાગતી ?

શું ખોદકામ કરતાં મજુરના હાથ-પગ ને કપડાં ધૂળ-કાદવથી ખરડાઈ નથી જતા ?

Scanned by CamScanner

શું ગટરમાં ઉતરતાં પ્લમ્બરને માથું ફાડી નાંખે એવી વાસ નથી મારતી ?

શું આ બધા આને ત્રાસ માનીને પોતપોતાનું કામ છોડી દેવા ઇચ્છે છે ?

જુનિયર : ના, કારણ કે એ તો એમના કામનો જ એક ભાગ છે...

સીનિયર : બસ, એ રીતે આવા વિચિત્ર અનુભવો એ આપણા ધંધાનો જ એક ભાગ છે... પાંચ ઘરે આવો વિચિત્ર અનુભવ થાય ને એકાદ ઘરે ઘરાકી થાય... વળી બે/ચાર ઘરે કડવાશ ઓકાય ને એકાદ ઘરે કમાણી... પછી આમાં અપમાન શું ? ને એમાં ત્રાસ શું ? દોસ્ત ! તું ય કમાણીને નજરમાં રાખી ખુશ થતો રહે... ને બાકી બધા પ્રત્યે આંખ આડા કાન કર.. કોઈ તકલીફ છે જ નહીં...

બિલકુલ સાચી વાત ! દુનિયાનું કે જીવનનું કોઈ કાર્ય એવું છે જ નહીં, જેમાં કોઈ જ અનિચ્છનીય અંશ ન હોય... કચરો કાઢવામાં ધૂળ ઊડે છે ને કપડાં ધોવામાં પાણી-ફીણ ઊડે છે.. A.C. ઓફીસમાં બેસીને કામ કરનારને બેઠાડાં જીવનના કારણે અનેક શારીરિક તકલીફો થાય છે તો બહાર રખડનારને ટાઢ-તડકો વેઠવો પડે છે.

આ અનિચ્છનીય અંશોને ગૌણ કરવા જ પડે...

આપણી જિંદગીનું પણ આવું જ છે... કડવા પ્રસંગો પણ જિંદગીનો એક ભાગ જ છે એમ વિચારીને એને સહજતાથી સ્વીકારી લેવા જોઈએ. કવિ નરસિંહ મહેતા કહે જ છે ને કે - ***સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયા...*** ગાંધીજીએ યેરવડા જેલમાંથી તા. ૧૭-૫-૩૨ ના દિવસે લખેલ પત્રમાં જણાવ્યું છે કે - 'ખળભળાટ વિનાનું જીવન એ તો બહુ નીરસ વસ્તુ થઈ પડે. એવી આશા જ ન રાખવી. એટલે જીવનની વિષમતાઓ સહી લેવામાં જ ડહાપણ છે. રામાયણમાંથી આપણને જે કિંમતી પાઠ મળે છે તે આ છે.' આમ જોવા જઈએ તો દુઃખદ બનાવો સુખની મજાને ઓર વધારે છે.

કડવા પ્રસંગો જ મધુર પ્રસંગોની મધુરતાનું મહત્ત્વ વધારે છે.

એકલી મિઠાઈ નહીં, તીખા ફરસાણ પણ ભોજનનું અવિભાજ્ય અંગ છે...

માત્ર હીરો નહીં, વિલન પણ ફિલ્મનો એક આવશ્યક હિસ્સો છે.

સબળ વિરોધ પક્ષ સફળ લોકશાહીની એક અનિવાર્ય જરૂરિયાત છે...

એમ કડવા પ્રસંગો જીવન સાથે તાણાવાણાની જેમ વણાયેલા છે... એ અનેકવિધ બોધપાઠ આપવા સાથે જીવનને રસીલું બનાવે છે. આપણે તો આટલું જ કરવાનું હોય...

Life is made of joy and woe,
And when this we rightly know,
Safely through the world we go.

જરૂરી બોધપાઠ લઈ લેવાનો... ને પ્રસંગને ભૂલી જવાનો... આમેય આજે યુઝ એન્ડ થ્રો નો જ જમાનો છે ને !

પણ આપણે શું કરીએ છીએ ?

એક માણસને રસ્તે જતાં ઠોકર વાગી. પગના અંગુઠામાં સારો એવો ઘા થયો. ઘણું લોહી વહી ગયું.. હૉસ્પિટલમાં એડમિટ... બીજા દિવસે સાંજે ઘા રૂઝાઈ જાય એટલે રજા આપવાની હતી.... પણ બપોરે કોઈ સ્વજન મળવા આવ્યું... 'અલ્યા ! શી રીતે ઘા થયો ?' 'હું રસ્તેથી જતો હતો ને પથરા સાથે મારો પગ આમ ભટકાયો.' એમ કહી એણે ભીંત સાથે પગ ભટકાવી રીહર્સલ કરી દેખાડ્યું... રૂઝ આવવા માંડેલો ઘા પાછો તાજો થઈ ગયો..

સાંજે ડૉક્ટરે જોયું... હજુ એક દિવસ વધુ હૉસ્પિટલમાં રહેવું પડશે. વળી બીજી બપોરે કોઈક મિત્રે એ જ પ્રશ્ન પૂછ્યો... ને પાછું રીહર્સલ... પાછો ઘા તાજો... ડિસ્ચાર્જ વળી લંબાયો... પછીના દિવસે વળી કોઈક ત્રીજો જ મુલાકાતી... એ જ પ્રશ્ન... પાછું રીહર્સલ... પાછો ઘા તાજો...

કડવા પ્રસંગનો આપણા દિલને ઘા લાગે છે... દુઃખનું ઓષડ દહાડા... કાળ વીતે એમ એ ઘાને રૂઝ આવાની શરૂ થાય છે... પણ કોઈક સ્વજન એ પ્રસંગ અંગે આવો જ કંઈક પ્રશ્ન કરે છે કે આવું કેમ બન્યું ? એ વખતે એ કડવા પ્રસંગને ઉખેડીને ઘાને ફરીથી તાજો કરવો ? કે એ પ્રશ્નને સિફતથી ઊડાડી દેવો ? પ્રશ્ન પૂછનાર તો પ્રશ્ન પૂછીને ચાલી જાય છે. પણ તાજા થયેલા ઘાની પીડા આપણને જ ભોગવવાની રહે છે. આશ્ચર્ય એ છે કે એ રીતે આપણા ઘાને તાજો કરી પીડાજનક બનાવનાર એ પ્રશ્નને પૂછનારા આપણને વહાલા લાગે છે ! આપણી પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનારા લાગે છે....

કડવો પ્રસંગ ઉપસ્થિત કરનારે તો એક જ વાર એ પીડા પહોંચાડેલી... ને આવા ખબર અંતર પૂછવા આવતા મુલાકાતીઓએ કરેલા પ્રશ્ન પર આપણે ખુદ વારંવાર પીડાને ઊભી કરીએ છીએ. ઘાને તાજો રાખીએ છીએ ને કડવાશને ઘુંટ્યા કરીએ છીએ.

શું આમાં ડહાપણ છે ?

ડહાપણ તો એમાં છે : કડવાશમાંથી પણ મિઠાશ લેતાં શીખવું.

લંકા વિજય બાદ અયોધ્યા પહોંચેલા રામચંદ્રજીને કૈકેયીએ જ્યારે માફી માંગતા કહ્યું કે 'મારે નિમિત્તે તારે ઘણાં કષ્ટો ઊઠાવવા પડ્યા, જંગલમાં ભટકવું પડ્યું, યુદ્ધમાં

Scanned by CamScanner

રગદોળાવું પડ્યું. ત્યારે રામચંદ્રજીએ જવાબ વાળ્યો કે -

तातस्नेहो भरतमहिमा पौरुषं वायुसूनोः,
सख्यं चापि प्लवगनृपतेः क्वापि सौमित्रभक्तिः ।
सीतासत्यं निजभुजबलं वैरिणां वैरिभावः,
एतत्सर्वं तव चरणयोर्भक्तेरेकप्रसादात् ॥

હે માતાજી ! આ શું બોલો છો ? આપે પિતાજી પાસે વરદાન માગ્યું એ મારે માટે પણ વરદાન જ ઠર્યું... પિતાજીનો મારા પ્રત્યેનો સ્નેહ, ભરતની અનાસક્તિ, પવનપુત્ર હનુમાનનું પરાક્રમ, સુગ્રીવ રાજાની મિત્રતા, લક્ષ્મણની મારા પ્રત્યેની ભક્તિ, સીતાનું સતીત્વ, મારી ભુજાઓનું બળ, શત્રુઓની શત્રુતા... આ બધું જ મને, હે મા ! તારા ચરણોની કરેલી ભક્તિના પ્રભાવે જાણવા મળ્યું. જો તેં વરદાન માગ્યું ન હોત તો આ બધાનો મને ખ્યાલ શી રીતે આવત ?

પ્રવાસીઓ વહાણમાં ગોઠવાઈ ગયા... નાવિકોએ લંગર ઊઠાવ્યા.. સઢ ખોલ્યા... ને વહાણ ઉપડ્યું... પવન એવો સૂસવાટાભેર ફુંકાઈ રહ્યો હતો કે થોડા જ સમયમાં વહાણ બેટ પર પહોંચી ગયું. સઢમાં પવન એવો ભરાઈ ગયેલો કે એમ જ લાગે કે જાણે હમણાં જ સઢ ફાટી જશે.

એક પ્રવાસીએ નાવિકને પૂછ્યું : પાછા ફરતી વખતે પણ પવન આ જ દિશામાં સૂસવાટા મારતો ફુંકાશે તો આપણું શું થશે ?

નાવિક કહે : તમે તમારે બેટ પર ફરીને પાછા આવો, પછી વાત.

પાછા ફરતી વખતે પાછા બધા પ્રવાસીઓ નૌકામાં ગોઠવાઈ ગયા. પેલો પ્રવાસી જોઈ રહ્યો છે કે પવન તો એ જ દિશામાં જોરથી ફુંકાઈ રહ્યો છે ને નૌકાનો પ્રવાસ બિલકુલ વિપરીત દિશામાં છે. મનની મૂંઝવણ રજુ કરવા વિચારે છે ત્યાં જ નાવિકોએ લંગર ઊઠાવ્યાં ને નૌકા તો સડસડાટ ચાલવા લાગી.

રહસ્ય પૂછવા પર નાવિકે કહ્યું : ઉપર સઢ તરફ જુઓ. એની જ બધી કરામત છે. પવન ભલે ને સાવ વિરુદ્ધ દિશામાં વાતો હોય... આપણે સઢને એવી રીતે ગોઠવવાના કે વિરુદ્ધ દિશાનો પવન પણ નૌકાને આપણી ઇચ્છિત દિશામાં લઈ જાય..

'આનંદ' નામના બેટ પર આપણે પહોંચવું છે... પ્રસંગરૂપી પવનને જે દિશામાં

સપાટ મેદાનમાં દર્શનીય સ્થળો નથી સરજાતા...
સ્વચ્છ આકાશમાં મેઘધનુષ્ય નથી સરજાતા...

વાવું હોય તે દિશામાં વાય... મનના સઢને ગોઠવવામાં કુશળ નાવિક બની જઈએ તો આઘાતજનક કડવો પ્રસંગ પણ જીવન નૌકાને આનંદ તરફ લઈ જનારો શું ન બની રહે ?

પણ એ માટે સૌ પ્રથમ કડવાશને અપાતી મહત્તા બંધ થવી જોઈએ.

એક યુવક સંત પાસે આવ્યો. અને પોતાના જીવનની કડવાશને વાચા આપી : સ્વામીજી ! મારી પાસે પૈસો છે... સંતાન છે.... બીજી પણ અનેકવાતે સુખ છે... પણ પત્નીનો એવો કજિયાખોર સ્વભાવ છે કે જીવન ઝેર બની ગયું છે...

સંતે કટોરો ભરી ગરમ એલચી-કેસરવાળું દૂધ મંગાવ્યું. એ યુવાનની સામે જ એમાં ચપટી ધૂળ નાખી. ને પછી કહ્યું : લે આ દૂધ પી જા, બધું ઝેર નીતરી જશે.

પેલો યુવાન દૂધ પી ગયો. સંતે પૂછ્યું : દૂધ કેવું લાગ્યું ? મેં એમાં ધૂળ નાખેલી એના કારણે એ બેસ્વાદ લાગ્યું ?

'ના, સ્વામી ના ! આટલા બધા દૂધમાં ચપટી ધૂળનો તો અણસાર સુદ્ધાં ન આવ્યો..'

'અરે, ભલા યુવાન ! તો પછી સુખથી મઘમઘતા જીવન કટોરામાં ચપટી ધૂળ જેવા પત્નીના સ્વભાવના દુઃખને આટલી મહત્તા કેમ આપે છે ?'

એ યુવાન સમજી ગયો કે પત્નીના સ્વભાવની કડવાશના કારણે એ દુઃખી નહોતો, પણ કડવાશને આપી દીધેલી વધારે પડતી મહત્તાના કારણે એ દુઃખી હતો.

સંત પોતાના બે શિષ્યો સાથે એક આંબા પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં જ એક છોકરાએ પથ્થર મારી આંબા પરથી કેરી તોડી. સંતે 'આ દશ્ય પરથી શું બોધપાઠ મળે ?' એ પ્રશ્ન બંને શિષ્યોને કર્યો.

પ્રથમ શિષ્ય : પથ્થર માર્યા વિના આંબો પણ કેરી આપતો નથી....

બીજો શિષ્ય : પથ્થર મારો તો પણ આંબો કેરી આપે છે...

પ્રથમ શિષ્યની દષ્ટિમાં કડવાશ છે... બીજા શિષ્યની દષ્ટિમાં મિઠાશ છે..

જીવનમાં ઘટતી દરેક ઘટનાને બીજા શિષ્યની દષ્ટિથી મૂલવતા શીખી જવા જેવું નથી ?

આપણું દુઃખ તો દુઃખ નથી કાંઈ, રાઈનો કર્યો પહાડ,
અમરત જેવી ધરતી પર વિષનાં વાવ્યાં ઝાડ.

Scanned by CamScanner

વહુ કે દીકરી ?

વિશ્વ વિખ્યાત શ્રી જીરાવલા પાર્શ્વનાથ તીર્થ નજીકનું રાજસ્થાનનું એક ગામ, નામે દાંતરાઈ. વિકાસ નામે વરરાજા ને વેણુ નામે કન્યાના લગ્નના માહોલથી આખું ગામ રંગાયેલું... વર-કન્યા બંનેના દેહ પર પીઠીનો રંગ ચડી ચૂક્યો હતો.

વિકાસની મમ્મી નામથી મધુબહેન હતા... પણ વાણી-વર્તનમાં નરી કડવાશ. સ્વભાવ એવો કડક કે એમના પતિ જયેન્દ્રભાઈ પણ એમનાથી ડરે... ને પુત્ર વિકાસ તો એમની સામે હરફ સુધ્ધાં ઉચ્ચરી ન શકે. વરપક્ષની કોઈ મહિલાએ એમને કહ્યું : મધુબહેન ! તમારે તો હવે લીલાલહેર.. ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે... ઘરકામનો બધો ભાર વહુના માથે...

'તે એ તો સાહજિક જ છે ને ! દીકરાની માઁ હોવાનો એટલો લહાવો તો મળે જ ને ! નવી વહુ નવ દહાડા... દસમા દિવસથી જો જો... આખી જિંદગી એ વેણુને અદ્ધર ને અદ્ધર રાખીશ... તો જ મારું નામ મધુબહેન સાચ્ચું !' મધુબહેને શબ્દો દ્વારા પોતાના ગર્વને વ્યક્ત કર્યો.

માત્ર બે ઘેર જ નહીં.. આખા ગામમાં ઉલ્લાસ હતો.. ચોરે ને ચૌટે આ લગ્નની જ વાતો હતી....

પણ સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. સંસારની જે ઓળખાણ આપતા કે - ***જ્યાં ધારેલું નહીં થાય.... ને નહીં ધારેલું ઘણું થાય એનું નામ સંસાર...*** જાણે કે આ ઓળખાણને સાચી પાડવા લગ્નના આગલા જ દિવસે એક અણધારી ઘટના ઘટી ગઈ. સવારે વેણુ ઉંઘમાંથી ઊઠી ત્યારે એને કશું દેખાતું નહોતું. પહેલાં તો બીજી ત્રીજી કલ્પનાથી બંને આંખમાં ઠંડુ પાણી છાંટ્યું... પણ કાંઈ ફરક ન પડ્યો ત્યારે એ ડરી ગઈ... મમ્મી !... ડરની મારી એના મુખમાંથી એક તીણી ચીસ નીકળી ગઈ... પણ ચીસ એવી હતી કે માત્ર મમ્મી જ નહીં, આખું ઘર ભેગું થઈ ગયું. 'શું થયું બેટા !' બધાએ એકી સાથે પૂછ્યું :

મમ્મી ! પપ્પા ! મને આંખેથી કશું જ દેખાતું નથી... મારી આંખે અંધાપો આવી ગયો લાગે છે... તમે કોઈ મને દેખાતા નથી... ઘરની કોઈ સામગ્રી મને દેખાતી નથી. મમ્મી ! મને આ શું થઈ ગયું ?

> **જીવનમાં આવ્યા કરે પાનખર ને વસંત**
> **મનની સમતા જો રહે તો સુખ શાંતિ અનંત**

આખા પરિવારમાં શોક છવાઈ ગયો... કર્મની આ કેવી કઠણાઈ ! આનંદના અવસરે જ આવો કઠોર આઘાત ! વેણુના પિતાએ કહ્યું : 'વેણુ તો પીઠી ચોળેલી કન્યા છે. એને ડૉક્ટરને ત્યાં લઈ ન જવાય... પણ હું નજીકના શહેરમાંથી કોઈ આંખના ડૉક્ટરને તેડી લાવું... વેણુને શું થયું છે ? એનો કંઈક ખ્યાલ તો આવે...'

'ભાઈ ! ડૉક્ટર તો ઘરે આવે, પણ એના મોટાં મોટાં ચેકિંગ મશીનો થોડાં ઘરે આવવાના ? ને એ વિના તો વાસ્તવિક નિદાન પણ શી રીતે થવાનું ? એટલે એક વાર હવે લગ્ન થઈ જવા દો. પછી શાંતિથી ઉપચાર પણ કરી શકાશે...' કોઈએ વાસ્તવિકતા પ્રગટ કરી.

'પણ કન્યા અંધ થઈ ગઈ છે એ જાણીને વરપક્ષ લગ્ન કરવા તૈયાર થશે ખરો ? અને હવે જ્યારે પૂરા ચોવીસ કલાક લગ્નને બાકી નથી, ત્યારે આ વાતથી વરપક્ષને વાકેફ કરવા ને એની ચર્ચા કરવા એમના ઘરે જાય કોણ ?

'હું જઈશ !' અચાનક વેણુએ આગળ આવીને કહ્યું. 'પપ્પા ! આપણે કોઈને અંધારામાં નથી રાખવા... ને તમે નરમ સ્વભાવના છો.. તમારી જીભ જ ઉપડી નહીં શકે... એટલે હું જ જઈશ.'

'પણ તને તો દેખાતું નથી... તું જશે શી રીતે ?'

'પલ્લુ (વેણુની કઝીન બહેન પલ્લવી) મને લઈ જશે...' પલ્લવી તૈયાર થઈ ગઈ.... ને વેણુને દોરીને લઈ જવા લાગી.... સવાર સવારમાં આ દશ્ય જોઈને ગામના લોકોને ભારે આશ્ચર્ય ! પીઠી ચોળેલી કન્યા ક્યાં ફરવા નીકળી ? ને આમ વિચિત્રપણે કેમ ચાલે છે ?

બંને બહેનો મહેમાનોથી ઉભરાતા વેવાઈના ઘરે પહોંચી. મહિલા વર્ગ ઉપર મેડીએ હતો. નીચે દિવાનખાનામાં પુરુષવર્ગ હતો. વિકાસ પણ ત્યાં જ હતો. આવતીકાલની પોતાની અર્ધાંગિનીને આ રીતે આવેલી જોઈને એ ખળભળી ઊઠ્યો... કશું પણ બોલવા જાય એ પહેલાં જ વેણુએ ધીમેથી એને કહી દીધું : લગભગ ત્રણ કલાકથી મને કશું દેખાતું નથી. સવારે ઊઠી ત્યારથી આંખોની રોશનીએ દગો દીધો છે. હું તને અંધારામાં રાખવા માગતી નથી. ભલે પીઠી ચોળાઈ ગઈ હોય. આ પરિસ્થિતિમાં તું આ લગ્નને ફોક કરવા સ્વતંત્ર છે...

> **અભાવ, અલ્પતા અને અપૂર્ણતા આ જડ પુદ્ગલની ખાસિયત છે.**
> **આત્મામાં આમાંનું કશું નથી.**

Scanned by CamScanner

વળતી જ પળે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના વિકાસે કહ્યું : વેણુ ! તું અંધ થઈ છો... પાગલ તો નથી થઈ ને ? લગ્નને ફોક કરવાનો પ્રશ્ન જ નથી. મારી ના નથી. પિતાજી પણ ના નહીં પાડે... હા, મમ્મીને પૂછવું પડે... હું પૂછી આવું...

વિકાસે ઉપર જઈને માને બધી વાત કરી. મધુબહેન તરત નીચે આવ્યા. બધાની ધડકન વધી ગઈ હતી. આ મધુ (!)બહેન તો ધરાર ના જ પાડી દેશે.. આવી બધાની કલ્પના વચ્ચે મધુબહેન આવીને સીધા વેણુને ભેટી જ પડ્યા. 'બેટા ! નક્કી થયેલાં લગ્ન ફોક થતાં હશે ? લગ્નના ૨૪ કલાક પછી તને અંધાપો આવ્યો હોત તો અમે શું કરત ? આ પહેલાં આવ્યો, એટલા માત્રથી લગ્ન ફોક ન થાય...'

'પણ માઁ ! તમને આંધળી વહુ ગમશે ?'

'મને આંધળી વહુ નહીં ગમે. પણ આંધળી દીકરી ન ગમે એવું બને ? હું તને વહુ નહીં માનું, મારી દીકરી માનીશ... દીકરી તો જેવી હોય તેવી... માને વહાલી જ હોય ને !' મધુબહેનના દિલમાં ઉદ્ભવેલી મધુરતાને વાચા આપતા આ શબ્દો સાંભળીને વેણુ જ નહીં... સાંભળનારા બધાં જ રડી પડ્યા...

સંસારની આ એક કડવી વાસ્તવિકતા છે. જે માત્ર ૧૮-૨૦ કે ૨૨ વર્ષ પોતાને ત્યાં રહી... પછી તો પારકે ઘેર જવાની છે ને જાય છે... એ સાસરે ગયા ને ૨૦ વરસ થયા પછી પણ 'પોતાની' લાગે છે.....'દીકરી' છે ને ? ને જે પ્રારંભિક ૨૦ વરસ જ પિયરમાં રહી... પછી તો પોતાને ત્યાં આવી ૫૦-૬૦ વરસ... આખી જિંદગી રહેવાની છે.. છતાં એ 'પરાયી' જ રહે છે... કારણ કે 'વહુ' છે ને !

એક-શેઠાણીના પુત્રના લગ્ન થયા. પુત્રવધૂ ઘરે આવી... થોડા વખત બાદ કોઈ જુની સખીએ શેઠાણીને પૂછ્યું કે... તમારે વહુ કેવી છે ? ... આ સાંભળ્યું નથી ને એ શેઠાણીનું મોં ચડી ગયું... ભારે કડવાશ સાથે બયાન કર્યું... વહુ નથી.. મેમસા'બ છે... સવારે સાત વાગે તો ઊઠે... આવશ્યક ક્રિયાથી પરવારીને સીધા ચા નાસ્તાના ટેબલ પર... કેસરીયાં-કઢાયાં દૂધ... ગરમ નાસ્તો ને બે ત્રણ નમકીન.... પછી નહાવા જાય તે કલાક-દોઢ કલાકે બહેન તૈયાર થાય... પાછી ધરમનું પૂંછડું... અષ્ટપ્રકારી પૂજા - આંગી... વ્યાખ્યાન વાણી - સામાયિક... સીધી જમવાના સમયે જ આવે. જમીને રાણીને આરામ કરવા જોઈએ... ઊઠીને સખીઓને ત્યાં કે શોપિંગ કરવા જાય... પાછા શેઠાણી સાહેબ સાંજે વાળુ કરવા તૈયાર... જેટલી કડવાશ ઓકી શકાય એટલી ઓકી...

આંખમાં અમી દુનિયા ગમી... જીભમાં અમી દુનિયા નમી...

થોડા વખત બાદ એ શેઠાણીની દીકરીના લગ્ન થયા... એ પછી કેટલોક કાળ ગયા બાદ પાછી એ જ સખી મળી... ને પૂછે છે કે... તમારી દીકરીને સાસરે કેમ છે ? આ સાંભળ્યું નથી ને એ મહિલા મલકી ઊઠી. ભારે ગૌરવ સાથે કહે છે... મારી દીકરી તો ખૂબ પુણ્યશાળી... એવું સુખી ઘર મળ્યું છે કે એણે એક વાડકી ઉપાડવાની હોતી નથી. શાંતિથી ૭ વાગે ઊઠી સંડાસ-બાથરૂમથી પરવારી સીધી ચા નાસ્તા માટે... એમાં પણ કઢાયાં-કેસરિયાં દૂધ - ગરમ નાસ્તો - નમકીન... આ બધું તો એને ત્યાં રોજનું... પછી સ્નાન.... વળી એવું ધર્મિષ્ઠ ઘર મળ્યું છે કે રોજ અષ્ટપ્રકારી પૂજા - આંગી - વ્યાખ્યાન - સામાયિક.... બધું કરીને આવે ત્યારે ભોજન તૈયાર જ હોય... બસ ! પછી આરામ-સખી-શોપિંગ પતાવીને આવે એટલે સાંજનું વાળું કરવા બેસી જવાનું... ખરેખર ! મારી દીકરી તો ભારે ભાગ્યશાળી !

શું જેમાં કડવાશ ભાસે છે એમાં મધુરતા જોવી અશક્ય છે ?

જરૂર છે પરાયાપણાના ચશ્મા ઉતારી પોતાનાપણાના ચશ્મા પહેરવાની..

શંકા - જેમને પોતાના માન્યા છે એમના વચન-વ્યવહારમાં પણ કડવાશ અનુભવાતી હોય છે ને પછી યાદ રહેતી હોય છે.

સમાધાન - સામી વ્યક્તિમાં જેટલું પોતાનાપણું માનેલું છે - એના કરતાં પોતાની ઈચ્છા - રુચિ - પસંદગી - ધારણા - અનુકૂળતા - સગવડ - કીર્તિ - પ્રશંસા વગેરેમાં માનેલું પોતાનાપણું જ્યારે વધારે હોય છે ત્યારે આવો પ્રશ્ન ઊભો થાય છે. સામી વ્યક્તિ આપણી ઈચ્છા વગેરેથી વિપરીત વર્તે ત્યારે એ ઈચ્છામાં રહેલું વધારાનું પોતાનાપણું ઘવાય છે ને તેથી એ વ્યવહારાદિ કડવા લાગે છે. જે માણસ પોતાની ઈચ્છા - રુચિ વગેરેને ગૌણ કરી શકતો નથી એને મન સામી વ્યક્તિ કરતાં પોતાની ઈચ્છા વગેરે જ વધારે મહત્ત્વના હોય છે. એટલે પોતાની એ ઈચ્છા વગેરેને ઘા લાગે એવો સામાનો વ્યવહાર કડવો લાગવાનો જ.

મધુબહેને પોતાની સગવડ-સુવિધા કરતાં વેણુને મહત્ત્વ વધારે આપ્યું એટલે એને પોતાની ગણી શક્યા, દીકરી માની શક્યા ને તેથી એના અંધાપામાં કડવાશના દર્શનથી બચી શક્યા.

ખુશ મન માઈલો ચાલી જાય છે,
ઉદાસ મન કદમમાં થાકી જાય છે.

Scanned by CamScanner

નિર્ધારિત દિવસે લગ્ન થઈ ગયા... બધી જ ક્રિયાઓમાં વિકાસે જ વેણુને દોરી. લગ્ન બાદ ત્રણ આઈ સ્પેશ્યાલિસ્ટોને વેણુએ આંખ બતાવી. પણ બધાનો એક જ સૂર કે આ આંખમાં હવે પછી રોશની આવી શકે એમ નથી. પણ વિકાસે વેણુને જે રીતે સંભાળી લીધી એનાથી વેણુનો વિકાસ માટેનો આદર ખૂબ જ વધી ગયો. આવા ઉમદા પતિની સેવા કરવાના બદલે પોતે લેવી પડે છે આ વાત એને ખૂબ ખૂંચવા લાગી... એણે જીરાવલા પાર્શ્વનાથ ભગવાનની ઉપાસના ને પ્રાર્થના શરૂ કરી કે 'પ્રભો !' મારી આંખમાં મને રોશની આપ, મારે મારા પતિની સેવા કરવી છે...' એ વખતે વિકાસે વેણુને કહ્યું કે 'મારી નહીં, મારા મમ્મી-પપ્પાની સેવા માટે પ્રાર્થના કર, કારણ કે એમણે મને આ સંસ્કાર આપ્યા છે...'

થોડા જ દિવસોમાં વેણુની ઉપાસના ફળી ને પ્રાર્થનાને પ્રતિસાદ મળ્યો... એની આંખમાં રોશની આવી... એ દેખતી થઈ ને હાલ ચેન્નાઈમાં દેખતી આંખે જીવે છે...

મધુબહેન ને એમના આખા પરિવાર માટે, 'ખરા અવસરે પી લીધેલો કડવો ઘુંટ આખી જિંદગીને મધુર બનાવી દે છે...' આ સુવાક્ય વાસ્તવિક બન્યું...

(ડૉ. શરદ ઠાકરના ડૉક્ટરની ડાયરીના લેખના આધારે સત્ય ઘટના)

સીડીમાં પગથિયાં જેટલી જગ્યા રોકે છે એના કરતાં બબ્બે પગથિયાં વચ્ચેની ખાલી જગ્યા ઘણી જગ્યા રોકે છે. આ ખાલી જગ્યામાં પગ મૂકનારો ભોંય પર પટકાય છે, જ્યારે પગથિયા પર પગ ટેકવનારો ઊંચી ઊંચી મંઝિલ સર કરે છે.

સંસારમાં હંમેશા પ્રાપ્ત કરતાં અપ્રાપ્ત ચીજોનું લીસ્ટ ખૂબ મોટું હોય છે. પ્રાપ્ત પર મનને ટેકવનારો સુખના નવા નવા શિખરો સર કરે છે.... અપ્રાપ્ત પર મનને લઈ જનારો દુઃખની ઊંડી ગર્તામાં ઉંધે મસ્તકે પટકાયા વિના રહેતો નથી.

પ્રેમનું ગણિત

અંગ્રેજીમાં એક કહેવત છે : When the love is thick, fault is thin
When the love is thin, fault is thick.

જ્યારે પ્રેમ ગાઢ હોય છે ત્યારે ભૂલ નાની લાગે છે... અને

જ્યારે પ્રેમ પાતળો હોય છે ત્યારે ભૂલ મોટી લાગે છે.

અત્યંત પ્રિય કાચનું ઝુમ્મર નોકરથી તૂટી જાય તો માણસ શું દંડ કરશે ?

વિનીત પુત્રથી તૂટી જાય તો શું સજા કરશે ?

પ્રેમાળ પત્નીથી તૂટી જાય તો શું શિક્ષા કરશે ? અને પોતાનાથી જ તૂટી જાય તો શું સજા ફટકારશે ?

નુકશાન સમાન હોવા છતાં સજામાં આ ફેર કેમ પડી જાય છે ?

જવાબ સ્પષ્ટ છે કે નોકરની ભૂલ જેટલી અક્ષમ્ય લાગે છે એટલી પુત્રની લાગતી નથી. પુત્રની લાગે છે એટલી પત્નીની નથી લાગતી. ને પત્નીની લાગે છે એટલી કુદરતી રીતે જ પોતાની લાગતી નથી, તે ત્યાં સુધી કે પોતાનાથી તૂટી ગયું હોય ત્યારે દિલમાં દુઃખ ભલે કદાચ થાય, પણ સજા કરવા જેવું તો લાગતું જ નથી.

આ છે પ્રેમનું અજબ ગણિત.

જો આ જ વાસ્તવિકતા છે તો સહવાસીઓ પ્રત્યે ઉછળતો પ્રેમ જ કેમ ન કેળવીએ ? પછી કોઈ ભૂલ ભૂલ નહીં લાગે... કોઈ કડવો પ્રસંગ કડવો નહીં લાગે...

એક યુવાન કમાવવા માટે દેશાવર ગયેલો... ઘણો કાળ ત્યાં રહ્યો. ઘણી હાડમારી કરી. પણ પુણ્યનો સાથ નહોતો. કમાયા વગર જ છેવટે પાછો ફર્યો. ભલે ફદિયું પણ કમાઈને લાવ્યો નથી. પણ માઁ કોને કહેવાય ? સારો આવકાર આપ્યો. દીકરો ઘણા કાળ પછી પાછો ફર્યો છે. માઁ ને ઘણી હોંશ. બજારમાં ગઈ. કેરી કે કેળાં તો ન ખરીદી શકી. પણ કાકડી લાવી. ચીરીઓ કરતી જાય છે ને ખૂબ હેતથી પુત્રને ખાવા માટે આપતી જાય છે. પુત્ર પણ એટલા જ હરખથી ખાતો જાય છે. છેલ્લી એક ચીરી માએ પોતાના મુખમાં મૂકી. પણ આ શું ? આટલી બધી કડવાશ ! 'તેં ના કેમ ન પાડી ? કેવી કડવી વખ ?' માઁએ પૂછવા પર દીકરાએ હસીને કહ્યું : માઁ ! કાકડી કડવી હતી, પણ એને પીરસનાર હાથ અને હૈયું તો મીઠા હતા ને ! પછી કાકડી મીઠી ન લાગે ?

જીવનને હળવાશભર્યું રાખવું છે ?
કડવાશને હળવાશથી લેતાં શીખી જા...

Scanned by CamScanner

એક રાજસભામાં પ્રશ્ન પૂછાયો : રાજાને લાત મારનારનું શું કરવું ?

એક દરબારી : એને જેલમાં પૂરી દેવો જોઈએ... આ સજા બરાબર છે ? એ જાણવા રાજાએ મહામંત્રી સમક્ષ જોયું... એમને નકારમાં ડોકું ધુણાવ્યું...

બીજો દરબારી : એનું સર્વસ્વ હરી લેવું જોઈએ... મહામંત્રીનો ફરીથી નકાર.

ફાંસીએ લટકાવી દેવાના ત્રીજા સૂચનમાં પણ મહામંત્રીએ સંમતિ ન આપી...

છેવટે રાજાએ મહામંત્રીને જ પૂછ્યું...

'ઈનામમાં રમકડાં કે સોનાનો હાર આપવાનો...' મહામંત્રીએ આ જવાબ આપવા સાથે સમજાવ્યું કે આટલા અંગરક્ષકોથી ઘેરાયેલા આપને કોઈ લાત મારી જ શી રીતે શકે ? હા, બાળ રાજકુમારને રમાડતી વખતે એ આપને એના નાના પગથી લાત મારે કે રાત્રે શયન દરમ્યાન મહારાણીનો પગ લાગે એ સંભવે છે...

રાજકુમારને તો રમકડાં જ આપવાના હોય ને !

મહારાણીને તો હાર જ આપવાનો હોય ને !

આ છે પ્રેમનો મહિમા... જ્યાં લાત પણ ઈનામપાત્ર બની જાય.

એક યુવક-યુવતીના મૅરેજ થયા. પ્રથમ રાત્રે પતિએ પત્નીને એક ડાયરી આપી. જેમાં ૩૬૦ પૃષ્ઠો હતા. એણે પત્નીને વિનંતી કરી કે જે દિવસે મારી જે ભૂલ-ક્ષતિ જણાય - જે સુધારવા જેવી લાગે... તે ડાયરીમાં તે દિવસના પૃષ્ઠ પર નોંધી લેવી. બરાબર એક વરસ પછી આ ડાયરી તું મને પાછી આપજે. ને મારી જે જે ભૂલ થઈ હશે એ સુધારવા હું પૂરતો પ્રયત્ન કરીશ... પત્નીએ પણ એવી જ એક ડાયરી પતિને આપીને એવી જ વિનંતી કરી.

લગ્નની પ્રથમ વર્ષગાંઠ... પતિએ પત્ની પાસે પોતે આપેલી ડાયરી માગી. પત્નીએ આપી... પતિ પાનાં ફેરવે છે... પ્રથમ... બિલકુલ કોરું.... બીજું... કોરું... આખી ડાયરી ફેરવી ગયો.. બહુ જ જુજ પાનાંઓ પર કંઈક નાની-નાની વાતો લખેલી... છેલ્લા પૃષ્ઠ પર લખેલું કે - પ્રાણનાથ ! આ થોડી ભૂલો લખાઈ છે તે પણ ખરેખર negligible જ છે... આપે મને ખૂબ પ્રેમ આપ્યો છે !

> **Love is never having to say you are sorry ... અંગ્રેજી કહેવત.**
> **પ્રેમમાં સૉરી કહેવાને - હું દિલગીર છું એવું બોલવાને કોઈ સ્થાન નથી. પણ લગ્ન જીવનમાં પરસ્પર ઉછળતો પ્રેમ હોય જ એવો નિયમ નથી. તેથી એના સંદર્ભમાં આ કહેવત બદલવી પડે - Marriage is being able to say you are sorry. લગ્ન જીવનમાં 'હું દિલગીર છું' એવું બોલવામાં કોઈ ડર ન હોવો જોઈએ.**

પછી પત્નીએ પતિ પાસે પોતાની ડાયરી માગી.. પતિએ આપી.. પહેલું પાનું બિલકુલ કોરું... બીજું સાવ કોરું... ત્રીજું કશું જ લખ્યું નહોતું.. આખી ડાયરી કોરી ધાક હતી... ને છેલ્લા પાના પર લખેલું... મારા હૃદયની રાણી ! તેં તો મને માત્ર ને માત્ર પ્રેમ જ આપ્યો છે... મારી જે ક્ષતિઓ થઈ છે એની મને માફી આપજે...

જીત કોની કહેવાય ?

પણ જીવ ! પૂર્વના પ્રકરણમાં જણાવ્યું એમ પોતાની ઈચ્છા વગેરેને વધારે મહત્તા આપી દે છે ત્યારે પ્રેમીની દેખાયેલી Thin Fault પણ વિસરી શકતો નથી. કારણ કે કડવાશને સંઘરવાનો સ્વભાવ છે... એને દેખાતી કે યાદ આવતી ફરી ફરી વારની થીન ફોલ્ટ લવની થીકનેસને ઘટાડતી જાય છે ને એક દિવસ એવો પણ આવી શકે છે કે પ્રેમને થર્ડ સ્ટેજનો T.B. લાગુ પડી ચૂક્યો હોય છે... ને ફોલ્ટ ફાલી ફુલીને ફુગ્ગો થઈ ગઈ હોય છે. પછી વધતી જતી કડવાશ ગમે તે દુર્ઘટનાને નોંતરી શકે છે.

ઠંડીનું જોર વધે છે ત્યારે શાહુડી પરસ્પર વળગી પડે છે.... એમાં બંનેને પરસ્પર કાંટા વાગે છે. આ વળગી પડવામાં ઠંડીથી રક્ષા જોવી કે કાંટાની પીડા જોવી ?

વાસણ ભેગાં થાય તો ખખડાટ તો થવાનો જ...

માણસ માત્ર ભૂલને પાત્ર...

સહવાસ દરમ્યાન ખખડાટ થવાનો જ... ભૂલ થવાની જ... સહવાસમાં આ કડવાશ જોવી કે એના લાભ જોવા ?

એકવાર દેડકાંના અમુક બચ્ચાંઓને ઈજાગ્રસ્ત કરી એ બચ્ચાંઓના બે વિભાગ કરવામાં આવ્યા. પ્રથમ વિભાગના દરેક બચ્ચાંને અલગ-અલગ એકલા રાખવામાં આવ્યા ને બીજા વિભાગના બધા બચ્ચાંઓને ભેગાં જ રાખવામાં આવ્યા. થોડા દિવસમાં બીજા વિભાગના બચ્ચાંઓના ઘા રૂઝાવા લાગ્યા, જ્યારે પ્રથમ વિભાગનાં બચ્ચાંઓના ઘા રૂઝાતાં ઘણો સમય લાગ્યો.

ઉંદરના બચ્ચાંઓ પર પણ એકવાર પ્રયોગ થયો. પ્રથમ વિભાગનાં બચ્ચાંઓને બધાને એક-એક અલગ રાખી ઉછેરવામાં આવ્યા. ને બીજા વિભાગનાં બચ્ચાંઓને જૂથમાં રાખી ઉછેરવામાં આવ્યા. બધાંને સમાન સુવિધાઓ ને સમાન ખોરાક અપાયાં હોવા છતાં પ્રથમ વિભાગના બચ્ચાં દૂબળાં અને માંદલાં થયાં જ્યારે બીજા વિભાગનાં બચ્ચાં નિરોગી અને તંદુરસ્ત બન્યા...

> **ભારે નારાજગી ઉપજે એવી પરિસ્થિતિમાં પણ રાજીખુશીથી રહેતાં જે શીખી જાય એને કોણ નારાજ કરી શકે કે કોણ તારાજ કરી શકે ?**

Scanned by CamScanner

સહવાસનાં આવાં તો કેટલાંય મીઠાં ફળ હશે...

સહવાસમાં આ મધુરતા જોવી કે બીજાઓની ભૂલોના સરવાળા કરી નકરી કટુતા જોવી એ આપણા હાથમાં છે.

સંત કબીરને ચાર-પાંચ શખ્સો બેફામ ગાળાગાળી કરી ગયા. પણ કબીર તો નખશિખ સંત પુરુષ. કોઈ રોષ નહીં, રીસ નહીં, ગુસ્સો નહીં, અણગમાનો અણસાર નહીં. એમની સહજતા જોઈને એ શખ્સોને - પશ્ચાત્તાપ થયો.. બીજે દિવસે માફી માગવા આવ્યા. સંત કહે શાની માફી ? 'અમે ગઈકાલે તમને ખૂબ સંભળાવી ગયા હતા તેની...' 'ના ભાઈ ! ના... મને તો એમ કે તમે બધા રામ-રામ બોલી રહ્યા છો... રામનામ લેવાની કોઈ માફી થોડી હોય ?'

કડવા શબ્દોમાં પણ 'રામ' સાંભળતા શીખી જઈએ તો કયા પ્રસંગમાં મધુરતાના દર્શન ન થાય ?

જીવનને શાનાથી માપશો ? શક્તિ-સત્તા-સંપત્તિથી કે શાંતિથી ?

કડવાશની આવરદા

શાસ્ત્રોમાં નંદીષેણની વાત આવે છે... માત-પિતા હયાત નહોતા. મામાને ત્યાં ઉછર્યો. પણ શરીર અત્યંત કદરૂપું... યૌવનમાં પ્રવેશ થયો... મને કોણ પરણશે ? એની ચિંતા થઈ. મામાને સાત દીકરીઓ હતી. એ જમાનામાં મામા-ફઈના દીકરી-દીકરાના લગ્નની પ્રથા હતી. એટલે મામાએ આશ્વાસન આપ્યું : મારી એક દીકરી તારી વેરે પરણાવીશ. મામાએ પોતાની સૌથી મોટી દીકરીને પૂછ્યું... એણે ઘસીને ના પાડી દીધી... 'આવા કદરૂપાને કોણ પરણે ?' બીજીને પૂછ્યું... 'આખી જિંદગી કુંવારી રહું, પણ એને ન પરણું...' બીજીએ પણ નકાર કરી દીધો. વળી ત્રીજીએ તો, 'મરી જઈશ, પણ એને ન પરણું..' પોતાનો ભયંકર અણગમો વ્યક્ત કર્યો. એ જ રીતે ક્રમશઃ સાતે કન્યાઓએ ના પાડી દીધી. આ આખો વાર્તાલાપ નંદીષેણે સાંભળેલો.

મામાની દીકરીઓ પણ મને આટલો તિરસ્કારે છે તો બીજી કઈ કન્યા મને ચાહશે ? ને અપનાવશે ? એને પોતાની કદરૂપતા પર ભારે ધિક્કાર છૂટ્યો. પોતાની અપ્રિયતા માટે એક ભારે કડવાશ એના દિલમાં ઘર કરી ગઈ. જીવવાની બધી હોંશ મરી ગઈ.... એ આત્મહત્યા કરવા માટે કોઈ પર્વતની ધાર તરફ જવા લાગ્યો.

પણ નસીબદાર ! માર્ગમાં સાધુ ભગવંતનો ભેટો થઈ ગયો. વત્સ ! આમ ક્યાં જઈ રહ્યો છે ? શા માટે જઈ રહ્યો છે ? નંદીષેણે બધી વાત કરી. મહાત્માએ એને સમજાવ્યો : તું મરી જશે... પણ જે પાપના કારણે આ વિડંબણાઓ થઈ રહી છે તે પાપ નહીં મરે. એટલે તું જ્યાં ફરીથી જનમ લેશે ત્યાં પણ એ નહીં મરેલા પાપો તારો પીછો નહીં છોડે... ને તેથી પાછા દુઃખોના ડુંગર તારા પર તૂટી પડશે. (એક વાત આપણે સમજી રાખવી જોઈએ કે જીવનમાં આવતા દુઃખો એ પૂર્વે કરેલા પાપરૂપી અપરાધોની સજા છે. એ દુઃખોથી ભાગી છૂટવા આત્મહત્યા કરવી એ કેદીનું, સજામાંથી બચી જવા માટે જેલની વંડી ઠેકીને ભાગી જવા જેવું છે. પણ જેલમાંથી ભાગી જવાથી કાંઈ સજા પૂરી થઈ જતી નથી. પોલીસ કેદીને પકડી લાવશે ને સજા ઉપરથી વધી જશે. કારણ કે અધૂરી સજાએ જેલમાંથી નાસી છૂટવું એ પણ એક ગુનો છે. એમ દુઃખથી છૂટવા આત્મહત્યા કરી લેવી એ પણ એક જેલમાંથી નાસી છૂટવા જેવું હોવાથી એક પ્રકારનો અપરાધ જ છે. ને તેથી પરિણામે દુઃખરૂપ સજામાં વધારો જ થાય છે, ઘટાડો કે છૂટકારો નહીં.')

વિના દૈન્યેન જીવનમ્....
પ્રભુ ! દીનતા વિના જીવવાનું શીખવાડ...

Scanned by CamScanner

'તો ગુરુદેવ ! હું શું કરું ?' નંદીષેણે દયામણા ચહેરે પૂછ્યું :

'જીવનનો અંત લાવવાને બદલે પાપોનો અંત લાવ...'

'એ શી રીતે આવે ?'

'દીક્ષા લઈને તપ-ત્યાગ વૈયાવચ્ચ-સાધના કરવાથી પાપોનો અંત આવે...'

નંદીષેણે દીક્ષા લીધી. સંયમ-સ્વાધ્યાય, તપ-ત્યાગનો યજ્ઞ માંડવા સાથે વૈયાવચ્ચમાં (=સાધુ ભગવંતોની સેવામાં) એવો તત્પર બન્યો કે દેવોને પણ પ્રશંસાપાત્ર થયો.... વર્ષોના વહાણાં વીતી ગયા. જીવનના અંતિમ ચરણમાં અનશન (= હવે મોત સુધી કોઈ પણ પ્રકારના ખોરાક-પાણી લેવાના નહીં એવી કઠોર પ્રતિજ્ઞા) કર્યું છે. એની આ ભીષ્મ પ્રતિજ્ઞાથી પ્રભાવિત થયેલા દર્શનાર્થીઓની ભીડ ઉમટવા લાગી.. એમાં નગરની મહિલાઓ પણ આવે છે.

મહિલાઓને જોઈને નંદીષેણને એનો ભૂતકાળ યાદ આવી ગયો... 'કોઈ સ્ત્રી મને ચાહતી નહોતી..' મનમાં રહેલી કડવાશની આવરદા કેટલી હોતી હશે ? માતા-પિતા નોંધારો મુકીને દુનિયા છોડી ગયા ત્યારે મામાએ કેવા પ્રેમથી મને સ્વીકારી લીધેલો... કેટલી કાળજીથી ઉછેરેલો... ને મને પરણાવવા માટે કેટલી દિલચશ્પી લીધેલી..... હું આત્મહત્યા કરવા નીકળેલો ત્યારે માર્ગમાં મળી ગયેલા બિલકુલ અપરિચિત એવા પણ મહાત્માઓએ કેવો પ્રેમ આપેલો... કેવું હિતકર માર્ગદર્શન આપી સંયમ સાધનામાં જોડી દીધો... ડગલે ને પગલે... સહવર્તી મહાત્માઓએ કેવો સહાયકભાવ દર્શાવ્યો હતો... માત્ર ગુરુદેવ નહીં... દેવોએ પણ ....અરે ખુદ ઈન્દ્રે સુદ્ધાં દેવસભામાં મારા વૈયાવચ્ચગુણની પ્રશંસા કરેલી... આવા તો એના જીવનના ઢગલાબંધ મધુર સંસ્મરણો હતા.. પણ એ બધાં મધુર સંસ્મરણો વિસ્મરણની ગર્તામાં ધકેલાઈ ગયા હતા... કશું જ યાદ ન આવ્યું.. શું મધુરતાનું આયુષ્ય બહુ ટૂંકુ હશે ? 'હું કોઈ સ્ત્રીને પ્રિય-વલ્લભ નહોતો.' આ કડવાશે અંતિમ પળોમાં નંદીષેણના મનનો કબજો લઈ લીધો.. ને પરિણામ?

પોતાની આજ સુધીની દીર્ઘ સાધનાના ફળરૂપે 'ભવાંતરમાં હું સ્ત્રીવલ્લભ બનું' એવું માગી લીધું... કડવાશની વાસ તો આવી જ હોય ને !

કડવાશની આવરદા તો મહાભારતના પ્રસંગોમાં પણ જાણવા મળે છે...

'આંધળાના દીકરા આંધળા જ હોય...' વાક્યની કડવાશ દુર્યોધનના મનમાંથી ક્યારેય દૂર થઈ ખરી ?

'દ્રૌપદી દાસીપુત્રને વરશે નહીં' વાક્યની કડવાશે કર્ણના મનનો કબજો ક્યારેય છોડ્યો ?

ઘરમાં સળગતું લાકડું ભલે ને પડોશીએ નાખ્યું હોય કે શત્રુએ નાખ્યું હોય, એના પર પાણી જ છંટાય, પેટ્રોલ ન છંટાય.. આવું સમજનારો સજ્જન બીજાએ કડવાશ ઓકી હોય ત્યારે એના પર મધુરતાનો જ છંટકાવ કરાય, નવી કડવાશનો નહીં, આવું કેમ સમજતો નહીં હોય ? કડવું સત્ય તો એ છે કે કડવાશને છાંટી છાંટીને ઘુંટી ઘુંટીને એવી ઘટ્ટ બનાવી દેવામાં આવે છે કે જીવનની અંતિમક્ષણે પણ એ કડવાશ ડોકાયા વિના રહેતી નથી.

'અરે ! રમેશ તું જીવતો છે ?'

'કેમ મહેશ ! તું આવો પ્રશ્ન કરે છે ?'

'ગઈકાલે તારી શેરીના નાકેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ચાર-પાંચ જણા તારા ગુણો ગાઈ રહ્યા હતા, એટલે મને થયું કે તું મરી ગયો હશે...'

આ છે માનવજગતની વાસ્તવિકતા. જીવતાં જેને ગાળો જ આપી હતી એના પણ મરણ પછી ગુણો જ ગવાયા છે, જાણે કે સ્મશાનમાં એના દેહ સાથે એની બધી ભૂલો-ક્ષતિઓ-કડવાશના પણ અગ્નિસંસ્કાર કરી નખાયા હોય.

શું એવું જરૂરી નથી લાગતું ? કે દરેક માનવે પોતાના દિલના એક ખૂણામાં સ્મશાન પણ રાખવું જોઈએ. જેમાં અન્યની ક્ષતિઓ - કડવાશનો તત્કાળ જ અગ્નિસંસ્કાર કરી દેવાય.

બાકી, **કડવાશ સંઘરવાનું ફળ સારું મળ્યું હોય એવું એક પણ દૃષ્ટાંત ઈતિહાસમાં દૃષ્ટિગોચર થતું નથી** એ ભૂલવા જેવું નથી, કારણ કે કડવાશ કોઈને ગમતી નથી.

રાજાને સ્વપ્ન આવ્યું. પોતાના એક પછી એક... એમ બત્રીશે દાંત પડી ગયા... જ્યારે રાજસભા ભરાઈ ત્યારે સ્વપ્નનું ફળકથન કરનાર સ્વપ્નલક્ષણપાઠકોને બોલાવ્યા... પોતાનું સ્વપ્ન જણાવી એનું ફળ પૂછ્યું...

પ્રથમ સ્વપ્નલક્ષણ પાઠકે કહ્યું : રાજન્ ! તમારા અંગત સ્વજનો ૩ર છે. એ બધા આપના દેખતાં જ મરી જશે... એમ આ સ્વપ્ન સૂચવે છે.. આ સાંભળ્યું નથી ને...રાજા એકદમ શોકાતુર થઈ ઘેરા આઘાતમાં સરકી પડ્યો...

એ વખતે બીજો પાઠક કહે છે : રાજન્ ! ખરેખર તો આ સ્વપ્ન એવું સૂચવે છે કે આપનું આયુષ્ય એટલું દીર્ઘ છે કે આપનું મોત આપના અંગત સ્વજનમાંથી કોઈ જોઈ નહીં શકે... રાજા ખીલી ઊઠ્યો.. ને આ પાઠકને ઈનામ-બક્ષિસોથી નવડાવી દીધો..

દરેક કડવાશમાં મધુરતાના દર્શન શું અશક્ય છે ?

નરસિંહ મહેતાએ ધર્મપત્નીના મોત જેવા કડવા પ્રસંગમાં પણ મધુરતા જ જોયેલી ને! ને તેથી જ બોલી ઊઠ્યા : ભલુ થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ...

Scanned by CamScanner

આત્મહત્યા : મૂર્ખાઈનું શિખર

સંતે સભાને પૂછ્યું : જીવનમાં અસહ્ય દુઃખ આવે ?

સભા : આવે... **સંત :** ના, ન આવે...

સભા : અમારામાંથી અનેકને અનુભવ થઈ ચૂક્યો છે...

સંત : એ માત્ર કલ્પના છે... હું તમને સમજાવું. મોટી મોટી ફેક્ટરીઓમાં હેવી લોડને એક જગ્યાએથી બીજી જગ્યાએ ટ્રાન્સફર કરવા માટે ઓવરહેડ ક્રેન હોય છે. આ ક્રેનની ૫ ટન, ૭ ટન, ૧૦ ટન... વગેરે કેપેસીટી હોય છે. ધારો કે એક ક્રેન ૫ ટન કેપેસીટીવાળી છે. મજૂર એના પર ૪ ટનની વસ્તુ લટકાવે છે... ક્રેન તૂટી જશે ?

સભા : ના, નહીં તૂટે...

સંત : ૫ ટન વજન મૂકે છે, તૂટી જશે ?

સભા : ના, નહીં તૂટે... 'સાડા પાંચ ટન...?'

'કદાચ નહીં પણ તૂટે... કારણ કે હોય એના, કરતાં ઓછી કેપેસીટી સામાન્યથી જણાવેલી હોય છે.'

સંત : એનો અર્થ એ થયો કે જ્યાં સુધી ક્રેન તૂટી પડતી નથી, ત્યાં સુધી વજન under capacity છે, beyond capacity નથી... બરાબર ? 'હા, બરાબર...'

સંત : હવે ધારો કે મજુરથી ભૂલ થઈ ગઈ... ને ૧૦ ટન વજન લટકાવાઈ ગયું... તો મજુરે હથોડો ને છીણી લઈ ક્રેન તોડવી પડે ? કે ક્રેન સ્વયં તૂટી જાય ?

સભા : વજન જ્યારે beyond capacity હોય... ત્યારે ક્રેન સ્વયં તૂટી જાય... એને તોડવાની ન રહે...

સંત : બરાબર... એક માણસ રસ્તેથી જઈ રહ્યો છે. પાછળથી ફૂલ સ્પીડમાં આવી રહેલા એક વાહને એને જોરથી ધક્કો માર્યો... આઘાતને જીરવી શકવાની એના શરીરની ક્ષમતા બહારનો આ ધક્કો હતો. તો એના પ્રાણ ત્યાં ને ત્યાં છૂટી જશે કે હવે અસહ્ય ધક્કો આવ્યો છે માટે કૂવો પૂરીને કે રેલવે પાટા પર સૂઈને પ્રાણ છોડવા પડશે ?

સભા : પ્રાણ સ્વયં છૂટી જશે, છોડવા નહીં પડે.

સંત : આનો અર્થ એ થયો કે જે દુઃખ - કષ્ટ - આફત - ત્રાસ - યાતના આવવા

> **કરો રક્ષા વિપદમાંથી, નથી એ પ્રાર્થના મારી;**
> **વિપદથી ના ડરું કદા, પ્રભુ ! એ પ્રાર્થના મારી.**

છતાં આપણે જીવતા રહ્યા છીએ... પ્રાણ છૂટી ગયા નથી એ દુઃખ વગેરે આપણી સહનશક્તિની અંદર જ હતા, બહાર નહોતા.. અસહ્ય નહોતા.. માટે તો કહું છું કે જીવનમાં દુઃખ સહ્ય જ આવે, અસહ્ય નહીં... જે ક્ષણે અસહ્ય આવે... એ ક્ષણે જીવન જ ટકે નહીં.. વ્યક્તિ મરણને શરણ થઈ જાય...

ગાંધીજીએ હિંદસ્વરાજ પુસ્તક (પૃ. ૬૦)માં લખ્યું છે કે **માથે આવી પડેલું સહી લેવાની શક્તિ કુદરતે માણસ માત્રમાં મૂકેલી છે.**

બરકત વિરાણી જણાવે છે -

સિતારા હોય છે તેને ગ્રહણ નથી મળતું,
ફુલોને બાગ મળે છે, રણ નથી મળતું;
આ એક સુખ અમે કુદરતના ન્યાયમાં જોયું,
ગજા બહારનું દુઃખ કોઈને નથી મળતું...

પ્રયોજનવશાત્ માઁ બહાર નીકળી છે. ક્યાંક જવાનું છે. સાથે બે દીકરા છે. એક પંદર વર્ષનો, બીજો પાંચ વર્ષનો... એક થેલી ઊંચકવાની છે જેમાં બે ત્રણ કીલો જેટલું વજન છે. માઁ કોને ઊંચકવા આપશે ? મોટાને કે નાનાને ?

'મોટાને...' 'કેમ ? એ અળખામણો છે ?' ... 'ના, એની વજન ઊંચકીને ચાલવાની ક્ષમતા છે, નાનાની નથી, માટે....'

'આપણે પણ આ જ સમજવાનું છે... પ્રકૃતિ 'માઁ' છે. એણે પડોશીને નહીં, ને આપણને જ દુઃખ આપ્યું, એ એટલા માટે નહીં કે આપણે એને અળખામણાં છીએ, પણ એટલા માટે કે આપણામાં જ એણે ક્ષમતા નિહાળી છે.'

શિક્ષક તરીકે જોડાયેલા યુવાનને પ્રિન્સીપલ, પાંચમા ધોરણનો ક્લાસ લેવાના બદલે S.S.C. નો ક્લાસ લેવાનું કહે તો, એ વધારે કષ્ટભર્યું હોવા છતાં એને આનંદ થાય છે. કારણ કે એમાં એને પોતાની ક્ષમતાની કદર થતી દેખાય છે.

આપણે પણ, દુઃખમાં પ્રકૃતિએ કરેલી ક્ષમતાની કદર કાં ન જોઈએ ? ને જેમ જેમ દુઃખ વધતું જાય એમ એમ ક્ષમતાની વૃદ્ધિ થતી કેમ ન દેખીએ ? ને જો એ દેખાય છે તો દુઃખી થવાની તો જરૂર જ ક્યાં રહી ?

વાત આ છે... કુદરત આપણું ગજુ જોઈને જ દુઃખ આપે છે. નાના બાળકને જોયું

> **પ્રભુ ! મારો બોજ હળવો કર... એવી પ્રાર્થના નથી કરતો....**
> **પણ મારો બરડો મજબુત થાય એવી પ્રાર્થના કરું છું....**

Scanned by CamScanner

છે ? એ ઊભું થવા જાય... તો ગોઠિંબડું ખાઈ જાય... ચાલવા જાય તો અથડાય... કૂટાય... ભોંયભેગું થાય... ૭૨-૭૫ વર્ષનો વૃદ્ધ આ રીતે પડે તો હાડકું એવું ભાંગે કે જિંદગીભર રીપેર ન થાય... બાળકને હાડકું ભાંગતું તો નથી... અરે ! એક ક્રેક સુદ્ધાં પડતી નથી.. ઉપરથી એનાથી જ એના હાડકાં વગેરે સમગ્ર શરીર મજબૂત થાય છે... બાળકને આવા કષ્ટ નક્કી જ છે, તો કુદરતે આવી ક્ષમતા પણ એના શરીરમાં મૂકી જ છે ને !

શરીર પર ઉઝરડો પડી જાય... તો વગર દવાએ રૂઝાવાની ક્ષમતા કુદરતે માનવ શરીરને આપી છે... અરે ! હાડકામાં ક્રેક અને ફ્રેક્ચર પણ ક્રમશઃ સંધાઈ જાય એવી ગોઠવણ પ્રકૃતિએ કરી આપી છે.

ધર્મશાસ્ત્રોમાં નરકાવાસની વાતો આવે છે. એક માનવીની ક્રૂર હત્યા કરનારાને કોર્ટ ફાંસી ફરમાવે છે. સો માનવીને ઠંડે કલેજે રહેંસી નાખનારને પણ ફાંસી તો એક જ વાર અપાય છે. તો બાકીની ૯૯ હત્યાની એને કોઈ સજા નહીં ? ને જો એને સજા ન થાય તો તો કુદરતના અનુશાસનમાં ન્યાયનું પલ્લું સરભર થાય જ શી રીતે ? એટલે કુદરતે એક સ્થાન એવું રાખ્યું છે કે મરણ જેવી ભયંકર યાતનાઓ વેઠવાની પણ મરવાનું નહીં... ને ફરી ફરી એવી મરણાંત પીડા જેવી પીડાઓ સહન કર્યા કરવાની... આ રીતે દરેક હત્યાનું ફળ ભોગવવાનું. આ સ્થાનનું નામ છે નરકાવાસ...

કેટલાક સત્તાધીશો કે શક્તિશાળી આદમીઓ બીજાઓને ડગલે ને પગલે ત્રાસ આપતા રહેતા હોય છે. વાત વાતમાં સજા ને નાના ગુનામાં પણ ક્રૂર સજા... આવા જીવોને એના આ આતંકની સજા આપવા કુદરત એવા સ્થાનમાં ધકેલી દે છે જ્યાં ન હવાનું સુખ હોય ન પાણીનું... બધું વિપરીત જ ઠરે.. બધું અંદર જઈને ભયંકર ઉલ્કાપાત જ સર્જે.. આ સ્થાન છે નરકાવાસ...

પરમાધામી દેવ આવે છે.. હાથમાં ગદા ઉપાડે છે... ને નારકીના જીવના માથે એટલા જોરથી ઘા કરે છે કે જેથી એનું આખું શરીર ચૂરેચૂરા થઈ જાય છે.. અતિ અતિ અતિ ભયંકર વેદના... પણ જુઓ... કુદરતે કેવું સહિષ્ણુ શરીર આપ્યું છે કે ન કોઈ ઑપરેશન... ન કોઈ પ્લાસ્ટર... ન કોઈ બેડરેસ્ટ... ન કોઈ ટાંકા કે ન કોઈ સાંધા... નવી વેદનાઓને વેઠવા શરીર સ્વયં પાછું અખંડ થઈ જાય છે...ધરતી પર બુંદ બુંદ રૂપે વેરાયેલો પારો જેમ ભેગો થઈને અખંડ થઈ જાય છે તેમ.

भैषज्यमेतद् दुःखस्य यद् दुःखं नानुचिन्तयेत्
દુઃખનું આ જ ઔષધ છે કે દુઃખને ચિંતવવું નહીં.

એટલે, દુઃખ આપતાં પહેલાં કુદરત એ દુઃખને વેઠવાની ક્ષમતા-સહિષ્ણુતા આપી દે છે એ વાત સાચી ઠરી ને ! માટે નક્કી થયું કે જીવનમાં જે દુઃખ આવે છે તે સહ્ય જ હોય છે, અસહ્ય હોતા નથી....

સભા : દુઃખ જો અસહ્ય હોતાં નથી તો માણસ આત્મહત્યા કેમ કરે છે ?

સંત : આ પ્રશ્નનો જવાબ મેળવવા માટે એક સામો પ્રશ્ન... કોઈ ગાયે... કોઈ બળદે... કોઈ કૂતરાએ કે કોઈ બિલાડીએ આત્મહત્યા કરી હોય એવો પ્રસંગ જણાવી શકશો ?

સભા : એવો પ્રસંગ તો માત્ર ગુજરાતમાં કે ભારતમાં જ નહીં, આખી દુનિયામાં નહીં મળે... માત્ર વર્તમાનમાં નહીં, ત્રણે કાળમાં નહીં મળે...

પશુ કેમ આત્મહત્યા નથી કરતું ? શું માણસને જ દુઃખો આવે છે ? પશુને દુઃખો નથી આવતા ? ના, પશુને પણ ભયંકર દુઃખો આવે જ છે.

લગભગ ઈ.સ. ૧૯૮૭માં અમારો સાપુતારાના જંગલમાંથી વિહાર હતો. ત્યાં જંગલમાં વૃક્ષ કાપી... ૧૧૦૦-૧૨૦૦-૧૩૦૦ કિલો ગ્રામ વજન ધરાવતાં મોટા મોટા થડ બળદગાડા દ્વારા જંગલમાંથી બહાર નજીકના રેલવે સ્ટેશન પર લઈ જવાતા.. ૩૦ થી ૩૬ કલાકની સમજો ને કે Nonstop જેવી જર્ની રહેતી. બળદ થાકીને લોથપોથ થઈ ગયો હોય... એકે એક હાડકાં દુઃખી રહ્યા હોય...સાંધા તૂટી રહ્યા હોય... આંતરડાં ઊંચા-નીચા થઈ રહ્યા હોય...મોંમાંથી ફીણ ને આંખમાંથી આંસુ... થોડું ચાલે... ને અટકી જાય... હવે ચાલવાની ક્ષમતા જ ક્યાં રહી છે ? ને છતાં ગાડાવાળો એને ચલાવવા માગે છે.. એ માટે એ સહારો લે છે ચાબુકનો... ચાબુક તરીકે સોટી નથી... લાકડી છે... માત્ર લાકડી નહીં... છેવાડે લોખંડની આર છે... એ જોરથી બળદને ફટકારવામાં આવે છે... લોહીની ટશેર.... તીણી ચીસ... રહી સહી શક્તિ ભેગી કરીને બળદ દોડે છે... પણ કેટલું ? પાછો થોભ્યો... પાછો લાકડીનો માર... આપણને પ્રવિણ દેસાઈના પેલા ગીતની પંક્તિ યાદ આવી જાય.

"કેવા કેવા જુલ્મો વેઠ્યા, જાનવર બનીને સ્વામી...
એક રે જાણે છે મારો આતમા, પરમાતમા !

બધી જ બાબતોને પૈસામાં માપનારા આજના જમાનાનું એક વાક્ય છે :
A million dollar smile... આમાં મુખ પર વિલસતા સ્મિતની commercial value ૧૦ લાખ ડૉલર (લગભગ ૬ કરોડ રૂપિયા) જણાવી છે. નાની નાની બાબતમાં કડવાશ લેનારો આ કિંમતી જણસને સાચવી શી રીતે શકશે ?

Scanned by CamScanner

બોજો અળખામણો ને લાકડીના માર ખાતાં વહેતી'તી આંસુડાંની ધાર મારી આંખમાં..."

ને આટલું કર્યા પછી પણ ન ચારાનું ધારેલું સુખ, ન પાણીનું ધારેલું સુખ...

એક વાર અમારો બારડોલી તરફ વિહાર હતો.... ત્યાં આસપાસ શેરડીનો પાક... ને તેથી અનેક સુગરમીલો... મીલમાંથી ઓર્ડર આવે એટલે ખેડૂતો ખેતરમાંથી શેરડી કાપીને બળદગાડામાં ઠાંસી ઠાંસીને એવી ભરે કે ભારથી ગાડું સાવ ઝુકી જાય. પાછળ તો શેરડીઓ ધરતી પર ઘસાઈ ઘસાઈને જ જાય. વળી ખેડૂતને જેટલું જલ્દી સુગરમીલે પહોંચાય એ ઇષ્ટ હોય, કારણ કે શેરડી કપાયા પછી જેમ જેમ ટાઈમ થાય તેમ તેમ સૂકાતી જવાથી વજન ગુમાવતી જાય ને તેથી પૈસા ઓછા મળે. અમારો મુખ્ય માર્ગથી વિહાર હતો. અંદરના ઍપ્રૉચ રોડ પરથી ૧૦-૧૧ બળદગાડાં શેરડી ભરેલાં આવી રહ્યા હતા... મુખ્ય માર્ગ પર વળાંક લેવાના સ્થાને એક ગાડાંનો એક બળદ ફસકી પડ્યો. એ એક ક્ષણ પોરો ખાય... એને કળ વળે... ને એ શાંતિથી ઊભો થાય... ને પછી આગળ ધપે... આટલો વિલંબ પણ ખેડૂતને માન્ય નહોતો... એણે બીજા બળદને સોટી મારી મારીને દોડાવવાનું ચાલુ કર્યું... આ નજર સામે જોયેલું દશ્ય લખી રહ્યો છું...

ફસકી પડેલા બળદને પોરો કે કળ... આનો તો કોઈ ચાન્સ જ નહોતો... એણે ધરતી પર ઢસડાવું પડ્યું... પાંચ-સાત ડગલાં ઢસડાઈને ઢસડાતાં ઢસડાતાં જ ઊઠવું પડ્યું... ને ઊઠીને દોડવું પડ્યું..

કેવી પરાધીનતા ! કેવી લાચારી ! સહાનુભૂતિનું તો નામ નહીં, પડ્યા પર પાટુ...

પશુ જીવનના આવાં તો કેટલાં દુઃખો લખી શકાય ? નજર સામે બન્યાં જ કરતાં હોય છે. દુષ્કાળમાં નથી નીર... નથી નીરણ... સૂકાતાં સૂકાતાં પશુ હાડપિંજર બની જાય... બધી ચામડી હાડકાંને ચીપકી જાય... પશુની આંખમાં નજર મેળવશો તો અકથ્ય વેદના વંચાશે... પણ આત્મહત્યાનો કોઈ ઊંડો ઊંડો અભિપ્રાય પણ ડોકાતો નહીં હોય... પશુ આત્મહત્યા કેમ નથી કરતું ?

સભામાંથી કોઈક : એણે આત્મહત્યા કરતાં નથી આવડતું...

'બહુ સારી વાત ! માણસને તો આત્મહત્યા ન આવડતી હોય તો બીજા શીખવાડનારા મળી રહે. અમેરિકામાં થોડાં વર્ષ પૂર્વેના બેસ્ટ સેલર પુસ્તકોમાંનું એક હતું. The final exit... આત્મહત્યા કરવાના ઉપાયો એમાં વર્ણવેલા હતાં !'

મનમાં મધુરતા લેનારને ડાયાબિટીસ નહીં,
મનમાં કડવાશ લેનારને ડાયાબિટીસ સહી.

પશુ ભલે બીજું કશું ન જાણે... પણ હાઈવે પર બાજુમાંથી ટ્રક પસાર થઈ રહી છે... પોતે જરાક બહાર રોડ તરફ ધસી જાય તો ખેલ ખતમ... પણ ના, એણે આત્મહત્યા કરવી જ નથી... કેમ ?

કારણ કે જીવનમાં આવતું દુઃખ ગમે એટલું ભયંકર હોય એ એને (૧) નથી અસહ્ય લાગતું કે (૨) નથી મોતના દુઃખ કરતાં અધિક લાગતું.

સભા : તો શું માણસને આવતાં દુઃખો અસહ્ય હોય છે ? મોતના દુઃખ કરતાં અધિક હોય છે ?

સંત : ના, માણસને આવતાં દુઃખો પણ એવા હોતા જ નથી, ક્યારેય પણ નહીં... પણ માણસ કલ્પનાના રંગો પૂરી-પૂરીને દુઃખને હોય એના કરતાં વધુ ચીતરી નાખે છે ને તેથી સહ્ય અને ઓછું એવું પણ દુઃખ એને જાણે કે અસહ્ય હોય ને મોતના દુઃખ કરતાં પણ અધિક હોય એવું લાગે છે. પશુ, આવેલા દુઃખમાં ક્યારેય કલ્પનાના રંગો પૂરતું નથી.

કહેવાનો આશય એ છે કે માણસને બુદ્ધિ મળી છે. એના જોરે એ કલ્પનાના રંગો પૂરી શકે છે. આ રંગો એવા હોય છે કે આવેલા દુઃખને વધારી પણ શકે ને ઘટાડી પણ શકે. (એ જ રીતે આવેલા સુખને પણ વધારી-ઘટાડી શકે, પણ એ હાલ આપણો વિષય નથી.)

X, Y અને Z .... ત્રણ મિત્રો કારમાં પ્રવાસ કરી રહ્યા હતા. ગમખ્વાર એક્સીડન્ટ થયો. X ના તો ત્યાં ને ત્યાં રામ રમી ગયા. Y ને એક પગ કપાવવો પડ્યો. Z બાલ બાલ બચી ગયો... એક ઉઝરડો સુધ્ધાં એને પડ્યો નહીં.

એક મિત્ર Y ને મળવા આવ્યો... એ કહેવા લાગ્યો...' Z ને તો કાંઈ નહીં થયું... ને તારે એક પગ કપાવવો પડ્યો ?'

Y : તું મારા રૂમમાંથી બહાર નીકળ... મિત્ર : કેમ ?

'કારણ કે તું મારો શત્રુ છે...' 'અરે ! હું તારો મિત્ર છું. માટે તો ખબરઅંતર પૂછવા આવ્યો છું...'

'જે મારું દુઃખ વધારે એને હું શત્રુ માનું છું... Z ને યાદ કરવાથી મારું દુઃખ વધે છે... X ને યાદ કરવાથી ઘટે છે... બિચારો મરી ગયો... મારે તો માત્ર એક પગ જ ગુમાવવો પડ્યો...'

આપણા શાસ્ત્રોમાં લખ્યું જ છે કે दुःखे दुःखाधिकं पश्य દુઃખદ પરિસ્થિતિમાં અધિક દુઃખીને જો. પીપરમીંટ પર પીધેલી ચા ફીકી લાગે છે. અધિક દુઃખિયારાને વિચારવાથી આપણું દુઃખ ફીકું પડી જાય છે. એક કવિએ પણ કહ્યું છે :

દૃષ્ટિ વિહોણા માનવી જોયા પછી લાગ્યું મને,
કાન બહેરા, જીભ મુંગી એ પણ પ્રભુનો પાડ છે.

બોલો ! બુદ્ધિનો ઉપયોગ આપણે દુઃખને ઘટાડવા માટે કરીએ ? કે વધારવા માટે ?

ધારો કે મોતનું દુઃખ એટલે ૧૦૦ પાવરનું દુઃખ છે. એટલે કે જ્યારે ૧૦૦ કે એનાથી વધારે પાવરનું દુઃખ આવે ત્યારે માણસનું મોત થઈ જ જાય.. પછી એને મરવા માટે ફાંસો ખાવો કે એવું કશું કરવું પડે નહીં... પણ સામાન્યથી, જીવનમાં આવતા દુઃખો ૧૦, ૨૦, ૩૦... વગેરે પાવરના જ હોય છે. ને માટે સહ્ય જ હોય છે, મોતના દુઃખ કરતાં ઓછા જ હોય છે. (જે ક્ષણે ૧૦૦ કે વધારે પાવરનું દુઃખ આવે એ ક્ષણે તો પ્રાણ છૂટી જ જતા હોવાથી એનો વિચાર કરવાનો રહેતો નથી.)

ધારો કે ૩૦ પાવરનું દુઃખ આવ્યું છે...બુદ્ધિથી કલ્પનાના રંગો પૂરીને આપણે એને ૨૦ પાવરનું બનાવીએ કે ૪૦ પાવરનું ?

સભા : બુદ્ધિથી આવું થઈ શકે ?

સંત : ભૂખરો રંગ બનાવવા ચિત્રકારે કાળા-ધોળા રંગ ભેગા કર્યા. પણ કાળાશ આવી ગઈ. હવે કાળો રંગ ઉમેરશે તો ઓર કાળાશ વધશે ને ધોળો રંગ ઉમેરશે તો કાળાશ ઘટશે... દુઃખમાં દુઃખ ઉમેરીએ તો દુઃખનો પાવર વધે ને સુખ ઉમેરીએ તો દુઃખનો પાવર ઘટે. બુદ્ધિ આ બંને કામ કરી શકે છે.

કોઈએ પૂર્વે આપણી નિંદા પણ કરી છે ને પ્રશંસા પણ કરી છે. એ વ્યક્તિએ આજે પણ આપણી નિંદા કરી... હવે એ વ્યક્તિએ પૂર્વે આપણી કરેલી નિંદાને યાદ કરવી કે પ્રશંસાને ? નિંદાની યાદ દુઃખનો પાવર વધારે ને પ્રશંસાની યાદ દુઃખનો પાવર ઘટાડે એ સ્પષ્ટ છે.

દુનિયામાં બધા જીવો સુખપ્રિય ને દુઃખ દ્વેષી હોવા છતાં મોટો ભાગ બુદ્ધિથી દુઃખને વધાર્યા જ કરતો હોય છે ને વધાર્યા જ કરતો હોય છે.

પશુ પાસે તો એવી બુદ્ધિ છે જ નહીં... તેથી એ ૩૦ પાવરના દુઃખને ૩૦ પાવરનું જ રહેવા દે છે.. ક્યારેય વધારતું નથી કે ક્યારેય ઘટાડતું નથી. દુઃખ સહજ રીતે વધતાં વધતાં ૯૫ પાવરનું થઈ જાય તો પણ એ મોતના દુઃખથી ઓછું જ હોવાથી એને આત્મહત્યા જરૂરી લાગતી જ નથી. ને જ્યારે દુઃખનો પાવર ઓર વધીને ૧૦૦ ને આંબી જશે ત્યારે તો એ દુઃખ જ એના પ્રાણ હરી લેતું હોવાથી આત્મહત્યા જરૂરી રહેતી જ નથી.. પણ માણસ !

ઈશ્વરના આશીર્વાદરૂપે મળેલી પોતાની બુદ્ધિને અભિશાપ રૂપ બનાવ્યા વિના રહેતો નથી. દુઃખ પ્રત્યે તીવ્ર નફરત હોવા છતાં અવિવેકના કારણે દુઃખ વધતું જ જાય એ રીતે બુદ્ધિનો દુરુપયોગ કરે છે. પરિણામ ?

૩૦ પાવરનું દુઃખ એને ૪૦-૫૦-૬૦ પાવરનું દેખાવા લાગે છે. ને ક્યારેક અવિવેક જ્યારે માઝા મૂકે છે ત્યારે એ દુઃખ ૧૨૫-૧૫૦ પાવરનું દેખાય છે. ને પછી ? પછી એને એમ જ લાગે છે કે આના કરતાં તો મોતનું દુઃખ ઓછું છે... ૧૨૫-૧૫૦ પાવર કરતાં ૧૦૦ પાવર તો ઓછા જ છે ને ? તેથી 'આ દુઃખ વેઠવા કરતાં તો મરવું સહેલું છે....' આ વિચાર એના મનમાં સ્થિર થાય છે... ઘુંટાય છે... ને પછી સર્જાય છે એક દુઃસહ દુર્ઘટના...

એક યુવક-યુવતીના લવમેરેજ થયા. બંનેના માતપિતાની નારાજી અને નિષેધ હોવા છતાં 'અમે એક બીજા વગર જીવી શકીએ એમ નથી' એવી લાગણીથી (!) પરણ્યા ને સ્વતંત્ર રહેતા હતા. એક દિવસ ઓફિસ જતી વખતે યુવકે પત્નીને કહ્યું કે - આજે અમુક પાર્ટી પ્લોટમાં એક પાર્ટી છે... આપણને સજોડે જવાનું આમંત્રણ છે. હું ઓફિસથી ૪ વાગે આવીશ. તું તૈયાર થઈને રહેજે. અને જો ! બધા બહુ મોટા મોટા V I P માણસો આવવાના છે. તું તારી પેલી પીંક કલરની સાડી છે ને એ પહેરજે... એમાં તું ખૂબ જ સુંદર દેખાય છે. તારો ને મારો વટ પડી જશે...

યુવક ૪ વાગે આવી ગયો... પત્ની પણ તૈયાર જ હતી. પણ એણે પીંકના બદલે ગ્રીન કલરની સાડી પહેરી હતી. આ જોયું નથી ને પતિ છંછેડાઈ ગયો.. 'તેં કેમ પીંક કલરની સાડી ન પહેરી ?'

'મને થયું આ વધારે સારી લાગશે, માટે' પત્નીએ પોતાનું મન ખોલ્યું.

'ના, આના કરતાં પીંક કલરની સાડીમાં જ તું વધારે સારી લાગે છે... હજુ પણ બદલી નાખ... આપણે ૧૦ મિનીટ પછી નીકળીશું...'

'ના, હવે આ પહેરી છે તો ભલે રહી... આમાં પણ જુઓને ! હું કેટલી સારી લાગું છું....'

'પણ, આના કરતાં પીંકમાં તું વધારે સારી લાગે છે.. માટે બદલી નાખ !'

'હું આમાં પણ સુંદર જ દેખાઉં છું... મારે નથી બદલવી...'

'તું જીદ કેમ કરે છે, બદલી નાખને !'

'સાડી મારે પહેરવાની છે... તમે આટલો બધો આગ્રહ શા માટે કરો છો ?' ધીમે ધીમે વાતનું વતેસર થયું... બંને પોતપોતાના વટ પર આવી ગયા !

આપણી જાત માટે આપણે ભલે બુદ્ધિનો ઉપયોગ કરીએ, પણ બીજાઓ સાથેના વ્યવહારમાં તો હૃદયની લાગણીઓનો ઉપયોગ કરવો જોઈએ.

Scanned by CamScanner

‘તું સાડી બદલ, તો જ તને લઈ જાઉં... નહીંતર નહીં...’ પતિએ અલ્ટીમેટમ આપી દીધું.

‘આ સાડીમાં લઈ જવી હોય તો લઈ જાવ... હું સાડી બદલવાની નથી...’ પત્નીએ પણ અહં પ્રેરિત અફર નિર્ણય જણાવી દીધો.

છેવટે ધમધમાટ કરતો પતિ એકલો જ પાર્ટીમાં ગયો.

ઘરમાં એકલી પડેલી પત્નીએ કલ્પનાના રંગો પૂરવાના ચાલુ કર્યા... બધી અક્કલ એમનામાં જ છે.. મારામાં તો જાણે અક્કલ છે જ નહીં... હું શામાં સારી લાગું છું.. એ મને તો ખબર જ જાણે કે પડતી નથી...

સાડી મારે પહેરવાની છે... પછી એમણે આવી જીદ રાખવાની શી જરૂર ? હું એમના વસ્ત્રો માટે જીદ રાખું છું ? મારી આટલી પણ ઈચ્છા નહીં રાખવાની ? મને આટલી પણ સ્વતંત્રતા નહીં... પરણ્યા એટલે કાંઈ શું એમના ગુલામ બની ગયા ? આજે પહેરવાની વાતમાં ગુલામી... કાલે ખાવા-પીવામાં ગુલામી આવશે... પછી હરવા-ફરવામાં... વાતે વાતે ગુલામી... ડગલે ને પગલે એમની જોહુકમી.... ક્યાં સુધી ? આખી જિંદગી સુધી.... ના, ના... આવી જીવનભરની ગુલામી હું નહીં સહન કરી શકું... એના કરતાં તો મરી જવું સારું...

કલ્પનાના રંગો ઘટ્ટ થયા... વધુ ઘટ્ટ કર્યા... અટકાવનાર કોઈ હતું નહીં... ને પરિણામ ? સાડીનો ફાંસલો બનાવી પંખા પર લટકી ગઈ !

શું એક સાડી પહેરવાનો વિવાદ... મોત કરતાં પણ અધિક દુઃખરૂપ છે ?

તમે ન્યુઝ પેપરમાં વાંચતા જ હશો...

★ પોતાને મનપસંદ હેરસ્ટાઈલ કરાવવાની મમ્મીએ ના પાડી... ને સોળ વર્ષની દીકરીએ આત્મહત્યા કરી...

★ કોઈક પ્રસંગે પીયર જવાની પતિએ રજા ન આપી ને પત્નીએ કૂવો પૂર્યો...

★ એક માર્ક માટે મેરીટમાં નંબર ન આવ્યો ને વિદ્યાર્થીએ ટ્રેન નીચે ઝંપલાવી દીધું...

શું આ બધા ૧૨૫ પાવરના દુઃખો છે કે પૂરા ૨૫ પાવરના પણ નથી ? ને છતાં આત્મહત્યા ? કેમ ?

આપણી મુશ્કેલી એ છે કે જે હજુ બની જ નથી એવી આવતીકાલની ગાડીને, જે અતીતની ગર્તામાં ધકેલાઈ ગયો છે એવા ભૂતકાલીન રસ્તા પર ચલાવવા માટે આજના વર્તમાન ડ્રાઈવર એવા આપણે મથામણ કરી રહ્યા છીએ.

પ્રશ્ન : આવા દુઃખમાં આત્મહત્યા કરનાર તો મૂરખ જ છે. પણ જ્યારે દુઃખો ચારે બાજુથી તૂટી પડે છે ત્યારે સહનશક્તિ ખૂટી ન પડે ? એક બાજુ જે ધંધો કરવામાં આવે છે તે ઉંધો પડે છે... જેની પાસે આપણું લેણું છે એ બધા કશી દાદ આપતા નથી. ને જે આપણા લેણદારો છે તે છાતી પર ચડી બેસે છે... વળી શરીરમાં કોઈ ગંભીર રોગ જાતજાતની હેરાનગતિ કર્યા જ કરે છે... સાસરે વળાવેલી દીકરીને સાસરિયાંઓએ ખોટું આળ મૂકીને - જાતજાતનો ત્રાસ આપીને કાઢી મૂકી છે ને એ બે વરસથી ઘરે આવીને બેઠી છે....ને એ સાસરિયાંઓ દીકરીની ને આખા પરિવારની એટલી બધી ગલત ગલત વાતો સમાજમાં ફેલાવે છે કે તેથી સમાજમાં ઊભા રહેવું પણ મુશ્કેલ બની ગયું છે ને વળી ઘણી મહેનત કરવા છતાં આમાં કશો ફરક પડતો નથી... કે આ દુઃખોનો કોઈ અંત દેખાતો નથી. આ બધા દુઃખોનો સરવાળો તો ૧૦૦ પાવર કરતાં વધી જ જાય ને ?

ઉત્તર : ચારે બાજુથી ભારે ભીંસ અનુભવતી વ્યક્તિના પણ જો પ્રાણ છૂટ્યા નથી તો બધા દુઃખોનો સરવાળો ૧૦૦ પાવર કરતાં ઓછો જ છે. ૧૦૦ પાવર કરતાં વધે એટલે પ્રાણ છૂટી જ જાય... ટકે જ નહીં... આ વાત દિલમાં કોતરી રાખવા જેવી છે.

પ્રશ્ન : પણ લેણદારો જમ જેવા હોય. પૈસા કઢાવવા ચામડાના પટ્ટાથી મારે... દંડા ફટકારે... ઘરે પહોંચો તો પત્ની ‘પૈસા લાવો’ ‘પૈસા લાવો...’ જીવ ખાતી હોય... વળી પુત્રવધૂ રીસાઈને પીયર ચાલી ગઈ છે ને કૌટુંબિક ત્રાસના નામે જાતજાતના કેસ ઠોકી દીધા છે... આ બધું સહન શી રીતે થાય ?

ઉત્તર : આત્મહત્યા દ્વારા મૃત્યુના ૧૦૦ પાવરના દુઃખને સહન કરવા તૈયાર થઈ જનારો ‘૭૦-૮૦’ પાવરના દુઃખને સહન શી રીતે કરી શકાય ? આવો પ્રશ્ન પૂછી શકે ખરો ?’

પ્રશ્ન : પણ આ બધું દુઃખ ભેગું થઈને પણ મૃત્યુ કરતાં ઓછું જ છે... એમ શી રીતે કહી શકાય ?

ઉત્તર : એટલા માટે કહી શકાય કે (૧) એ બધું ભેગું થઈને પણ શરીરના ગજાની અંદર જ છે, બહાર નહીં. દુઃખ શરીરના ગજાની-ક્ષમતાની બહાર જાય ત્યારે મોત થઈ જાય, એમાં કોઈ વિકલ્પ જ નથી... (૨) કલ્પનાથી દુઃખને મોટા ચીતરીને આત્મહત્યા કરનારાઓ મોટે ભાગે પાછળથી પસ્તાતા હોય છે.

જીવવામાં અનુભવાતા દુઃખો છેવટે પરિચિત તો છે જ. વળી એને સહેવાનો કંઈક અનુભવ પણ છે, મોતનું દુઃખ તો અપરિચિત છે, ને તેને સહેવાનો તો બિલકુલ અનુભવ નથી, પછી એને ભેટવાની ઈચ્છા શા માટે કરે છે ?

Scanned by CamScanner

કર્ણાટકના એક શહેરની વાત છે. પતિ-પત્ની ને ૭-૮ વર્ષની એક દીકરી... આટલો પરિવાર... ધંધો સારો... પૈસે ટકે સુખી.. છતાં પતિ-પત્ની વચ્ચે કંઈક ને કંઈક ઘર્ષણ થયા જ કરતું.. છેવટે પત્ની પોતાના પિયર બેંગ્લોર ચાલી ગઈ. સમાજના-પરિવારના વડીલોએ વચ્ચે પડી સમાધાન કરાવ્યું. પત્ની પાછી પતિ સાથે રહેવા આવી. બંને પક્ષે કેટલીક કેટલીક શરતો સાથે થયેલું સમાધાન સફળ ક્યારે થાય ? 'મારે મારા પક્ષે, મારા સ્વભાવમાં... મારી કાર્ય પદ્ધતિમાં... મારી બોલચાલમાં જે સુધારો કરવાનો છે એ હું કરું છું કે નહીં ?' બંને પક્ષ જો આ જોયા કરે ને આવશ્યક સુધારો કરતો રહે તો સમાધાન ચોક્કસ સફળ થાય.

પણ... જો આનાથી વિપરીત હોય, પોતે સુધારો કરવાનો માથે કોઈ ભાર નહીં, પણ સામાએ જે સુધારા કરવાના સ્વીકાર્યા છે એ એણે કર્યા છે કે નહીં ? બંને પક્ષ જો આ જ જોયા કરતો હોય ને આમાં જે ગરબડ થાય એની નોંધ રાખ્યા કરતો હોય તો સમાધાન ક્યારેય સફળ ન થાય...

ટૂંકમાં, બંને પક્ષ સમાધાનને સફળ કરવાની જવાબદારી પોતાના શિરે સમજે (સમાધાનને પોતાની ગરજ સમજે) તો સમાધાન સફળ ને જો એ જવાબદારી સામાના શિરે સમજે (અર્થાત્ સમાધાન એ સામાની ગરજ છે એવું સમજે) તો સમાધાન નિષ્ફળ...

આ પતિ પત્નીએ જાતનું ચેકિંગ રાખવાના બદલે સામાનું ચેકિંગ ને હિસાબ રાખવાના ચાલુ કર્યા...પરિણામ ? પાછા કલેશ... બોલાચાલી... ઝગડા... ને એક દિવસ સવાર સવારમાં ભયંકર ઝગડો થઈ ગયો.. ખૂબ આવેશ... ખૂબ તાણ... સમય થયો એટલે પતિ દુકાને ગયો.... દીકરી સ્કૂલે ગઈ... ને પત્ની ઘરમાં એકલી પડી... મનમાં તીવ્ર અજંપો ભરેલો હતો.

કારેલાના શાકમાં હંમેશા ગોળ કે ખાંડ નાખનારી એ સન્નારીએ આજના કડવા પ્રસંગમાં કડવાશ નાખવાની શરૂ કરી. રસોડામાં ગોળ-ખાંડ તો તરત હાથમાં આવી જાય એવા હાથવગાં હોય છે, ને સુદર્શનચૂર્ણ-કરીયાતું વગેરે કડવાશવાળી ચીજો તો કીચનના કબાટના બધા ખાનાં ફંફોસી નાખ્યા પછી પણ હાથ લાગે કે નહીં ? નક્કી નહી, પણ આ મહિલાના દિમાગરૂપી કિચનના કબાટમાં આનાથી સાવ વિપરીત પરિસ્થિતિ હતી. પતિ સાથેના સુખદ-મધુર પ્રસંગોની યાદ નોંધરૂપી ગોળ-ખાંડની ભારે તંગી હતી. કહો ને કે એ - મહિલાએ એને દિમાગમાં સ્થાન જ આપ્યું નહોતું...ને દુઃખદ કડવા પ્રસંગોની યાદ-નોંધરૂપી કડવાશથી તો એ દિમાગ કબાટ ફાટ ફાટ થતું હતું.

લોહીમાં મધુરતા..ડાયાબિટીસની સમસ્યા..દૃષ્ટિમાં મધુરતા..સમસ્યાનું solution.

ને એ બાઈએ આજના કડવા પ્રસંગરૂપી કારેલામાં આ બધી કડવાશ નાખવાની ચાલુ કરી.

એ દિવસે પોતાની ભૂલથી પાણી ઢોળાયેલું... ને છતાં પતિએ મને ધધડાવી નાખેલી...

પેલા દિવસે દૂધ મોડું આવવાથી દીકરીને તૈયાર કરવામાં મોડું થયેલું ને છતાં, 'તારી માની જેમ તું પણ સાવ આળસુની પીર છે... ' વગેરે શું નું શું સંભળાવેલું...

ગયા રવિવારે સાવ ફેંકી દેવા જેવું બહાનું કાઢીને મને ધરાર ફરવા નહોતા લઈ ગયા.

કડવાશ વધવા માંડી.... કારેલામાં મહાસુદર્શન ચૂર્ણ નાખ્યા પછી બીજી તો આશા પણ શી રખાય ? ને વળી ત્યાં *કોઈ કહેનાર તો હતું જ નહીં, કે

ઓ બેની ! કડવાશનો નહીં, માધુર્યનો છંટકાવ કર. તું યાદ કર...

પેલા અવસરે તારી કશી જ માગણી વિના પણ તારા પતિએ કેવો ભવ્ય દાગીનો કરાવી આપવાની લાગણી દર્શાવેલી !

ખાસ સખીના લગ્ન પ્રસંગે તેં તો બે હજારની સાડીની આશા રાખેલી... પણ તારા આ જ પતિએ પ્રેમથી પાંચ હજારની સાડી અપાવી હતી. એ વખતે એમની આંખોમાં તેં નિહાળેલા પ્રેમને બહેના ! યાદ કર....

તારા જન્મ દિવસે તારી પ્રિય સખીઓ સમક્ષ તારા આ જ પતિએ તારી કેવી પ્રશંસા કરી હતી... તું ખુદ શરમાઈ નહોતી ગઈ ? મારી વહાલીબેન ! તું એ પ્રશંસાના શબ્દોને વાગોળ ને !

પણ, માનવમનની હાય કરુણતા !

જેની કડવાશ લાંબી ટકતી નથી...

જેની કડવાશ લાભકર્તાય નીવડી શકે...

એવી સુદર્શન ઘનવટી કે ક્વિનાઈનની ગોળીને મુખમાં ક્યારેય નહીં મમળાવતો માનવી મનમાં કડવાશને જ મમળાવ્યા કરે છે.

જીભને કડવાશ ફાવતી નથી તો મનને પણ ફાવતી નથી જ, તો આ પાગલપન શા માટે ? ને પછી એનું પરિણામ ?

વર્તમાન બોજ અસહ્ય હોતો નથી, પણ આપણે તેમાં કડવી યાદ દ્વારા ભૂતકાલીન બોજને કે દુઃખદ કલ્પનાઓ દ્વારા ભાવી બોજને ભેળવીએ ત્યારે જ એ અસહ્ય બનેલો લાગે છે.

★ સંયુક્ત પરિવારનો એક લાભ આ પણ ખરો ને કે આવા અવસરે આવી વાત કરવા દ્વારા કોઈક વારનાર પણ હાજર હોય, ને દુર્ઘટના ટળી જાય.

Scanned by CamScanner

સામાન્ય કડવો પ્રસંગ અતિ અતિ કડવો વખ બની જાય છે જેને માનવમન સહન કરવા તૈયાર હોતું નથી.

કેવી વિચિત્રતા છે ! એક પોતાનો ધંધો... બીજો પાર્ટનરશીપમાં ધંધો... પોતાના ધંધામાં એવો ફટકો પડી ગયો કે ધંધો બંધ કરી દેવાની નોબત આવી. ને એ જ વખતે ભાગીદાર જો કહે કે 'આપણે છૂટા થઈ જઈએ' તો 'ઘા પર નમક ભભરાવીને મને વધારે દુ:ખી શા માટે કરે છે ?' એવું કહેનારા આપણે પોતાના વર્તમાન દુ:ખના ઘા પર અતીત દુ:ખોના સ્મરણરૂપ નમક સ્વયં ભભરાવ્યા જ કરીએ છીએ. પછી વર્તમાન દુ:ખનો ત્રાસ અતિ અતિ વધી જ જાય ને ! આપણે યાદ રાખવું જોઈએ કે આજે બનેલો પ્રસંગ, જેવો ભાસી રહ્યો છે એવો અતિ અતિ કડવો વખ ક્યારેય હોતો જ નથી... જુની કડવાશોને ઉમેરવાથી જ એ એવો કડવો વખ ભાસી રહ્યો હોય છે...

મજુરે ક્રેન પર ૧ ટન વજન લગાવ્યું. વળી કાળાન્તરે બે ટન વજન રાખ્યું... વળી પછી ક્યારેક દોઢ ટન વજન ટીંગાડ્યું... ત્યાર પછી પાછો બે ટન વજન મૂકવાનો પ્રસંગ આવ્યો. એ તો નિશ્ચિંત હતો... કારણ કે ક્રેનની કેપેસીટી પાંચ ટનની છે એ એને ખબર છે... પણ ક્રેન ઓપરેટર એ વખતે, ઉતરી ગયેલા આ જુના ૧+૨+૧.૫ =૪.૫ ટનના વજન પણ પાછા લટકાવી દે તો પરિણામ એ જ આવે ને કે ક્રેન તૂટી જાય...

પ્રકૃતિ આપણી કેપેસીટી જોઈને જ દુ:ખનો ભાર ખડકે છે. પણ જીવની કુટેવ ! જુના ઉતરી ગયેલા ભારને પાછા ચઢાવવાનું જાણે કે ચાલુ કરે છે... બધું વજન ભેગું થઈને પછી જાણે કે beyond capacity ભાસે છે.

અલબત્ત જૂનું દુ:ખ તો વીતી ચૂક્યું છે. વિલીન થઈ ગયું છે. વાસ્તવમાં એનો ભાર વધી શકતો નથી જ. ને તેથી જીવ કલ્પનાથી જિંદગીભરના દુ:ખોને લટકાવી દે તો પણ વર્તમાનનું વિદ્યમાન દુ:ખ beyond capacity બની શકતું નથી. નહીંતર તો પ્રાણ છૂટી જ જાય, છોડવાના ન રહે. પણ કલ્પનાથી લટકાવેલાં દુ:ખો વર્તમાન દુ:ખને કલ્પનામાં વધારીને ક્ષમતા બહારનું દેખાડે છે.... અસહ્ય દેખાડે છે... મોતના દુ:ખ કરતાં અધિક હોવું દેખાડે છે... ને તેથી મોતનું દુ:ખ, વર્તમાન દુ:ખ કરતાં ઓછું ભાસવાથી જીવ એના પર પસંદગીનો કળશ ઢોળી દે છે.

પેલી પત્નીએ પણ મોતને પસંદ કરી લીધું... બારણું કર્યું બંધ...કોઈ પ્રયોજનવશાત્

Suicide is not Safeside....
દરેક દુ:ખના દસ્તાવેજ પર આપણા પોતાના જ હસ્તાક્ષર હોય છે
- પૂ.આ.શ્રી રત્નસુંદર સૂ. મ.સા.

ઘરમાં આવેલી એસીડની બોટલ ઊઠાવી... ને ગટગટાવી ગઈ... પલંગ પર લંબાવ્યું...

ધીરે ધીરે એસીડે પોતાની અસર શરૂ કરી. બાઈનો શરીર પરનો કંટ્રોલ છૂટી ગયો.. ને અચાનક 'ધબાક્' દેતી એ જમીન પર પડી. અવાજ મોટો હતો... પડોશીઓ દોડી આવ્યા. બારણું તો બંધ હતું... પણ બારીના સળિયામાંથી જોયું તો પરિસ્થિતિ કળી ગયા. કારણ કે પતિપત્ની વચ્ચે અણબનાવ છે. વાર તહેવારે તણખા ઝરે છે ને આજે સવારે બહુ મોટો ભડકો થયો હતો એ વાતની બધાને ખબર હતી. પડોશીઓએ તરત એના પતિને બોલાવ્યો.

પતિ આવ્યો. એ પણ પરિસ્થિતિ કળી ગયો. બારીમાંથી એણે બૂમાબૂમ કરી મૂકી : તું બારણું ખોલ... તું બારણું ખોલ... પત્નીનો શરીર પર કોઈ કંટ્રોલ નથી... બેલેન્સ ગુમાવી દીધું છે.. ચાલવાની તો નહીં, ઊભા થવાની પણ શક્તિ રહી નથી. છતાં પૂરું જોર લગાવીને ઢસડાતી ઢસડાતી એ બારણા સુધી તો માંડમાંડ પહોંચી... પણ બારણાની કડી ઠેઠ ઉપર હતી. એ શી રીતે ખોલવી ? પાછી શરીરની રહી સહી શક્તિ ભેગી કરી... બારણાંના જ ટેકે ટેકે ઊભા થવા પ્રયત્ન કર્યો. ત્રીજી વારમાં સફળ થઈ... ને કડી એણે ખોલી નાખી.

પતિ તરત એને ત્યાંની સ્થાનિક હોસ્પિટલમાં લઈ ગયો.. પણ ડૉક્ટરે બેંગ્લોર લઈ જવા કહ્યું.. બેંગ્લોર તરફ પ્રસ્થાન કર્યું. પણ ગાડી બેંગ્લોર પહોંચે એ પહેલાં તો એ પત્નીના પ્રાણ પરલોકમાં પહોંચી ગયા...

મારો પ્રશ્ન છે : જો એ પત્નીએ મરવું જ હતું તો દરવાજો ખોલ્યો કેમ ? એ માટે આટલી જહેમત ઊઠાવી કેમ ?

આનો જવાબ સ્પષ્ટ છે : આત્મહત્યા કરવા માટે પોતે ભરેલાં પગલાંનો હવે પારાવાર પસ્તાવો થઈ રહ્યો છે. તે પણ એટલા માટે કે જેમ જેમ એસીડજન્ય પીડા વધતી ગઈ તેમ તેમ વાસ્તવિકતાનું ભાન થવા માંડ્યું... પતિના દુ:ખ કરતાં યમરાજાનું દુ:ખ સેંકડોગણું વધારે ભયંકર હોય છે એની ઝાંખી થવા માંડી... ૧૦૦ પાવરની સામે ૨૦ પાવરનું દુ:ખ કાંઈ જ વિસાતમાં નથી એ અક્કલ આવવા માંડી... life is worth living નો કંઈક પણ અહેસાસ શરૂ થયો... ને તેથી હવે જીવવાની પ્રબળ ઈચ્છા ઊભી થઈ છે.

જીવન બુમરેગની રમત છે. માણસના વિચારો, કાર્યો અને શબ્દો મોડાં વહેલાં પણ અદ્દ્ભુત ચોક્સાઈથી તેના ભણી જ પાછાં વળે છે. આ જ કર્મનો નિયમ છે.
(જીવન એક ખેલ, કુંદનિકા કાપડિયા)

પણ હવે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે. જીવવું છે... ને જીવી શકાતું નથી... પરિણામ ? ભયંકર સંકલેશ... વળી ૨૦ પાવરના દુઃખને વેઠી ન શકનાર ૭૦-૮૦ પાવરના વધતા જતા દુઃખને વેઠી શી રીતે શકે ? આ કારણે પણ મનમાં તીવ્ર દુર્ધ્યાન હોય છે. ને આવા દુર્ધ્યાનમાં જ પ્રાણ છોડનારો જીવ જ્યાં આના કરતાં પણ વધારે ભયંકર દુઃખો હોય એવી દુર્ગતિમાં ફેંકાઈ જાય છે - એવું ધર્મશાસ્ત્રો કહે છે.

ને આ વાત logically પણ એટલી જ સાચી છે. **'જેલર'** પુસ્તકમાં નાસ્તિકને પણ convince થવું પડે એવા logic દ્વારા સાબિત કરી આપવામાં આવ્યું છે કે, સજા અપરાધની જ હોય છે, **વિના અપરાધ સજા નહીં.** ગુનાખોરી વધી ન જાય એ માટે દેશની જેમ સમગ્ર વિશ્વમાં પણ કુદરતની એક કોર્ટ છે, નામે કર્મસત્તા. આ કોર્ટ જીવને એના અપરાધ મુજબ નાની-મોટી સજા કરે છે. આપણને ગાળ આપનાર-થપ્પડ મારનાર કે નુકસાન પહોંચાડનાર... આપણી આસપાસ રહેલા આ બધા જ જીવો કર્મસત્તાની કોર્ટના જેલર છે. સજા કરવાનો અધિકાર ને સામર્થ્ય એક માત્ર કર્મસત્તા પાસે છે. જીવ તો વધુ માં વધુ, આ કર્મસત્તાની કોર્ટે ફરમાવેલી સજાનો અમલ કરનારો જેલર બની શકે છે, એ સ્વયં જજ બનીને સજા ફટકારી દે આવું ત્રણે કાળમાં ક્યારેય શક્ય નથી. એટલે દુઃખ આપનાર જીવોનો પ્રતિકાર એ જેલરના પ્રતિકારરૂપ હોવાથી સજા વધારનાર છે ને પીડાનો સમતાથી - સહર્ષ સ્વીકાર એ સજાને ઘટાડનાર છે.

અમુક રૂપિયાનો દંડ, નજરકેદ, સાદી કેદ, સખત કેદ, અંધારી કોટડી, ભૂખ્યો રાખવો, કોરડા વીંઝવા કે ફાંસી... દુનિયાની કોર્ટ પાસે સજાકરવાના આવા બહુ અલ્પ વિકલ્પો છે. કુદરતની કોર્ટ પાસે ગાળ, અપમાન, કટુવેણ, ટૉર્ચરીંગ, જૂઠા આરોપ, જસના બદલે જૂતિયાં, પુષ્કળ મહેનત બાદ પણ નિષ્ફળતા, વિવિધ દુર્ગતિઓ, શરીરની કદરૂપતા, રોગિષ્ઠતા, ખોડખાંપણ, નફાના બદલે નુકસાન... ધંધામાં ડગલે ને પગલે સમસ્યાઓ, ડગલે ને પગલે પરાભવ, નિંદા, એક્સીડન્ટ, હત્યા... આવા સજા કરવાના લાખો વિકલ્પો છે.

જીવનમાં આવતું કોઈ પણ દુઃખ, એ કર્મસત્તાની કોર્ટે કરેલી સજા છે...ને સજા જો થઈ રહી છે, તો એને અનુરૂપ અપરાધ આપણે કરેલો હોવો જોઈએ...આ જનમમાં નહીં તો પૂર્વજનમમાં... કારણ કે કર્મસત્તાની કોર્ટ ક્યારેય પણ સમ ખાવા પૂરતી પણ

> **રવિસમ તેજ રાશિને ઉદય ને અસ્ત આવે છે,**
> **શશિસમ શાંતમૂર્તિ પણ વધીને ક્ષીણ થાય છે.**
> **સમંદરના તરંગોમાં જો ભરતીને ઓટ આવે છે,**
> **(તો) રડે શાને ઓ માનવ ! સુખો જો દુઃખો લઈને આવે છે.**

અપરાધ વિના સજા કરવાની ભૂલ કરતી નથી.

માત્ર જેલનું જ દશ્ય જોનારને જેલર હળાહળ અન્યાય કરી રહ્યો છે એવું ચોક્કસ લાગે. કારણ કે એ જે કહે એ બધું જ એક આજ્ઞાંકિત સેવકની જેમ કેદી કરી આપે છે ને છતાં સાંજ પડ્યે જેલર કેદીને ૧૦ કોરડાં વીંઝે છે... વળી આ માત્ર એક દિવસ માટે નહીં... રોજ .... વરસ થયું... બે વરસ થયાં... ત્રીજું વરસ પૂર્ણ થવા આવ્યું... અટકવાનું નામ જ નથી... માત્ર આ જોનારને અન્યાય લાગે એમાં નવાઈ નથી.

પણ, દષ્ટિને સીમિત ન કરતાં જેલની બહાર પણ લઈ જવામાં આવે 'આ કોઈની હત્યા કરીને આવેલો છે માટે કોર્ટે એને ૧૦ વર્ષની સખત કેદની સજા ને ઉપરથી રોજ ૧૦ હંટરના ફટકાની સજા ફરમાવી છે. પેલો મજૂરી કરાવનારો ને ફટકા મારનારો જેલર છે...' આ બધું જોનારાને આમાં કોઈ અન્યાય લાગે જ શી રીતે ?

ભગવાન કહે છે - કુદરતની dictionary માં 'અન્યાય' નામનો શબ્દ જ નથી. પણ, વર્તમાન જીવન કે જે એક પ્રકારની જેલ છે. આપણે માત્ર આ જેલમાં જ જોયા કરીએ છીએ કે મારો કયો અપરાધ ? મારે કેમ સહન કરવું પડે છે ? જેલમાં આવ્યા પછીનો કોઈ અપરાધ તો દેખાતો નથી... ને તેથી આપણને અન્યાય થયાની લાગણી થાય છે. પણ જો દષ્ટિને જેલની બહાર (= પૂર્વ જન્મમાં) લઈ જવામાં આવે તો, વર્તમાનમાં જે કાંઈ સહન કરવું પડે છે એ બધાના અંકોડા મળી જ રહે છે.. ને તેથી અન્યાયની ગંધ સુધ્ધાં રહેતી નથી.

(કુદરતના અનુશાસનમાં અન્યાય હોય શકે જ નહીં... હોય તો એનું અનુશાસન લાંબુ ટકી શકે નહીં. આ વાત અંતઃકરણમાં સ્થિર કરવામાં આવે તો, જે જે દુઃખ રૂપી સજાના અંકોડા આ જનમમાં મળી શકતા નથી, એ અંકોડા મેળવવા માટે પણ પૂર્વજન્મ માનવો જરૂરી બને છે. ને પૂર્વ જન્મ છે તો પુનર્જન્મ હોવામાં પણ કોઈ જ શંકા ન રહેવાથી, આ જન્મ લેનારા તરીકે સ્વતંત્ર આત્મદ્રવ્ય પણ માનવું જરૂરી બને છે. અસ્તુ).

'જેલર' પુસ્તકના કહેલા આ સારાંશ પરથી આટલું નિશ્ચિત થાય છે કે જીવનમાં આવતું કોઈ પણ દુઃખ... બીજાઓ તરફથી થતો કોઈ પણ પ્રકારનો ત્રાસ... કુદરતી આફતો... આ બધું જ કર્મસત્તાની કોર્ટે કરેલી સજારૂપ છે.

ધંધામાં વિમાસણ, પરિવારમાં સમસ્યા, શરીરમાં Complications, સમાજમાં પરાભવ, દીકરાએ ફૂંકેલું દેવાળું... દીકરીએ કરેલું લફરું... આ બધું જ કર્મસત્તાની

> **ખડા હિમાલય બતા રહા હૈ, ડરો ન આંધી પાની મેં,**
> **ખડે રહો અપને પથ પર લાખ મુસીબત આને મેં.**

કોર્ટે કરેલી સજા છે. વળી આપણો પૂર્વજન્મનો અપરાધ એવો હતો કે આ કોર્ટે આ સજા આપણને ૧૦ વર્ષ માટે ફરમાવેલી છે. આપણે ત્રણ વર્ષમાં જ થાકી ગયા.. 'આનો કોઈ છેડો જ દેખાતો નથી.. ક્યાં સુધી સહન કર્યા કરવું ? હવે તો હદ થઈ ગઈ, હવે સહન થતું નથી.... એના કરતાં મરી જાઉં...'

આવું બધું વિચારીને આત્મહત્યા કરવી એ જેલની વંડી ઠેકીને ભાગી જવાના પ્રયાસરૂપ છે. અલ્યા ! સજા પૂરી કરવાના બદલે વચ્ચેથી પલાયનવાદનો પ્રયાસ કરે છે? પરિણામ ?

જેલમાંથી ભાગી છૂટવાનો પ્રયાસ કરનારા કેદીની સજા જેમ વધારી દેવામાં આવે છે, એમ દુઃખથી ડરીને આત્મહત્યા કરનાર જીવની સજા પણ કર્મસત્તા વધારી દે છે. અર્થાત્ એને વધારે ભયંકર દુઃખદ દુર્ગતિમાં ધકેલી દે છે.

એટલે, ભલે ને ચારે બાજુથી દુઃખોના પહાડ તૂટી પડ્યા હોય, ઘણી મથામણ કરવા છતાં દુઃખ ઘટવાના બદલે વધતું જ જતું હોય, ક્યાંય દુઃખોનો અંત જણાતો ન હોય... આત્મહત્યાનો તો સ્વપ્નમાં પણ વિચાર કરવા જેવો નથી. કારણ કે કર્મસત્તા આગળ આપણો વિચાર પણ ગુપ્ત રહી શકતો નથી, ને તેથી અધૂરી સજાએ ભાગી જવાના એ વિચાર માત્રની પણ કર્મસત્તા નવી આકરી સજા સુણાવી દે છે.

જેમ કેદી માટે, ટૂંકી હોય તો ટૂંકી ને લાંબી હોય તો લાંબી... બિલકુલ અકળાયા વગર સજા શાંતિથી સહન કરવી એ જ એક ઉપાય હોય છે. બે-પાંચ વરસની હોય તો બે-પાંચ વરસ... દસ વરસની હોય તો દસ વરસ... ને આજીવન હોય તો આજીવન... હવે હદ થઈ ગઈ... હવે હું થાકી ગયો છું.. હવે સહન નથી થતું... વગેરે કોઈ વિકલ્પ હોતો નથી. એમ આપણે પણ દુઃખો માટે સમજવું જોઈએ. કારણ કે, છેવટે, દરેક પ્રકારના દુઃખ (આપણા ખુદથી જાણે - અજાણે જાતે ઊભી થઈ ગયેલી, કુદરતી રીતે થયેલી કે બીજાઓએ ઊભી કરેલી આપણને ન ગમતી - પ્રતિકૂળ દરેક પરિસ્થિતિ) એ કર્મસત્તાએ કરેલી સજા છે. અપરાધ - ગુના - પાપ કરવામાં હદ નથી રાખવી... થાકવું નથી..તો સજામાં - દુઃખમાં થાક લાગે..હદની ઇચ્છા રાખીએ..એ કેમ ચાલે? દુઃખથી થાકવું.. દુઃખથી ડરવું... દુઃખથી ભાગવું... આ બધા જો દુઃખ મુક્તિના ઉપાય હોત તો તો દુનિયામાં કોઈ દુઃખી રહેત જ નહીં. સજાથી ડરવું એ કોઈ દિવસ સજામુક્તિનો ઉપાય બની શકે નહીં... હા, અપરાધથી ડરનારો ને તેથી પછી અપરાધથી દૂર રહેનારો જરૂર એક દિવસ સજાથી મુક્ત થઈ જવાનો છે. એમ ભગવાન્ આપણને કહે છે - તારે

જ્યારે તમારી પાસે કશું જ બચ્યું નથી હોતું ત્યારે પણ ભવિષ્ય તો બચ્યું જ હોય છે... આત્મહત્યા દ્વારા એ ભવિષ્યનો સ્વયં નાશ શા માટે કરવો ?

દુઃખથી મુક્ત થવું છે ? તો દુઃખથી નહીં, પાપથી થાકવાનું - ડરવાનું - ભાગવાનું ચાલુ કર... આજે નહીં તો કાલે... અલ્પકાળમાં જ તારી દુઃખથી સર્વથા મુક્તિ થઈ જશે...

એટલે, જેઓ દુઃખથી ડરી ગયા છે... મૂંઝાઈ ગયા છે.. હારી ગયા છે... થાકી ગયા છે... ને તેથી કદાચ મરી જવા સુધીના વિચારમાં ચઢી ગયા છે તેઓએ માત્ર યાદ રાખવા જેવું નહીં, વારંવાર ઘુંટવા જેવું વાક્ય આ છે -

દુઃખથી ડરીને મરી જવું એ દુઃખમુક્તિનો ઉપાય નથી...

એક પરદેશી લેખિકાએ તો આત્મહત્યાનો વિચાર કરનારની મશ્કરી કરી છે. એ લેખિકા કુ. ડોરોથી પાર્કર કટાક્ષપૂર્ણ ઉપહાસ કરતાં કહે છે...

ઓ હો હો.. તમારે મરી જવું છે...મને કહેશો ખરા કે શા માટે તમારે મરવું છે?

"જીવન ખૂબ ત્રાસમય બની ગયું છે, દુઃખ અસહ્ય લાગી રહ્યું છે.. માટે, એમ ?તો મને જણાવશો કે તમે કઈ રીતે મરવા માંગો છો ?"

"પેટમાં છુરી હુલાવી દેશો ? છરી કે અસ્ત્રાની પીડા તો ખૂબ જ ભયંકર હોય છે...એના કરતાં તો તમારું વર્તમાન દુઃખ ચોક્કસ ઓછું જ છે... નદીમાં ડૂબી મરવું કે કૂવો પૂરવો... આ બોલવામાં જેટલું સરળ લાગે છે... એટલું વાસ્તવમાં નથી. ગૂંગળામણ થશે ત્યારે એની કઠિનાઈ સમજાશે... ઍસિડ તો ખૂબ જલદ હોય છે ને ઉંઘવાની ગોળીઓ કે ડ્રગ્સ પણ જ્યારે અસર થવા માંડે છે ત્યારે ખૂબ કષ્ટદાયક હોય છે. એ.કે. ૫૬ તો મેળવવા માત્રથી જ ટાડા હેઠળ પોલીસ તમને જેલ ભેગા કરી રીમાન્ડ પર લેશે... ગળે ફાંસો ખાશો તો પણ મરવાનો કોઈ નિશ્ચય નથી... ગેસ ચેમ્બરમાં ગૂંગળાઈ મરવાની વાત તો પછી, એની તો દુર્ગંધ જ તમારું માથું ફાડી નાખશે... તો પછી જીવતા જ રહો ને.... કારણ કે આ બધા મરવાના ત્રાસ કરતાં તો વર્તમાન જીવનનો ત્રાસ જ ઓછો છે. જીવવું કઠિન બની ગયું છે.. અતિ કઠિન બની ગયું છે... એ બધું કબૂલ... છતાં મરવા જેટલું અતિ-અતિ-અતિ કઠિન તો નહીં જ."

ને છતાં જેઓએ આત્મહત્યાના ગોઝારા માર્ગે જ જવાનો નિર્ણય કરી દીધો છે... તેઓએ આત્મહત્યા શી રીતે કરવી ? એ પણ સ્વયં વિચારી લેવું જોઈએ.

ચારે બાજુના બધા દુઃખોને ભેગા કરીએ તો પણ એ મોતના દુઃખની સામે કોઈ વિસાતમાં હોતા નથી, એ આપણે જોઈ ગયા છીએ. આત્મહત્યાનું પગલું ભર્યા પછી

**સફર મેં યૂં ન સમઝિયે કિ હમ અકેલે હૈં, હમારે સાથ મુસીબત કે ભી ઝમેલે હૈં;
હમ અપને હાથ કી તાસીર ક્યા બતાયે તુમ્હેં ? ઈન્હીં સે રાહ કે પર્વત તમામ ઠેલે હૈં...
- ભગવાનદાસ જૈન.**

Scanned by CamScanner

આ વાતની પ્રતીતિ થાય... ને તેથી એ પગલું ભર્યાનો પસ્તાવો થાય... પાછી જીવવાની ઈચ્છા થાય.. તો બાજી આપણા હાથમાં રહે... પાછા ફરી શકાય... એ રીતે જ આ પગલું ભરવું જોઈએ.

એટલે ધારો કે ટ્રેનના પાટા પર લંબાવીને કપાઈ મરવાની ઈચ્છા કરી હોય તો એ રીતે કપાઈ ન મરવું... પણ એક છરી લેવાની... એક હાથની એક આંગળી કાપવી... બુદ્ધિનું એક ત્રાજવું બનાવવું... એના એક પલ્લામાં, જીવનમાં વાસ્તવિક જે દુઃખો આવ્યા છે તે બધા મૂકવા... બીજા પલ્લામાં એક આંગળી કપાવાનું દુઃખ મૂકવું... જો પ્રથમ પલ્લું જ ઝૂકતું જણાય, તો બીજી આંગળી કાપવી... પાછી તુલના કરવી... હજુ પહેલું પલ્લું જ ઝૂકે છે... તો ત્રીજી આંગળી... પાછી તુલના... મારી કલ્પના પ્રમાણે અત્યાર સુધીમાં તો દુધનું દુધ ને પાણીનું પાણી થઈ જ જશે.

ધારો કે કેરોસીન છાંટીને બળી મરવું છે... તો આખું શરીર એક સાથે ન સળગાવી દેવું.. અગ્નિ પેટાવવો.... એક આંગળી બાળવી... બુદ્ધિના ત્રાજવામાં તુલના કરવી... પ્રથમ પલ્લું ઝુકે તો બીજી આંગળી સળગાવવી... આમ આગળ વધવું... ને જેવું સળગવાના દુઃખનું પલ્લું ઝૂકતું જણાય કે તરત અટકી જવું...

ધારો કે પંખે લટકાઈને મરી જવું છે... તો એમ લટકાઈ ન જતાં ભૂમિ પર જ બંને નાક બંધ કરીને બેસી જવું.... ગુંગળામણના દુઃખની તુલના કરતા જવું... ને જ્યારે એ દુઃખ વધી જતું જણાય... સહન ન થાય... ત્યારે નાક ખોલી નાખવું....

આ બધી વાતોનો મુખ્ય સાર એટલો જ છે કે આત્મહત્યા એ ગોઝારુ પગલું છે. એનો વિચાર માત્ર પણ ક્યારેય કરવો નહીં, કારણ કે એનાથી દુઃખમુક્તિ નહીં, પણ દુઃખ વૃદ્ધિ થાય છે.

એક વડીલ પાસે જિંદગીથી કંટાળી ગયેલો એક યુવાન આવ્યો. ને પોતે હવે મરી જવા માગે છે એ વાત કરી.

નજીકમાં આવી રહેલા જમણવારના પ્રસંગ માટે મંગાવેલી યુઝ એન્ડ થ્રો વાળી કાગળની ડીસોનું બંડલ એ વડીલની સમીપમાં જ પડ્યું હતું. એ બંડલ પેલા યુવાનને આપીને વડીલે કહ્યું કે આને કચરાપટ્ટીમાં નાખી આવ. યુવકે કહ્યું : કાકા ! આ ડીસોનો તો હજુ ઉપયોગ બાકી છે, પછી ફેંકી દેવાની વાત કેમ કરો છો ?

કોઈ પણ સમસ્યાને ઉકેલવાની એક જ ચાવી છે... ધીરજ... મરઘીનું બચ્ચું ઈંડું સેવવાથી પેદા થાય છે, ફોડી નાખવાથી નહીં. બરફમાં રૂપાંતરણ થાય ત્યાં સુધી ધીરજ ધરનારો પાણીને ચાલણીમાં પણ શું ઝાલી ન શકે ?

આ સાંભળીને વડીલે કહ્યું કે : 'અલ્યા ! તું તો સમજુ લાગે છે. પછી આવી વાત કેમ કરે છે ?'

યુવક કાંઈ સમજ્યો નહીં, એટલે એની મૂંઝવણ દૂર કરવા એ વડીલે ફોડ પાડ્યો કે - જો ડીસ જેવી મામુલી ચીજ પણ ઉપયોગ કર્યા વિના ફેંકી ન દેવાય, તો માનવજીવન જેવા દુર્લભ જીવનને, ઉપયોગ કર્યા વિના ફેંકી દેવા કેમ તૈયાર થઈ ગયો છે ? શું આવેલ દુઃખ આ દુર્લભ જીવન કરતાં પણ વધારે મહત્ત્વનું છે કે જેથી એની માટે આ જીવન કુરબાન કરી દેવાનું ? સમજી ગયેલા યુવકે મરવાનું માંડી વાળ્યું...

When we have not what we like, Then we must like what we have.

બોધપ્રદ સાહિત્ય

- હંસા! તું ઝીલ મૈત્રી સરોવરમાં (ગુજરાતી +હિન્દી લગભગ ૯૫૦૦૦ નકલ)
- હૈયું મારું નૃત્ય કરે
- હું કરું હું કરું એ જ અજ્ઞાનતા (લગભગ ૨૫૦૦૦ નકલ)
- કર પડિક્કમણું ભાવશું
- અવિક્ખા અણાણંદે
- હું છું સેવક તારો રે
- હા! પસ્તાવો વિપુલ ઝરણું.....
- મિચ્છામિ દુક્કડં
- ટાળિયે દોષ સંતાપ રે....
- જેલર (ગુજરાતી+અંગ્રેજી+હિન્દી+મરાઠી ભાષામાં લગભગ ૨૦૦૦૦૦ નકલ)
- કારેલું

Scanned by CamScanner

સહનશીલતા : બફર્સ....

વીસનગર પાસે કડા ગામમાં ધનાઢ્ય શ્રેષ્ઠી જેચંદભાઈ રહે. એમનો રવચંદ નામે પુત્ર ૧૪ વર્ષની કિશોરવયે કુસંગના કારણે જુગારી બની ગયો. ઘણું સમજાવ્યો પણ સુધર્યો નહીં. તેથી વેપારમાં જોડ્યો. પણ કાંઈ ફરક નહીં. હવે યૌવનમાં પણ આવ્યો. 'એને પરણાવી દ્યો, ખીલે બંધાશે તો કદાચ જુગારની લત છૂટી જાય.' કોઈક સ્વજને સલાહ આપી. આમ તો રખડુ ને જુગારીને પોતાની કન્યા કોણ આપે ? પણ પરિવારની આબરૂ-ખાનદાનીના પ્રભાવે જ્ઞાતિના જ એક શ્રીમંત પરિવારની સુશીલ-સુજ્ઞ-કન્યા, નામે નવલબાઈ સાથે લગ્ન થઈ ગયા. એના પ્રભાવે રવચંદમાં પરિવર્તન પણ આવ્યું. પણ ફરીથી કો' ક જુગારી ભટકાઈ ગયો ને જુગાર ચાલુ થઈ ગયો... રાત્રે મોડા આવવું... ક્યારેક તો આખી રાત આવવું નહીં... વગેરે દૂષણો પેસી ગયા... સુશીલ પત્ની પ્રેમથી સમજાવતી તો એને પણ બેફામ ગાળાગાળી કરવી... મારવી... આ બધું કોમન થઈ ગયું..

માતા પિતા ખૂબ દુઃખી થઈ ગયા. પણ જ્યારે કશો ફરક પડ્યો નહીં ત્યારે એમણે આકરો નિર્ણય લઈ લીધો... આંગળી ભલે ને પોતાનું જ અંગ છે... પણ અસાધ્ય સડો પેસી જાય તો એને કાપીને અલગ કરવી જ પડે, જેથી શરીરના બીજા અંગોમાં સડો પ્રસરે નહીં. થોડા પૈસા આપીને માતપિતાએ રવચંદને ઘરમાંથી કાઢી મૂક્યો.

ગામમાં કોઈએ આશ્રય આપ્યો નહીં, કારણ કે શેઠની ધાક હતી. એટલે અમદાવાદ આવી ફતાસાની પોળમાં રૂમ ભાડે રાખી રહેવા લાગ્યો. પત્નીએ રોજ મોટા મહાવીરસ્વામીના દેરાસરમાં ભક્તિ અને પ્રાર્થના શરૂ કરી. રવચંદને પૈસાની ભારે ખેંચના કારણે જીવનની મુશ્કેલીઓ અનુભવાવા લાગી. જુગારે કરેલી બરબાદી સમજાવા લાગી. માત્ર એક જ હૂંફ હતી : સહનશીલતાની મૂર્તિ પત્નીનો સાથ. શ્રીમંત પરિવારની લાડકોડથી ઉછેર પામેલી એ કન્યાના કોઈ શોખ પૂરા થયા નથી, પાયાની પણ કેટલીય જીવન જરૂરિયાતોનો અભાવ છે, પતિ પાસેથી પ્રેમ નહીં, પણ માત્ર કડવા-કઠોર વેણ ને ઢોર માર જ મળેલા છે... છતાં કોઈ પણ પ્રકારની કડવાશ મનમાં રાખ્યા વિના એ પતિને પ્રેમપૂર્ણ સાથ આપી રહી છે. આર્ય સન્નારી છે ને ! પત્નીએ જાળવેલી મધુરતાનો કંઈક સ્પર્શ રવચંદને પણ થયો. મેં આને સતાવવામાં કશું બાકી રાખ્યું નથી. પણ એણે પોતાની ખાનદાની નભાવી છે... બસ ! હવેથી જુગાર બંધ... પોતાનો આ સંકલ્પ પત્નીને જણાવ્યો.. પત્નીની ખુશીનો પાર નહીં, ચાલો મારી ધીરજ ફળી... થોડું સારું

નાની સમસ્યા - Let go
મોટી સમસ્યા - Let god

ચાલ્યું. પણ પાછો કોઈ જુગારી ભેટી ગયો ને વ્યસન ચાલુ... હારનો ને પૈસાની ખેંચનો બધો ગુસ્સો પત્ની પર ઉતારે છે.

પણ એની પત્ની એક ધર્મપત્નીની બધી ફરજ નિભાવી રહી છે.

શંકા - પીયરમાં જે શ્રીમંતાઈની વચમાં ઉછરેલી છે... સાસરે આવ્યા પછી પણ ખાવાપીવામાં કોઈ પ્રશ્ન નહોતો. માત્ર પતિનો ત્રાસ હતો... ને હવે અમદાવાદમાં તો ભાડાની નાની રૂમમાં ઢગલાબંધ અગવડો... ખાધાખોરાકીના પણ ફાંફાં... ને પાછો પતિ તરફથી માર... એ પત્નીને પીયર ભાગી જવાનું કે મરી જવાનું મન ન થઈ જાય ? એ કદાચ ન થાય તો પણ પતિ પ્રત્યે ભયંકર તિરસ્કાર ન થઈ જાય ?

સમાધાન - મારા જીવનમાં આવતી પ્રત્યેક પ્રતિકૂળતાઓ... પ્રત્યેક ત્રાસ... પ્રત્યેક દુઃખ... આ બધું જ મારાં પૂર્વકર્મોનું ફળ છે... મેં જ આચરેલા પાપરૂપ અપરાધની સજારૂપ છે... આવું clear vision એક અદ્ભુત સહનશીલતા પ્રગટાવે છે જે સહનશીલતા, બધા જ કડવા આઘાતોને જીરવી લેવા સક્ષમ હોય છે. પછી કોઈ કડવાશોના સંગ્રહ કે સરવાળાને અવકાશ ન હોવાથી તમારી શંકા મુજબનો કોઈ પ્રત્યાઘાત આવતો નથી.

એ ધર્મપત્ની પણ બધું જ સહન કરે છે.. કોઈ પણ જાતનો તિરસ્કાર - છણકો કે ઝગડો કર્યા વિના પતિનો સાથ નભાવી રહી છે... એના આ સમર્પણે ફરીથી એક દિવસ પતિના દિલમાં મધુરતાનો છંટકાવ કર્યો. રવચંદના મનમાં પ્રશ્નો ઉદ્ભવ્યા... હું કોણ ? કયું મારું કુળ ? કઈ મારા માતાપિતાની પ્રતિષ્ઠા ને કઈ આબરુ ? મારા વ્યસને સર્જેલી હાડમારીઓને વેઠીને પણ અખંડપણે સાથ આપી રહેલી મારી પત્નીનું કેવું પતિવ્રતાપણું ! મૂળમાં ઉત્તમતા પડેલી તો હતી જ. ફરીથી જુગાર છોડી દેવાનો સંકલ્પ કર્યો. જુગાર છોડ્યો એટલે નોકરીની શોધ ચાલુ કરી.. પણ નામુ વગેરે કશું શીખ્યો નથી. છેવટે મજુરી કરવાની તૈયારી સાથે શેઠ મગનભાઈ હઠીસિંહની પાસે ગયો.. હરકોર શેઠાણીને દયા આવી. એક સાધર્મિક છે એમ વિચારીને હઠીસિંહના દેરાસરનાં ચાલી રહેલા કામમાં એક ચૂનાની ચક્કી પર ધ્યાન રાખનાર તરીકે રાખી લીધો. એક વાર શેઠાણીએ એને શ્રી સમરાદિત્ય રાસ વાંચવા આપ્યો. એના વાંચને એના દિલને ભારે અસર કરી ને એને જ્ઞાન ભણવાની તાલાવેલી જાગી. ધાર્મિક અભ્યાસ ચાલુ કર્યો. પ્રબળ જિજ્ઞાસાના પ્રભાવે સ્વયં તો શીખ્યો, પણ સારી ચાલચલગતના કારણે નવા બનેલા મિત્રોને પણ શીખવવા લાગ્યો. વળી ભઠ્ઠીની બારીએ પં.વીરવિજયજી મહારાજ બિરાજતા હતા. એમની પૂજાની ઢાળોની રમઝટ સાંભળે. એની આ શુભ નિષ્ઠા જોઈને શેઠાણીએ એના જીવનમાં રસ લેવા માંડ્યો. બધી હકીકત જાણી. ઉત્તમકુળના આ

Scanned by CamScanner

ખાનદાનને યોગ્ય માર્ગદર્શન અને સાથ મળે તો એનું કૌવત બહાર આવશે એવા વિશ્વાસથી આ બંને એને આપવાનો નિશ્ચય કર્યો. તદનુસાર એને ડેલાના ઉપાશ્રયે પૂ.પંન્યાસશ્રી ઉદ્યોતવિમળજી મહારાજ પાસે લઈ ગયા. રવચંદે મહાત્માને વિનંતી કરી : ગુરુદેવ ! મને જુગારનો નિયમ આપો ને એ નિયમ પાળવા માટે આપના ચારિત્રનું બળ આપો. ગુરુદેવે નિયમ આપ્યો. રવચંદને આ નિયમથી પોતે જિંદગીને જીતી ગયો હોય એવો હર્ષ થયો. ઘરે આવી પત્નીને વાત કરી. પત્નીને પણ ખૂબ હર્ષ થયો. પડોશીને ત્યાંથી ઉછીનું ઘી લાવી કંસાર રાંધ્યો. પહેલો વાટકો શ્રી મહાવીરપ્રભુને નૈવેદ્ય રૂપે ધર્યો. ચૈત્રી ઓળી આવી. એની આરાધના કરવાથી પુણ્ય ઓર વધ્યું. વળી એને સાથ આપવારૂપે શેઠ મગનલાલે એના નામે પણ ધંધો કરવો શરૂ કર્યો. ને એના પુણ્યથી થયેલી કમાણીના ૫૦૦૦ રૂા. રવચંદને આપ્યા. રવચંદ પૂછે છે : શાના પૈસા ? અણહકના પૈસા મારાથી કેમ લેવાય ? (આ એ જમાનાની વાત છે જ્યારે ૫૦૦૦ રૂપિયા એક બહુ જ મોટી મૂડી જેવા હતા.. ને સ્વયં ધનની ભારે તંગી અનુભવી રહ્યો છે.. છતાં આ ખુમારી ! સરેરાશ ભારતીય પ્રજામાં આ પ્રામાણિકતા ને ખુમારી હતી... ને આજે ભણતર ખૂબ ખૂબ વધવાના કાળમાં શું પરિસ્થિતિ છે ? એ અજાણ નથી. આ ભણતરને ભણતર શી રીતે કહેવાય ? એ બધાએ વિચારવાની જરૂર નથી લાગતી ?)

'તારા નામે ધંધો કર્યો હતો એની આ કમાણી છે... ' શેઠ મગનલાલે આ ખુલાસો કરવા છતાં મન અચકાતું હતું... એટલે શેઠે બધાં કાગળો બતાવી એને ખાતરી કરાવી કે આ ૫૦૦૦ રૂપિયા ખરેખર એની કમાણીના છે. ખાતરી થવાથી પૈસા લીધા ને પોતાની પ્રામાણિકતાને જાણે વધારે દૃઢ કરવા ઉપડ્યો સીધો સરકારી કચેરીમાં... બધી વાત કરી ને જે કર લેવાનો હોય તે લઈ જેવા જણાવ્યું. મજુરીથી પેટિયું રળનારની આ નિષ્ઠા જોઈ અધિકારી તાજ્જુબ થઈ ગયો. પરિણામે એને 'સૂબા' નો ઈલ્કાબ આપવામાં આવ્યો. પછી તો મિત્રો માટે એણે પાઠશાળા ખોલી - સૂબાજી રવચંદ જેચંદની વિદ્યાશાળા... જે કાળક્રમે અમદાવાદ દોશીવાડાની પોળમાં એક અતિ વિશાળ વિદ્યાશાળાનો ઉપાશ્રય વગેરે ધર્મસંકુલ તરીકે પ્રસિદ્ધ થઈ. રવચંદભાઈના સ્વર્ગવાસ પછી એમના ધર્મપત્ની નવલબાઈએ રવચંદભાઈની ભાવના મુજબ શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુનાં પ્રતિમાજી ભરાવ્યા અને વિદ્યાશાળામાં જ નાનું જિનાલય બનાવડાવી તેમાં પ્રતિષ્ઠિત કર્યા. પોતાની બધી સંપત્તિ પણ વિદ્યાશાળાને સોંપીને વિ.સં. ૧૯૫૩માં સ્વર્ગવાસી થયાં.

ગમે તેવા કડવા પ્રસંગોની કડવાશના અનુભવથી જીવને બચાવી લેનાર સહનશીલતાની મિઠાશને ક્રોડો પ્રણામ.

પ્રશ્ન : સહનશીલતામાં એવી શું વિશેષતા છે કે જેથી એ કડવાશના અનુભવ રોકી શકે છે ?

ઉત્તર : સહનશીલતા બે પ્રકારે છે. શારીરિક અને માનસિક. શારીરિક સહનશીલતા ધરાવનારને શારીરિક કષ્ટ ઉઠાવવું સાહજિક બન્યું હોય છે. તેથી કોઈ વ્યક્તિ કામ સોંપવામાં અન્યાય કરે... વધારે કામ સોંપે... પોતાના ભાગનું કામ પણ એ સહિષ્ણુ વ્યક્તિના માથે નાખી દે... તો પણ એ સહિષ્ણુ વ્યક્તિને એ કામ કરવામાં વિશેષ કોઈ ત્રાસનો અનુભવ ન હોવાથી કડવાશના દર્શન થતા નથી.

એમ સાથે માનસિક સહનશીલતા હોવાથી આ અન્યાય વગેરે સહેવા પણ એને સહજ હોવા કારણે ત્રાસજનક રહેતા નથી... ને તેથી એમાં પણ કડવાશના દર્શનથી એ બચી શકે છે. મૂળમાં, સહનશીલતા, પોતાની શારીરિક સુખશીલતાનું બલિદાન આપવા માટે વિના ખચકાટ તૈયાર હોય છે, તેથી કડવાશથી બચાવે છે.

એ જ રીતે માનસિક સહનશીલતા પોતાની ઈચ્છા - રુચિ - પસંદગી - માન્યતાઓ - અભિપ્રાય - માન/અપમાન - સત્કાર/તિરસ્કાર વગેરે બધાને ગૌણ બનાવી દે છે. એટલે ઈચ્છા વગેરેને લાગતા ઘાને મહત્ત્વ આપવાના બદલે ગૌણ કરવા માટેની તૈયારી હોવાથી કડવાશના દર્શનથી બચી શકાય છે.

એટલે જ કડવા પ્રસંગોની કડવાશને નીતારી નાખનાર આ સહનશીલતા જ પરિવારને એક તાંતણે બાંધી રાખનાર મુખ્ય પરિબળ છે. આ પરિબળનું સામર્થ્ય જાણીએ જાપાનના એક પરિવારના દૃષ્ટાંતથી.

લગભગ ૩૦૦ વર્ષ પહેલાંની જાપાનદેશની આપણને આશ્ચર્ય થઈ જાય એવી એક વાત. એક સંયુક્ત પરિવારમાં આપણને અધધ થઈ જાય એટલા એક હજાર (રીપીટ, એક હજાર) સભ્યો એક સંપીથી રહેતા હતા. આપણા જૂના શહેરોના એક ડેલા જેવો ડેલો... અંદર અનેક મકાનોમાં આ પરિવાર રહેતો. પણ રસોડું એક જ. બધા ત્યાં જ જમે.

બધા પોતપોતાની કમાણી પરિવારના વડીલ ઓ–ચો સાનને આપી દેતા. એમાંથી ઘર ખર્ચ થતો... જેને જે ખીસ્સા-ખર્ચી જોઈએ એ એમની પાસેથી લઈ લેવાની.. કોણ કેટલું કમાય છે ને કેટલું ખર્ચે છે એનો ન કોઈ હિસાબ રખાતો ન કોઈ ફરિયાદ રહેતી.

પુરુષો તો ચાલો એક લોહી હતું... વહુઓ તો જુદા જુદા પરિવારોમાંથી આવેલી... છતાં કોઈ કલેશ-કંકાસ હતા નહીં... બધા સુખ-ચેનમાં મસ્ત હતા.

જાપાનના સમ્રાટ યામોહોને જ્યારે આ વાત જાણવા મળી ત્યારે એના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. આટલા જ્વલંત સંપનું રહસ્ય જાણવા એ ખુદ એ પરિવારની મુલાકાતે ગયો.

Scanned by CamScanner

પરિવારે સ્વાગત કર્યા પછી સમ્રાટે વડીલ ઓ-ચો-સાન સાથે વાતનો પ્રારંભ કર્યો. "તમારા સંયુક્ત પરિવારના આશ્ચર્યની વાત એ છે કે આટલા બધા ભેગા રહેવા છતાં એમાં ક્લેશ-કંકાસ કે કજિયા થતા નથી. પાંચ-સાત માણસના પરિવારમાં પણ જ્યારે કાંઈ ને કાંઈ ખટરાગ થયા જ કરતો હોય છે ત્યારે આટલો બહોળો પરિવાર - એક હજાર સ્વજનો - આટલા સંપ સાથે કઈ રીતે રહો છો ? કોઈ જ વિવાદ-વિખવાદ પેદા ન થવાનું રહસ્ય શું છે ? એ મને જણાવો."

ઓ ચો સાને એક કાગળ લઈ એમાં કંઈક લખી સમ્રાટને આપ્યો... આ છે અમારા સંપનું રહસ્ય... સમ્રાટે કાગળે વાંચ્યો.... ઠેઠ ઉપરથી નીચે સુધી કાગળ પર એક જ શબ્દ ફરી ફરી વંચાતો હતો... સહનશીલતા... સહનશીલતા... સહનશીલતા... ઠેઠ છેલ્લી લીટી સુધી આ એક જ શબ્દ વાંચીને સમ્રાટે પૂછ્યું : આટલી બધી વાર લખવાની શી જરૂર ? તમે એક જ વાર 'સહનશીલતા' લખ્યું હોત તો પણ મને ખ્યાલ આવી જાત.

ઓ-ચો સાન : રાજન્ ! અમારા એકાદ બેની સહનશીલતાથી નહીં, પણ હજારે હજારની સહનશીલતાથી આ પરિવારનો સંપ ટકી રહ્યો છે. માટે એક હજારવાર આ સહનશીલતા શબ્દ લખ્યો છે.

સમ્રાટ : શું એક માત્ર સહનશીલતાના આધારે આટલો સંપ ને આનંદ ?'

'હા, નામદાર !' એ વડીલના પુત્રે સમ્રાટને કહ્યું : વાસણ ભેગા થાય એટલે કંઈક ખખડાટ તો થાય જ છે. બધાની જ ઇચ્છા - પસંદગી - રુચિ વગેરે સરખા હોય જ નહીં ને ! ને તેથી પ્રસંગે પ્રસંગે કોઈકની ને કોઈકની ઇચ્છા વગેરે કચડાય જ ને ! ક્યારેક કોઈકનો અહં પણ ઘવાય જ ને ! પણ પરિવારજનોને બધાને આ કેળવણી આપવામાં આવી છે કે કડવો ઘુંટ ગળી જવો... ઘુંટવો નહીં, સહન કરી લેવું... પણ પ્રતિકાર ન કરવો.. જરાક વધારે કડવાશ લાગી હોય તો પિતાજીને કહી દેવું... તેઓ મધુર વાતો કરી કડવાશનું મારણ કરે, ઉકેલ લાવવા જેવો લાગે તો લાવે.. નહીંતર વાત પેટમાં ઉતારી દે... પછી ન કોઈ ક્લેશ, ન કોઈ કંકાસ....સહનશીલતાના મહિમાથી પ્રભાવિત થયેલો સમ્રાટ નમસ્કાર કરીને વિદાય થયો...

ટ્રેનના બે કંપાર્ટમેન્ટની વચ્ચે બફર્સ હોય છે. પ્રવાસમાં આવતા ગમે તેવા આંચકાને આ બફર્સ પોતાનામાં સમાવી લે છે ને તેથી પ્રવાસીઓ હજારો કિ.મી.નો પ્રવાસ વગર આંચકે મસ્તીથી કરી શકે છે. સહનશીલતા એવા બફર્સ છે જે જીવનમાં આવતા બધા જ આંચકાઓને પચાવી લે છે. આઘાતજનક પ્રસંગોના આંચકાથી મુક્ત જીવન યાત્રા ઇચ્છનારે કોઈ પણ રીતે આ બફર્સની પોતાના જીવનમાં વ્યવસ્થા કરી લેવી જોઈએ.

સંત તુકારામના જીવનમાં બનેલો સાચો પ્રસંગ. સંત તુકારામ ભગવાનના પાકા ભગત. એ ભલા ને ભગવાનનું ભજન ભલું... પણ પત્ની અત્યંત ક્રોધી સ્વભાવની... ઘરમાં રોજ હાંલ્લા કુસ્તી કરે... એક દિવસ પત્ની વીફરી...'હવે ક્યાં સુધી આમ ને આમ બેસી રહેશો.. જાવ કમાવવા જાવ... કંઈક મજુરી કરો... પેટ ભજનથી નહીં ભરાય, ભોજન જોઈશે... સાંભળ્યું ?' સંતને પણ થયું કે પત્નીની વાત તો સાચી છે. ચાલો ક્યાંકથી મજુરી કામ મળી જાય... એ વખતે શેરડીની સીઝન હતી. દરેક ખેતરમાં શેરડી કાપવાની મજુરી મળે તેમ હતી. એક શેઠના ખેતરમાં એ કામમાં જોડાઈ ગયા. 'સંત છે' એમ વિચારી શેઠે પણ મજુરો કરતાં વધારે મોટો શેરડીનો ભારો સંતના માથે મજુરીરૂપે ચઢાવી દીધો. સંત ખુશ થઈને ઘર તરફ ભારો લઈને આવી રહ્યા છે.

તુકારામ મજુરીએ ગયા એટલે પત્નીને પણ આનંદ હતો. આજે સારી મજુરી મળશે એટલે શીરા પુરીનું ભોજન કરીશું એવી કલ્પનામાં રાચી રહ્યા હતા... ને સમય થયો એટલે બારણે આવી પ્રતીક્ષા કરવા લાગ્યા... મોટા ભારો લઈને આવતાં પતિને જોઈને વધારે ખુશ થયા...

પણ રસ્તામાં છોકરાઓને મજા પડી ગઈ... એક એક સાંઠો ખેંચતા જાય ને ખાતા જાય.... સંત જુએ તો છે... પણ 'રામ કી ચીડિયાં રામ કા ખેત... ખાલો ચીડિયાં ભર ભર પેટ...' આવું માનવાવાળા હોવાથી કાંઈ બોલતા નથી, પણ પત્ની આ તમાશો સહન ન કરી શકી. છોકરાંઓ ખાઈ જાય છે તો પણ કશું બોલતા નથી.. ક્રોધ વધતો ચાલ્યો... સંત જ્યારે ઘરના આંગણે પહોંચ્યા ત્યારે માત્ર એક જ સાંઠો બચ્યો હતો.

'લે ! આ આજની કમાણી' એમ કહીને પત્નીના હાથમાં આપ્યો. પણ શીરા પુરીના ભોજનનું સ્વપ્ન રોલાઈ જવાથી પત્નીનો ક્રોધ પહોંચેલો સાતમા આસમાને... એ જ સાંઠાથી તુકારામની ધોલાઈ કરવા માંડી... એટલા જોરથી કે સાંઠાના બે ટૂકડા થઈ ગયા... બરડો પંપાળતાં પંપાળતાં સંત ઊભા થયા... બે ટુકડા હાથમાં લઈ પત્નીને કહે : ચાલો ! સારું થયું... હવે સાંઠાના બે ટુકડા કરવાની મારી મહેનત તેં બચાવી લીધી. તું મારો કેટલો ખ્યાલ રાખે છે ! લે આ એક તારો... ને આ એક મારો...

પત્નીનો ક્રોધ શાંત... મનની બધી કડવાશ દૂર થઈ ગઈ એમ નહીં, ઉપરથી એ મનમાં મિઠાશ પ્રગટી.'નાથ ! આપ માત્ર સંત નહીં... ભગવાન છો... મેં આપને ઓળખ્યા નહીં... મારો અપરાધ માફ કરો... આ સાંઠો હવે મને શીરા કરતાં પણ મીઠો લાગશે...'

મને કડવાશ ક્યાંય દેખાતી જ નથી એટલું જ નહીં, મને બધે મધુરતા જ દેખાય છે, એટલું પણ નહીં, મારો વ્યવહાર આસપાસ મધુરતાનો વાયરસ ફેલાવે છે !

Scanned by CamScanner

કષ્ટ કે કમાણી ?

સીકંદરે એક દેશ પર વિજય મેળવ્યો. ત્યાંનો ખજાનો વગેરે વિશિષ્ટ ચીજોનો કબ્જો કરી કોથળાઓ ભરાવ્યા. મજુરો પાસે ઊંચકાવીને માદરે વતન તરફ પાછો ફરી રહ્યો છે. એક કોથળામાં બધું ઝવેરાત ભર્યું છે. એને ઊંચકનાર મજુરને ઓર્ડર છે કે એણે સીકંદરની સાથે ને સાથે જ રહેવું... કશુંક ઝવેરાત ઓછું થઈ જાય તો ? એ ડરથી જ તો... સીકંદર તો ખાલી હાથ ને કદાવર શરીર... એનો સાથ નભાવવામાં એ મજૂર સખત થાકી ગયો હતો. એના પગ દુઃખી રહ્યા હતા.... હાડકાં તૂટી રહ્યા હતા... ને એ સતત હાંફી રહ્યો હતો.. એમાં વચ્ચે આવી એક ટેકરી... મંત્રીને દયા આવી ગઈ. સીકંદરને વિનંતી કરે છે :

નામદાર ! આનો બોજ હળવો કરાવો ને !

સીકંદર : અલ્યા ! તું કહે છે, એ કહે છે ?

મંત્રી : એનો ચહેરો જ કહી રહ્યો છે ને !

સીકંદર : એમ નહીં, તું એને પૂછી જો...

મંત્રી : લ્યો ! હમણાં જ પૂછી લઉં...

સીકંદર : હા, પૂછી લે... પણ પહેલાં એક ઘોષણા કરાવ કે આ વખતે જે મજુરે જે કોથળો ઊંચક્યો છે એ એને જ બક્ષિસ તરીકે આપી દેવાનો છે.

આ ઘોષણા સાંભળી નથી ને એ મજુરના આખા શરીરની ભાષા બદલાઈ ગઈ. પગ દુઃખતા મટી ગયા.. ચાલમાં ઝડપ આવી ગઈ... ચહેરા પર નૂર આવી ગયું..

કોથળો એ જ, ભાર એ જ, મજુર એ જ... ફરક ક્યાં પડ્યો ? ફરક પડ્યો દૃષ્ટિમાં... ભાર વહન કરવામાં જ્યાં સુધી કષ્ટના દર્શન હતા ત્યાં સુધી દુઃખ હતું, અણગમો હતો, કડવાશ હતી.. જેવા કમાણીના દર્શન થયા કે તરત દુઃખ સુખ બની ગયું... અણગમાનું સ્થાન ગમાએ લીધું... કડવાશ મધુરતામાં પરિણમી ગઈ.

આવું જીવનમાં અનેક પ્રસંગોમાં અનુભવવા મળે છે....ક્લાસમાં તોફાન કરી રહેલા વિદ્યાર્થીને શિક્ષકે સજા કરી. ૨૫ ઊઠબેસ કર. વિદ્યાર્થીએ શરૂ કરી... શિક્ષકે ગણવા માંડી... ૧...૨...૩.. ૨૫...૨૬...૨૭... શિક્ષકે કહ્યું : ભાઈ ! બસ કર. તારી શિક્ષા પૂરી થઈ ગઈ... પણ એ તો ઉત્સાહભેર કરતો જ રહ્યો. ૫૦ કર્યા પછી બોલ્યો... સર ! હું રોજ ૫૦ દંડબેઠક કરું છું. આજે બાકી જ રહેલી હતી. એ પૂરી કરી. સજાના દર્શન દુઃખી કરે... વ્યાયામ દ્વારા શરીર સ્વાસ્થ્યની કમાણીના દર્શન હોય તો દુઃખ ક્યાં ટકે ?

આવી જ એક અમે અનુભવેલી વાત કહું... એક વાર અમારો દક્ષિણ ગુજરાતમાંથી વિહાર હતો... રેલવે ટ્રેકને સમાંતર રોડ પરથી અમે સાધુ મહાત્માઓ પોતપોતાનો સામાન અને પાણીનો ઘડો ઊંચકીને જઈ રહ્યા હતા. ૧૫ Km. જવાનું હતું. ઊનાળાની ગરમી... તડકો....વજન... પરસેવો...એ જ વખતે રેલવે ટ્રેક પરથી ફ્લાઈંગ રાણી ટ્રેન પસાર થઈ... ટ્રેનના ડબ્બાઓ તો ચિક્કાર ભરેલા હતા જ. દરેક દરવાજા પાસે પણ ભીડ હતી... અરે ! બારીના સળિયા પકડી નીચેની સાવ સાંકડી પટ્ટી પર પગ ટેકવી અદ્ધર લટકીને મુસાફરો જઈ રહ્યા હતા. તેઓ અમને જોઈ રહ્યા હતા, અમે એમને... તેઓને અમારી દયા આવી રહી હતી... "આ મહારાજ સાહેબો ! ૧૨-૧૫ કિ.મી. ચાલવાનું...વજન ઊંચકવાનું... ગરમી વેઠવાની... પરસેવાથી નહાવાનું... કેટલું કષ્ટ !"

અમને એમની દયા આવતી હતી : કેટલી હાડમારી ! રોજ આવતી જતી બે વાર ચાર-પાંચ કલાક જાનને હથેલીમાં રાખીને લટકવાનું !

આશ્ચર્ય એ હતું કે અમને અમારી વિહારચર્યાનો કોઈ રંજ નહોતો, પણ આનંદ હતો... ને એમને એમના આ જોખમી પ્રવાસનો કોઈ કંટાળો નહોતો કે દીનતા નહોતી ! કેમ ? કેમ કે અમને અમારી વિહારચર્યામાં આત્મહિતની લખલૂટ કમાણીના દર્શન હતા... ને એમને એમના પ્રવાસમાં અઢળક ધનકમાણીના દર્શન હતા...

શાસ્ત્રોમાં એવા સેંકડો દૃષ્ટાંતો નોંધાયેલા છે કે જેમાં કોઈએ આપેલા પ્રાણાંત કષ્ટમાં પણ મહાત્માઓને અપાર પ્રસન્નતા તો હતી જ, પણ એ કષ્ટ આપનાર પણ ઉપકારી લાગેલા, કારણ કે એ કષ્ટમાં લખલૂટ કર્મનિર્જરાના (કલ્પનાતીત પાપનાશના) દર્શન હતા.

સતી થનાર સ્ત્રીઓને મોત પણ વહાલું લાગતું હતું, કારણ કે એમાં પોતાના શીલની સુરક્ષા દેખાતી હતી.

દેશના સીમાડે શહીદ થવામાં પણ જવાનોને ગૌરવ અનુભવાય છે, કારણ કે પોતાના દેશની સુરક્ષાની કમાણીના દર્શન થાય છે.

કોઈ પણ પરિસ્થિતિમાં લાભ જોવા દ્વારા મધુરતા જ માણવાનો શ્રી ઋષભદેવ ભગવાને સુંદર ઉપાય દેખાડ્યો છે. પ્રભુએ વિશાળ સામ્રાજ્ય વગેરે વૈભવ સમૃદ્ધ સંસારનો ત્યાગ કરીને દીક્ષા લીધી. પછી જીવનનિર્વાહ માટે ભિક્ષાએ જાય છે. પણ અતિ સમૃદ્ધિનો કાળ હોવાથી લોકોને કલ્પના જ નથી આવતી કે પોતાના આંગણે

Laughter is the best medicine

Scanned by CamScanner

આવીને ઊભી રહેનાર વ્યક્તિ ખોરાક માટે આવી હોય.. એટલે હાથી-ઘોડા-વસ્ત્રાલંકાર વગેરે લઈ જવા વિનંતી કરે છે, પણ ભોજનની કોઈ ઓફર કરતું નથી... એક દિવસ ...બીજો દિવસ... ત્રીજો દિવસ... ભિક્ષા મળતી નથી... ઉપવાસ લંબાતા જાય છે.

પણ પ્રભુએ એક મઝાનું સૂત્ર અપનાવ્યું છે... ભિક્ષા મળી જાય તો શરીરને ટેકો મળવાથી વધારે સુંદર સંયમની કમાણી... ને ન મળી તો તપસાધનાની કમાણી... ટૂંકમાં, ભિક્ષા મળી તો સંયમવૃદ્ધિ... ન મળી તો તપવૃદ્ધિ... બંને હાથમાં લાડુ જ લાડુ... પછી કડવાશની સંભાવના જ ક્યાં ?

ભિક્ષા ન મળવી એ પ્રતિકૂળ પરિસ્થિતિ છે. આવી પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં દરેકમાં કંઈક ને કંઈક તો મધુર અંશ રહ્યો જ હોય છે. એ જોતાં શીખી લેવું જોઈએ ને એની મધુરતા જ માણતા રહેવાની ટેવ પાડવી જોઈએ.

અત્યંત ઘોર વાદળછાયી રાત્રે પણ કોઈક તારો ચમકતો હોય છે.

ખારા સમુંદરમાં પણ મીઠાં જળના વહેણ હોય છે.

ઢગલો કાંટાની વચમાં પણ એકાદ ગુલાબ વિલસતું હોય છે.

ખાબોચિયામાં કાદવ-કીચડ જોવો ? કે પ્રતિબિંબાયેલો પુનમનો ચાંદ જોવો ?

દૃશ્ય જે હોય તે, દર્શન મધુરતાનું જ કરાવે એવા ચશ્મા વસાવી લેનાર માટે કડવાશને અવકાશ જ ક્યાં ?

રસ્તા પરની પગમાં ખૂંચતી કાંકરીઓમાં એક્યુપ્રેશરના દર્શન કરનારને ખેદ શો ? રસ્તો ભૂલવાથી એકાદ બે કિ.મી. ચાલવાનું વધે ત્યારે 'ચાલો કોલેસ્ટેરોલ ઓછું થયું' એમ સમાધાન કરનારને રસ્તો વધી જવાનો અફસોસ શું ? કોઈક નવા માર્ગની શોધ એ ભૂલા પડવાનો શું ફાયદો નથી ? કોલંબસે એના પર જ અમેરિકા ખંડ શોધ્યો હતો ને !

પ્રશ્ન : ઢગલો મુશ્કેલીના મૂળભૂત નિર્ધનતામાં શું મધુરતા જોવા મળે ?

ઉત્તર : શ્રીમંતને ધન ચોરાઈ જવાની... સરકારી રેડ પડવાની... ભાગ પડાવનારાઓની...આવી બધી ઢગલાબંધ ચિંતાઓ જે હોય છે એ બધી ચિંતાઓથી મુક્તિ...નિશ્ચિંતતા એ શું મધુરતા નથી ?

અતિ ધનાઢ્ય શ્રીમંતોને Family Lifeનું સુખ હોતું નથી. ઘરમાં કામ કરી રહેલા નોકરે ગેલેરીમાંથી રસ્તા પર જોઈ રહેલા શેઠાણીની આંખમાં આંસુ જોઈ પૂછ્યું:

> 'શાંતિ નથી' એવી શ્રીમંતોની વેદના કરતાં 'સગવડ નથી'
> આવી ગરીબોની વેદના પ્રમાણમાં ઘણી હળવી હોય છે.

'બા ! કેમ આંસુ ? 'આ નીચે રસ્તા પર દૃશ્ય જો' શેઠાણીએ કહ્યું. નોકરે ગેલેરીમાં આવી નીચે જોયું... એક મજુર ને મજુરણ ભાર લાદેલી હાથલારી ખેંચીને પરસેવે નહાતાં નહાતાં જઈ રહ્યા હતા. આ જોઈને નોકરે કહ્યું : બા ! ખરેખર આ લોકોનું દુઃખ આપણને રડાવી દે એવું છે... 'અલ્યા મૂરખ ! હું એમના દુઃખને નથી રડી રહી... મારા દુઃખને રડી રહી છું.'

'બા ! તમને શું દુઃખ છે ? એક લોટો ઉપાડવાનો નથી. પાણી માગતા દૂધ મળે છે, એકને હાક પાડો તો ચાર નોકર હાજર થઈ જાય છે. ક્યાંય પણ જવું હોય તો ગાડી ને ડ્રાઈવર... બધું તૈયાર હોય છે. તમને શું દુઃખ ?'

'જો ભાઈ ! આ પરિવાર કેવો સુખી છે... મજુર, મજુરણ ને મજુરણની પીઠ પર ધોતીયામાં બાંધેલ બાળક.. આખો પરિવાર ચોવીસે કલાક સાથે ને સાથે... બોલ ! અમારા પરિવારને તેં ક્યારેય અડધો કલાક - કલાક પણ ભેગો જોયો ? શેઠ પોતાના ધંધામાં છ દિવસ તો પૂરેપૂરા ગળાડૂબ હોય છે... ને રવિવારે સવારે, બપોરે... સાંજે ક્યાંય ને ક્યાંય મીટીંગ હોય જ. દીકરો પોતાની દુનિયામાં ખોવાયેલો રહે છે ને દીકરી પોતાના સર્કલમાં... મારી પાસે બેસવાની - વાતો કરવાની તો કોઈને ય ફુરસદ પણ નથી ને ઈચ્છા-લાગણી પણ નથી ! દૂધ, નોકર કે ગાડીને શું કરવા છે ?'

પારિવારિક જીવનનો આનંદ એ ગરીબાઈમાં રહેલી મધુરતા છે. શ્રીમંત પરિવારના દરેક સભ્ય પાસે વ્યક્તિગત પોતપોતાની સાધનસામગ્રી હોય છે, તેથી પરસ્પર અપેક્ષા જેવું હોતું જ નથી... ને અપેક્ષા નથી તો લાગણીના તંતુ જેવું શું ? એટલે જ તો કહેવાય છે કે શ્રીમંતોને વારસદાર હોય છે, સંતાનો નથી હોતા...

ગરીબ પાસે તો મોજશોખની કશી જ સામગ્રી નથી. એટલે એને તો સ્વજન પાસેથી મળતા પ્રેમ-લાગણીનું જ સુખ માણવાનું હોવાથી પારિવારિક જીવન હોય જ.

એક વસ્તુ યાદ રાખવા જેવી છે કે મોબાઈલ - નેટ વગેરે પાસેથી મળતા સુખ કરતાં સ્વજનની લાગણીનું સુખ હજ્જારો દરજ્જે ચઢિયાતું હોય છે, કારણ કે પહેલું જડ છે, જ્યારે બીજું જીવંત છે.

પરિવારમાં રહેલા પ્રેમાળ સ્વજનો એટલે દિવ્યખજાનો. એમનું માત્ર દર્શન પણ ચહેરા પર સ્મિત લાવી દે. વિકટ પરિસ્થિતિમાં એમના બે શબ્દો અદ્‌ભુત આશ્વાસન બની જાય. એમણે કરેલી પ્રશંસા એ પ્રચંડ પ્રોત્સાહનનું કામ કરે... આ ખજાનાની આવી તો ઢગલાબંધ વાતો છે. પણ હા ! સ્વજનને પ્રેમાળ રાખવા માટે આપણે પણ પ્રેમાળ બન્યા રહેવું પડે. ને એ માટે કટુતાઓને સંઘરવાની ને સંભળાવવાની કુટેવ છોડવી પડે, કારણ કે કટુતાઓને સંઘરવી એટલે આપણા દિલમાંથી પ્રેમની વિદાય... ને સંભળાવવી એટલે સ્વજનના દિલમાંથી પ્રેમની વિદાય....

Scanned by CamScanner

શંકા : શ્રીમંતને પણ સ્વજનો તો હોય જ છે ને ?

સમાધાન : હોય તો છે.... પણ ગરીબ સ્વજનોની પરસ્પર જેવી લાગણી હોય એવી લાગણી હોતી નથી. ક્યારેય કોઈ વસ્તુની ના નહી, કોઈ ટોકનાર નહીં... બધી ઈચ્છાઓ પૂરી થવી... લાડકોડથી ઉછેર... આ બધાના કારણે શ્રીમંત પરિવારની દરેક વ્યક્તિનો Ego ખૂબ ફુલ્યો-ફાલ્યો હોય છે. સ્વજન સાથેના વ્યવહારમાં અનેકશઃ પોતાની ઇચ્છા-રુચિ-પસંદગી વગેરેને ઘા પહોંચે છે જે એના Ego ને hurt કરે છે. જડ સામગ્રી સાથે પનારો પાડવામાં આ પ્રશ્ન હોતો નથી. એટલે સુખ માટે તેઓ જડ સામગ્રીનો જ આધાર લે છે. ને તેથી શ્રીમંત નબીરાઓ સ્વજનોથી અલગ પોતાની દુનિયા વસાવતાં હોય છે, ને પારિવારિક જીવન નામ પૂરતું રહેતું હોય છે.

દરિદ્રતામાં હજુ એક વધારે મધુરતા... રોગની સંભાવના શ્રીમંત કરતાં ઓછી હોય છે.

એક વિચારકે રોગને પૂછ્યું : તું શ્રીમંતને ત્યાં કેમ વધુ જાય છે ?

રોગ : એનાં અનેક કારણો છે. (૧) શ્રીમંતને ત્યાં VIP Service મળે છે.. (૨) સંપૂર્ણ આરામ કરવા મળે છે. (૩) મોસંબીના રસ પીવા મળે છે... (૪) અનેક સ્વજનો ખબર અંતર પૂછવા આવે છે. ગરીબને ત્યાં આનાથી બિલકુલ વિપરીત હોવાથી હું શ્રીમંતોને વધારે પસંદ કરું છું.

આ તો ખાલી હસવાની વાત છે. પણ વાસ્તવિકતા એ છે કે ગરીબ વ્યક્તિને બે ટંક ભોજન માંડ માંડ મળે છે. એટલે એ તો કકડીને ભૂખ લાગે ત્યારે જ ખાય છે... ને ત્યારે તો લૂખો રોટલો પણ મીઠો જ લાગતો હોવાથી એને સ્વાદના તોફાનો જરૂરી હોતા નથી. વળી ભૂખ જેવું કોઈ વિટામીન નથી... એટલે લૂખો રોટલો પણ એના શરીરને ઘણું પોષણ આપે છે.

શ્રીમંત તો ભૂખ લાગે એની રાહ જોવા તૈયાર હોતો જ નથી. એટલે વગર ભૂખે ખાવાનું હોવાથી સ્વાદની મહત્તા વધી જાય છે. તેથી (૧) વગર ભૂખે ખાય છે. (૨) સ્વાદિષ્ટતા માટે ખોરાકમાંથી સુપાચ્યતાનો ભોગ લેવાયો હોય છે અને (૩) વાનગી સ્વાદિષ્ટ હોવાથી જલ્દી ઉતરી જાય છે, તેથી પૂરતું ચાવવાનું થતું નથી ને પછી અપાચનજન્ય રોગો થાય છે.

વળી ગરીબ પાસે પૈસો નથી. એટલે શરદી વગેરે સામાન્ય તકલીફોમાં એ ક્યારેય ડૉક્ટર પાસે જતો નથી. એનું શરીર જ પોતાની રોગપ્રતિકારક શક્તિથી એ તકલીફોને દૂર કરે છે. એના પ્રભાવે એનું શરીર રોગનો પ્રતિકાર કરીને સ્વંય મટાડવા માટે ટેવાતું જાય છે.

શ્રીમંત તો કાંઈ પણ થયું નથી કે ડૉક્ટર પાસે દોડ્યો નથી. નાની નાની તકલીફોમાં પણ દવાનો ઢગલો... એનું શરીર રોગને સ્વયં મટાડવા ટેવાતું જ નથી. તેથી દરેક વખતે દવાની ટેકણ ગાડીનું એ બંધાણી બની જાય છે. દરેક દવા શરીરમાં પોતાની કોઈ ને કોઈ આડઅસર છોડતી જતી જ હોય છે. શરીર પોતાની મેળે રોગ મટાડે એના જેવો નિરુપદ્રવ બીજો કોઈ ઉપાય નથી, જે શ્રીમંતને ઉપલબ્ધ નથી.

શું કસાયેલું નિરોગી શરીર... આ પણ ગરીબાઈમાં રહેલી મધુરતા નથી ?

ઘણી મહેનત-મજુરી કર્યા પછી પણ પેટ પૂરતું માંડ મળે... શ્રીમંત જેવી Luxnury તો સ્વપ્નમાં પણ અસંભવિત લાગતી હોય.... પોતાની આ અવસ્થા એ જો વાસ્તવિકતા છે તો એમાં કડવાશના દર્શન કરી સંકલેશ-દુર્ધ્યાનના ભોગ બનવાના બદલે એમાં મધુરતાના દર્શન કરી સમાધિ-પ્રસન્નતામાં મહાલવું હોય તો આવી વિચારણાઓ ઘણી ઉપયોગી છે.

ગુલાબમાં સુગંધ અને સુંદરતા છે, તો ચારે બાજુ કાંટા પણ છે...

ચંદ્રમામાં સૌમ્યતા અને આહ્લાદકતા છે, તો કલંક પણ છે...

સાગરમાં ગંભીરતા ને વિશાળતા છે, તો ખારાશ પણ છે...

મોર નૃત્યકલા કરે છે ત્યારે પાછળથી નાગો દેખાય છે...

આ બધી હકીકતો સ્પષ્ટ સૂચન કરે છે કે સંસારની કોઈ પણ વસ્તુ-વ્યક્તિ કે અવસ્થા... દરેકમાં પ્લસ પોઈંટ પણ હોય છે. માઈનસ પોઈંટ પણ... પ્લસ પોઈંટ જોનારને મધુરતા માણવા મળે છે... માઈનસ પોઈંટ જોનારને કડવાશ...

પ્રશ્ન : દુઃખમાં કયા પ્લસ પોઈંટ છે ?

ઉત્તર : દુઃખમાં ઢગલાબંધ પ્લસ પોઈંટ છે....

૧. **દુઃખમાં એક છૂપું ઐશ્વર્ય રહેલું છે...** જેને માનવી જોઈ શકતો નથી. એટલે તે દુઃખથી દૂર ભાગે છે... બાળક મૂલ્યવાન ચીજને જોઈ શકતો નથી... ક્ષુલ્લક એવા રમકડા માટે કજિયા કરે છે ને મોંઘી ચીજને તોડી નાખે છે. કારણ કે કીમતી વસ્તુની ઓળખાણ નથી... દુઃખ જેવી મહામૂલ્યવાન બાબતની સામાન્ય માનવીને ઓળખાણ નથી... તેથી તે દુઃખ દ્વારા પ્રભુનું સામીપ્ય અનુભવી શકતો નથી...

જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, યોગ અને ધર્મ જેમ ભગવાનની સમીપ લઈ જાય છે એમ દુઃખ પણ ભગવાનની સમીપ લઈ જાય છે.

Scanned by CamScanner

૨. દુઃખ પ્રભુનું સ્મરણ કરાવે છે.

सुख के माथे शिला पडो बिसर जावे राम;

बलिहारी वो दुःख की पल पल समरे राम...

दुःख में सुमरिन सब करे सुख में समरे न कोई;

(जो सुख में सुमरिन करे दुःख कहां से होई ?)

૩. દુઃખ વૈરાગ્યને પ્રગટાવનાર છે.....

કરમાયેલાં ફુલ...વૃદ્ધાવસ્થા ને મૃત્યુના દર્શનથી ગૌતમબુદ્ધને વૈરાગ્ય થયેલો.

૪. દુઃખ શરીર પ્રત્યેનો અને જગત્ પ્રત્યેનો મોહ છોડાવનાર અતિ પ્રબળ સાધન છે...

૫. દુઃખ નમ્રતા લાવનાર છે...

નાણાં વિનાનો નાથિયો નાણે નાથાલાલ...

(હા, નાણાં સાથે પણ જે નાથિયો બનીને રહે એને કુદરતે પછી નાણાં વિનાનો બનાવવાની જરૂર રહેતી નથી.)

ગરજે ગધેડાને પણ 'બાપ' કહે....

૬. દુઃખ એ Sixth Sense છે... એનાથી એવી સૂઝ પેદા થાય છે જે જાણકારીની અનેક નવી ક્ષિતિજો ખોલી આપે છે.

ડાંગનો માર્યો ઊંચું જુએ, રોટલાનો માર્યો મોં નીચું કરી જાય.

૭. દુઃખ જગતનું સાચું દર્શન કરાવે છે. પોતાના-પરાયાનો વિવેક કરી આપે છે.

૮. दुःखं जन्तोः परं धनम्.... દુઃખ જીવનું શ્રેષ્ઠ ધન છે.

એ ખરું છે કે લોકો એને ધન નથી કહેતાં;

બાકી દુઃખ સાથે અનુભવની કમાણી હોય છે.

૯. દુઃખ મનને સહિષ્ણુ બનાવે છે... તનને કસાયેલું બનાવે છે.. કોશેટાને તોડીને બહાર નીકળવાની કષ્ટપ્રદ પ્રક્રિયા જ કીડાને મજબુત બનાવે છે. દિવસોના દિવસો સુધી જ નહીં મહિનાઓ સુધી હાથ-પગને જરાક પણ લાંબા-પહોળા કરી ન શકાય એવી માતાની કુક્ષિની સંકડામણ જ ગર્ભનો યોગ્ય વિકાસ કરે છે.. અને જે બાળક બહાર ખુલ્લામાં અથડાય-કૂટાય, ટીંચાય એ જ તંદુરસ્ત બને છે. ઘરમાં ગોંધાઈ રહેનારું બાળક નહીં.

૧૦. દુઃખ જીવને સત્પ્રેરણાઓ આપે છે.

મોહનદાસ કરમચંદ ગાંધી નામના ૨૩ વર્ષના યુવાન બેરિસ્ટરને દક્ષિણ આફ્રિકામાં પ્રથમ વર્ગમાં પ્રવાસ દરમ્યાન ટીકીટ હોવા છતાં માત્ર અશ્વેત વર્ણના કારણે ઉતારી નાખવામાં આવ્યા ને એમણે આખી રાત સ્ટેશન પર ઠંડીમાં ઠુંઠવાતા રહેવું પડ્યું. આ અપમાને જ એમને બ્રિટીશ જુલ્મો સામે લડત ચલાવવાની સત્પ્રેરણા આપેલી.

૧૧. અગ્નિ જ દુધને બાળીને (કઢાયું કરીને) એની સોડમ ને એનો સ્વાદ વધારે છે....

અગ્નિ જ સુવર્ણને શુદ્ધ કરે છે....

અગ્નિ જ ધૂપસળીની સુગંધ પ્રસરાવે છે...

દુઃખરૂપી અગ્નિ જ માણસના વ્યક્તિત્વને નિખારે છે. **દુઃખની છાયા વિનાના** માત્ર સુખમાં આળોટનારના નસીબમાં તો ઘણું ખરું **ગુમાન અને ઘમંડ જ બચતા હોય** છે.

૧૨. દુઃખમાં સમતા રાખતા જો શીખી જઈએ તો ઢગલાબંધ પાપોનો નાશ થઈ જાય છે ને પનોતી પુણ્યાઈની પ્રાપ્તિ થાય છે. ને આ સમતા વધતી જાય તો શાશ્વત સુખ હથેલીમાં આવી જાય છે.

દુઃખ વેઠવાનું જ છે તો મધુરતાને માણતાં માણતાં શા માટે નહીં ? આ મધુરતા દુઃખના પાવરને તોડી નાખતી હોવાથી દુઃખ વેઠવા છતાં જીવને દુઃખી બનવાની જરૂર પડતી નથી. શું આ નાનો સૂનો લાભ છે ? પછી દુઃખમાં કડવાશ જોઈ દુઃખી બનવાની મૂઢતા શા માટે ? એટલે આપણે જરૂર કહી શકીએ કે પાપકર્મનો ઉદય દુઃખ આપી શકે છે. દુઃખી બનવું કે ન બનવું એ તો આપણા જ હાથમાં છે..

દુઃખ આવવા છતાં દુઃખી ન બનવાની અન્ય પણ ચાવીઓ છે. ઈન્ડીકેટર પર સૂચના મળે કે ભારે વાવાઝોડું ફુંકાવાનું છે ત્યારે લોકો ઇચ્છે છે કે એ વાવાઝોડું બાજુ પરથી પસાર થઈ જાય.

★ મનમાં તોફાન મચાવી દે એવા શબ્દોને બાયપાસ કરી દેવાના, કર્ણ માર્ગે હૃદયમાં પ્રવેશવા દેવા નહીં.

★ બીજાના બદલે ભૂલમાં આપણો નંબર લાગી જાય ત્યારે જેમ રોંગ નંબર કહી દઈએ છીએ એમ ન ગમતી વાતોને રોંગ નંબર કહી કટ કરી દેવાની.

★ ભાષાના અજાણ બની જવાનું... ફ્રેંચ ભાષા ધારો કે આપણને આવડતી નથી... એમાં કોઈ ગમે તેવી કટુ વાતો કરે તો પણ આપણને શી અસર ?

Scanned by CamScanner

★ અણગમતી વાતો માટે બહેરા બની જવાનું....નિદ્રાધીન થઈ જવાનું કે મૃતદેહ બની જવાનું... બહેરાને, ઉંઘેલાને કે મૃતદેહને કડવા શબ્દોની શું અસર ? જીવનમાં પ્રસંગે પ્રસંગે આપણે જાતજાતનો રોલ ભજવીએ જ છીએ. આ વિવિધ રોલ ભજવવાની કલાનો ઉપયોગ કડવાશથી બચવા કાં ન કરીએ ?

જેવું દુઃખદ પરિસ્થિતિઓએ માટે, એવું જ દુઃખદ વ્યક્તિઓ માટે...

મયણા-શ્રીપાળની કથામાં આવે છે કે ધવલશેઠ શ્રીપાળકુંવરના પિતાતુલ્ય ઉંમર વાળી વૃદ્ધ વ્યક્તિ છે. પોતાના વહાણોમાં (ભલે ભાડું લઈને) શ્રીપાળકુંવરને પ્રવાસ કરાવ્યો છે. ધવલશેઠ માટે કહી શકાય તો આટલો પ્લસ પોઈંટ છે. ને માયનસ પોઈંટ તો પ્રચંડ છે. ધવલશેઠે શ્રીપાળકુંવરને જહાજના તૂટક પરથી સમુદ્રમાં ફેંકી દીધેલા. શ્રીપાળકુંવરની અપ્સરા જેવી બે પત્નીઓને પોતાની કરી લેવાના કારસા રચ્યા હતા. શ્રીપાળકુંવર હલકી જાતિના છે એવું સાબિત કરવાનો સ્ટંટ રચ્યો હતો. ને છેલ્લે છરીથી શ્રીપાળકુંવરને હણવા તૈયાર થઈ ગયા હતા.

જો કે પગથીયું ચૂકવાથી પડ્યા ને પોતાની છરી પોતાની છાતીમાં ઘુસી જવાથી મૃત્યુ પામ્યા. પણ શ્રીપાળકુંવર ઉત્તમ આત્મા છે. એમને એમના એકપણ માયનસ પોઈંટને આગળ કર્યો નહીં ને માત્ર પિતૃતુલ્યત્વ-જહાજમાં સહપ્રવાસ... આ પ્લસ પોઈંટને આગળ કરી એક પુત્રની જેમ એમની બધી જ મરણોત્તર વિધિઓ કરી ને શ્રદ્ધાંજલિ આપી. માયનસ પોઈંટ જોયા જ નહીં એટલે શ્રીપાળકુંવર ધવલશેઠ પ્રત્યેના દ્વેષ-દુર્ભાવ-દુર્વ્યવહારથી બચી શક્યા ને એક સજ્જનને શોભે એવો બધો જ ઉચિત વ્યવહાર કરી શક્યા.

પ્રભુ મહાવીરસ્વામીનો અંતિમ ઉપદેશ જેમાં સંગ્રહાયેલો છે તે **શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર** ગ્રંથમાં કહ્યું જ છે કે જેણે સેંકડો અપકારો કરેલા છે તેવા મિત્રે કરેલા એકાદ ઉપકારને પણ યાદ કરતો જે એકાંતમાં પણ તે મિત્રના દોષોને ગાતો નથી તે ધન્ય છે.

સેંકડો કાંટાની વચ્ચે ગુલાબ એક જ હોવા છતાં છોડ ગુલાબનો જ કહેવાય છે.

દુઃખને સહજતાથી સહન કરવાની એક ચાવી છે... It will also be passed. **આ પણ કાયમ ટકવાનું નથી.** આ વિચારતાં રહેવાથી દુઃખ સહજતાથી સહી શકાય છે.

સંતની સાધનાથી પ્રભાવિત થયેલા રાજાએ સંતને પ્રાર્થના કરી. કઠિન સમસ્યાઓનો ઉકેલ આવે એવો મંત્ર મને આપો. સંતે એક તાવીજ બનાવીને રાજાને આપ્યું ને સાથે કહ્યું કે : આને ચોવીસે કલાક ગળામાં બાંધી રાખવું. પણ નાની નાની સમસ્યા વખતે એમાંનો મંત્ર અજમાવવો નહીં. આનાથી વધારે કઠિન સમસ્યા તો કોઈ સંભવતી નથી... એવી અતિ કઠિન સમસ્યા આવે ત્યારે જ આ તાવીજમાંના મંત્રનો ઉપયોગ કરવો.

રાજાએ સ્વીકાર્યું... અનેક સમસ્યાઓ વખતે એનો ઉપયોગ ટાળ્યો. પણ એક વાર યુદ્ધમાં પરાજિત થયો.. સૈન્ય વેર-વિખેર થઈ ગયું.. શત્રુ રાજાનો સેનાપતિ પાછળ પડ્યો.. ભાગતાં ભાગતાં એક પર્વતની દુર્ગમ કેડીના અંતિમ બિંદુ પર જઈ પહોંચ્યો. પાછળ સેનાપતિ... ને શેષ ત્રણે દિશામાં ઊંડી ખીણ...ને રાજાએ તાવીજ ખોલ્યું... ચિઠ્ઠીમાં મંત્ર વાંચ્યો... 'આ પણ કાયમ ટકવાનું નથી...' ને એના સાવ હતાશ થઈ ગયેલા દિલમાં આશાનો દોરીસંચાર થયો. સ્વસ્થતા આવી ને પછી આગવી સૂઝથી બચી ગયો... ફરીથી સૈન્ય વગેરેને તૈયાર કરી યુદ્ધ ખેલી રાજ્ય પાછું મેળવ્યું...

એક વાર રાજસભામાં બેઠો છે ને પેલા સંત ફરીથી પધાર્યા... રાજાએ બધી વાત કરી. સંતનો ઉપકાર માન્યો. સંતે રાજાને કહ્યું : આજે ફરીથી તાવીજ ખોલી મંત્ર વાંચો... વાંચ્યો... સંતે બોધ આપ્યો.... રાજન્ ! આ રાજ્યવૈભવ પણ કાયમ ટકવાનો નથી, માટે એમાં પાગલ ન થવું કે એનું અભિમાન ન કરવું....

આપણે યાદ રાખીએ : સુખ એ સ્વપ્ન છે તો દુઃખ એ મહેમાન છે, બેમાંથી એકેય લાંબો ટાઈમ ટકતા નથી.

આપણે યાદ રાખવું જોઈએ કે

હિમાલય ને આલ્પ્સ જેવા પહાડો પણ કાળક્રમે ખેદાન-મેદાન થઈ સપાટ મેદાન બની જાય છે... તો દુઃખોના પહાડ શી વિસાતમાં ? જાલિમમાં જાલિમ દુઃખો પણ કાળની સામે ટકી શકતા નથી.

It will also be passed... આ દુઃખ પણ પસાર થઈ જશે. આમાં જે 'પણ' શબ્દ છે તે સૂચવે છે કે જેમ ભૂતકાળમાં આવેલું દુઃખ પસાર થઈ ગયું છે તેમ વર્તમાન દુઃખ પણ પસાર થઈ જશે....

આપણે આપણા ભૂતકાળને યાદ કરવો જોઈએ.

ટોપટેનમાં આવવાની ધારણા હતી. એના બદલે એક માર્ક માટે મેરીટ લીસ્ટમાંથી પણ બહાર ફેંકાઈ ગયા હતા ત્યારે કેવો વસમો આઘાત લાગેલો ! મહિનાઓ સુધી મિત્રવર્તુળમાં સહજતાથી વાત પણ નહોતી કરી શક્યા.

જે પ્રસંગે ખૂબ જ માન અને પ્રશંસાની અપેક્ષા હતી એ પ્રસંગે ઉપરીએ સાવ નગણ્ય મુદ્દાને આગળ કરીને જાહેરમાં કડક સમાલોચના કરેલી ત્યારે કેવું હડહડતું અપમાન લાગી ગયેલું ! ધરતી જગ્યા આપે તો સમાઈ જવાની ઈચ્છા થઈ ગયેલી... ને

Nothing lasts forever, not even our problems

Scanned by CamScanner

હવે જીવનભર કોઈ સેવાના કામ કરવા જ નહીં એવો સંકલ્પ કરી દીધેલો.

ધંધામાં પચ્ચીસ લાખના નુકસાનનો કેવો ઘા લાગી ગયેલો ! ન ખાવાનું ભાવે, ન પીવાનું ભાવે... ન કોઈની સાથે બોલવાનું મન થાય ! સાવ સૂનમૂન જેવા થઈ ગયેલા...

આ ને આવા નાના-મોટા ઢગલાબંધ પ્રસંગો આપણા જીવનમાં બન્યા છે, ને બનતા જ રહેતા હોય છે. આવા જે જે પ્રસંગે આપણને upset કરી દીધેલા... ખૂબ જ વ્યથિત કરી દીધેલા.. એ પ્રસંગની આપણા જીવન પર કે આપણા મન પર આજે શી અસર છે ? તે તે વખતે એને જેટલું મહત્ત્વ આપેલું એમાંનું આજે કેટલું રહ્યું છે ? અરે ! જે પ્રસંગને જીવન મરણનો પ્રશ્ન બનાવી દીધેલો.. ને ઠેઠ આત્મહત્યા સુધીના વિચારો કરી નાખેલા... એ પ્રસંગ પણ આજે કેવો સામાન્ય ભાસે છે... એ વખતે ખરેખર આત્મહત્યા કરી લીધી હોત તો એ કેવી ભયંકર મૂર્ખામી કરી હોત એવું આજે લાગે છે ને !

આપણા જીવને આપણે સમજાવવો જોઈએ કે હે જીવ ! જેમ ભૂતકાળના દુઃખની આજે કોઈ મહત્તા નથી... એમ આજના દુઃખની પણ છ-બાર મહિના પછી કે બે ત્રણ વરસ પછી કશી જ મહત્તા રહેવાની નથી.... એની તારા જીવન પર પણ વિશેષ કોઈ અસર રહેવાની નથી... પછી આજે તું શા માટે એને વધારે પડતું મહત્ત્વ આપીને દુઃખી થાય છે...

અરે ! એક્સીડંટ થયો ને હાથ કે પગ કપાવવો પડ્યો. દરેક કામમાં અનુભવાતી કઠિનાઈથી જેઓ ભાંગી પડ્યા હોય તેઓએ પણ આ જ રીતે જેનો હાથ કે પગ વરસ-બે વરસ પૂર્વે કપાઈ ગયો હોય એવા માણસને જોવો જોઈએ. કેવી મસ્તીથી જીવે છે... ને હાથ કે પગ કપાઈ ગયાની કોઈ ફરિયાદ પણ કરતો નથી. આ જોયા પછી પોતાની જાતને કહેવું જોઈએ કે હે જીવ ! હું કશા કામનો રહ્યો નહીં, એમ માનીને શા માટે હતાશ થાય છે ? વરસ-બે વરસ પછી તું પણ આ જ મસ્તીથી જીવવાનો છે.... પણ એમાં હોંશિયારી તારી નહીં હોય... એ તો દુઃખનું ઓષડ દહાડા... ન્યાયે કુદરતની કરામત હશે... વરસ પછીની મસ્તીને તું આજે માણ... તો જરૂર એ તારી હોંશિયારી હશે.

ને કેટલીક સમસ્યાઓનું તો કાળ એ જ solution હોય છે. કાળ વીતે છે ને સમસ્યા હલ થઈ જાય છે.

એક ગામમાં સાવ ગમાર-અજ્ઞાન લોકો રહેતા હતા. અન્ય ગામની એક ચતુર કન્યા પરણીને એ ગામમાં આવી. પ્રથમ દિવસે સાંજે એની સાસુએ એને કહ્યું : 'વહુ બેટા ! તમે નવા નવા છો, એટલે રાતના શાંતિથી સૂઈ જજો... પછી તો તમારે પણ અમારી જેમ આખી રાત જાગવાનું છે.

નવોઢાએ આશ્ચર્યથી કારણ પૂછવા પર સાસુએ કહ્યું કે : આ ગામમાં રાત્રે એટલો બધો ગાઢ અંધકાર છવાય જાય છે કે ગામના બધા લોકો તગારા ભરી ભરીને આખી રાત અંધારું ઉલેચે છે ત્યારે માંડ માંડ સવારે અજવાળું થાય છે. તમારે પણ ભવિષ્યમાં આ મજુરી કરવી પડશે. આ સાંભળીને મનમાં હસું હસું થઈ રહેલી નવોઢાએ સાસુને કહ્યું : બા ! આજે આખા ગામમાં તમે ઘોષણા કરાવો કે રાત્રે બધા શાંતિથી સૂઈ જાય.. માત્ર અમારી વહુ જ બધું અંધારું ઉલેચી નાખશે. ઘોષણા થઈ ગઈ... આખા ગામને આશ્ચર્ય... બધા સૂઈ ગયા પછી નવી વહુ પણ સૂઈ ગઈ ને છતાં સવારે બધું જ અંધારું દૂર થઈ અજવાળું થઈ ગયું હતું. અંધકાર દૂર થવા માટે રાત્રી પસાર થવી... એ જ ઉપાય છે.. એ પહેલાં એને ઉલેચવા મથનારને પસીનો પાડવા સિવાય બીજો કોઈ લાભ થતો નથી.

આવું જ કેટલાય દુઃખો માટે હોય છે. ધીરજથી કાળ પસાર કરવો એ જ એનો ઉપાય હોય છે. એ પૂર્વે એ દુઃખને દૂર કરવાના ધમપછાડા વ્યર્થ વ્યાયામ માત્ર હોય છે. ને એ ધમપછાડા કરવા છતાં દુઃખ દૂર થતું જોવા ન મળવાથી દુઃખમાં એક નવો સંતાપ ઉમેરાય છે.

એક વીસ વરસનો યુવાન ડૉક્ટર પાસે જઈને કહે છે : ડૉક્ટર સાહેબ ! મારે ઘરડા થઈ જવું છે. એ માટે કોઈ દવા હોય તો લખી આપો ને !

ડૉક્ટર આશ્ચર્ય સાથે વિચારમાં પડી ગયા. ને પછી એક દવા લખી આપી.

યુવાન : ડૉક્ટર ! આ દવા કેટલો વખત લેવાથી હું ઘરડો થઈ જઈશ ?

ડૉક્ટરે ઠાવકાઈથી કહ્યું : ચાલીશ વરસ !

યુવાન ડૉક્ટરનો ઈશારો સમજી ગયો કે કાળ પસાર થવા દેવો એ જ યોગ્ય દવા છે.

શરદી માટે એક અંગ્રેજી Quote છે. If you take medicine you will be cured in a week, & if you don't take medicine it will take seven days.

આપણે પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ કે : હે પ્રભુ ! જે સમસ્યાઓ કાળસાધ્ય હોય તે સમસ્યાને 'કાળસાધ્ય' તરીકે પરખવાની મને શક્તિ આપ !

Scanned by CamScanner

જે થાય તે સારા માટે...

દુ:ખ આવવા છતાં દુ:ખી ન બનવા માટેનું એક ચાવી રૂપ સૂત્ર છે : **જે થાય તે સારા માટે...**

વિષમ પરિસ્થિતિમાં વ્યથિત થવાના બદલે મનને સમજાવવું જોઈએ કે આ પણ મારા સારા માટે જ થયું છે.

એક જ વયના રાજપુત્ર અને મંત્રીપુત્ર વચ્ચે બાળપણથી જ ગાઢ મૈત્રી... ભણવું-ગણવું, રમત-ગમત, હરવું-ફરવું... બધું સાથે ને સાથે... કાળક્રમે રાજપુત્ર રાજા બન્યો ને મંત્રીપુત્ર મંત્રી બન્યો. હંમેશા બંને સાથે ને સાથે જ હોય...

એકવાર કંઈક કામ કરવા જતાં રાજાને છરી વાગી ગઈ, અંગુઠો થોડો કપાઈ ગયો... લોહીની ધાર... ભયંકર પીડા... ને રાજા ભારે વ્યથિત થઈ ગયો...

સહસા મંત્રીના મુખમાંથી વાક્ય સરી પડ્યું. જે થાય તે સારા માટે.... આ સાંભળ્યું નથી ને રાજા ગુસ્સામાં આવી ગયો... સિપાઈઓને ઑર્ડર કર્યો... આ મંત્રીના બચ્ચાને જેલમાં પૂરી દો... મને અકથ્ય વેદના થઈ રહી છે ને એ એમાં સારું માની રહ્યો છે... મારો શત્રુ બની ગયો લાગે છે...

મંત્રીને જેલમાં પૂરી દેવામાં આવ્યો... એક વાર ઘોડેસવારીએ નીકળેલો રાજા લાવ-લશ્કરથી વિખૂટો પડીને જંગલમાં પહોંચી ગયો.. માંડ માંડ ઘોડાને ઊભો રાખ્યો... ને નીચે ઉતર્યો...એટલી વારમાં જંગલમાં રહેનારા પાંચ-સાત ભીલોએ આવીને રાજાને ઘેરી લીધો... ને રાજાને પોતાની પલ્લીમાં લઈ ગયા. ભીલોના નેતા પલ્લીપતિને સંતાન થતું નહોતું. એણે પોતાની કુલદેવીની માનતા માનેલી કે જો મને પુત્ર થશે તો તને લક્ષણવંતા પુરુષનો બલી આપીશ. યોગાનુયોગ એને પુત્ર થયો ને તેથી ભીલોને લક્ષણવંતો પુરુષ શોધીને પકડી લાવવા મોકલેલા... એમાં આ એકલો પડી ગયેલો રાજા મળી ગયો. રાજા લક્ષણવંત તો હતો જ. ભીલોએ રાજાને પોતાના પલ્લીપતિ આગળ ખડો કરી દીધો.

ત્યાં કુલદેવીની મૂર્તિ સમક્ષ ભુવો બધી ક્રિયા કરી રહ્યો હતો... પલ્લીપતિએ ભુવાને કહ્યું : દેવીને બલિ ચઢાવવા માટે આ લક્ષણવંતો પુરુષ આવી ગયો છે. રાજા તો આ સાંભળીને જ ધ્રુજી ઊઠ્યો. મૃત્યુ નજર સામે તરવરવા લાગ્યું... ભુવાએ રાજા તરફ નજર કરીને કહ્યું : છે તો લક્ષણવંતો... આવા પુરુષના બલિથી દેવી ખૂબ જ પ્રસન્ન થઈ જશે... છતાં એકવાર એનું આખું શરીર જોઈ લઉં...

પૂરું બોડી ચેકઅપ કરતાં કરતાં અંગુઠા પર નજર ગઈ. અંગુઠો છેદાયેલો જોયો. ને એણે નનૈયો ભણી દીધો... "દેવીને બલિ ચઢાવવા અક્ષત અંગ વાળો પુરુષ જોઈએ. આનો તો અંગુઠો કપાયેલો છે, માટે આ નહીં ચાલે."

પલ્લીપતિએ રાજાને મુક્ત કરી દીધો. રાજાને વિચાર આવ્યો કે એ દિવસે મારો અંગુઠો કપાઈ ગયો તો જ હું આજે બચી શક્યો. ખરેખર ! મંત્રીએ 'જે થાય તે સારા માટે' એવું જે કહેલું તે સાચું હતું... મેં મારા અત્યંત પ્રિય બાળગોઠિયા મિત્રને શત્રુ માની જેલમાં નાહકનો પુરાવી દીધો.. હવે નગરમાં જઈ સૌ પ્રથમ એને મુક્ત કરી માફી માગી લઉં....

રાજા લશ્કરની સાથે થઈ નગરમાં પહોંચ્યો ને સીધો જેલમાં ઉપડ્યો... મંત્રીને મુક્ત કરીને ભેટી પડ્યો... ને પછી બધી વાત કરીને માફી માગતા કહ્યું કે - દોસ્ત ! 'જે થાય તે સારા માટે' આવું તેં જે કહેલું તે બિલકુલ સાચું હતું... મને માફ કરજે... કે મેં તને જેલમાં પૂરી દીધો એ બહુ ખોટું થયું.

મંત્રીએ કહ્યું : રાજન્ ! જે થાય તે સારા માટે...

રાજા : એટલે ?

મંત્રી : એટલે એમ કે આપે મને જેલમાં પૂરી દીધો એ પણ ખોટું નથી થયું, પણ સારા માટે થયું છે.

રાજા : એ શી રીતે ?

મંત્રી : આપણે બાળપણથી હંમેશા બધે સાથે હોઈએ છીએ. જો તમે મને જેલમાં પૂર્યો ન હોત તો હું પણ તમારી સાથે જ હોત. ને હું તો અક્ષત અંગવાળો છું. ભુવાએ તમને નકાર્યા પછી મને બલિ તરીકે વધેરી જ નાખ્યો હોત... તમે મને જેલમાં પૂર્યો તો જ હું આજે જીવતો રહી શક્યો છું... એટલે રાજન્ !

રાજા અને મંત્રી બંને : જે થાય તે સારા માટે...

Air India ની Flight No. 182... બોઈંગ ૭૪૭ કનિષ્ક વિમાન તા. ૨૩-૬-૧૯૮૫ ના દિવસે કેનેડાથી લંડન થઈ ઈન્ડિયા આવવા ઉપડેલું. આયર્લેન્ડ પાસે બોમ્બના કારણે Plane Crash થયું. ૩૦૭ મુસાફરો + ૨૨ ક્રુમેમ્બરો... બધા ૩૨૯ જણા મૃત્યુને વર્યા. ગુજરાતીના એક પ્રસિદ્ધ લેખક પણ એમાં જ પ્રવાસ કરવાના હતા.. પણ ટ્રાવેલિંગ એજન્ટે તારીખમાં ગરબડ કરી..ને એ લેખક એ ફલાઈટમાં પ્રવાસ ન કરી શક્યા. એ વખતે તો એજન્ટ પર મિજાજ ઘણો બગડેલો. પણ પ્લેનક્રેશના સમાચાર મળ્યા ત્યારે એમને પ્રતીત થયું કે - જે થાય તે સારા માટે...

Scanned by CamScanner

થોડા વર્ષો પૂર્વેની વાત છે - એક જૈન ભાઈ સુરતમાં રહે. ધાર્મિક શિક્ષણ બાળકોને આપવાની પાઠશાળામાં ધાર્મિક શિક્ષક તરીકે કામ કરે. એમનો યુવાન દીકરો પણ ધાર્મિક જ્ઞાન મેળવી શિક્ષક તરીકે કામ કરવા તૈયાર થઈ ગયેલો. એને કોલ્હાપુરના જૈન સંઘ તરફથી ખૂબ સારી ઓફર સાથે આમંત્રણ મળ્યું... એ તૈયાર થઈ ગયો.. પણ માત-પિતાનું એકનું એક સંતાન. એટલે એમણે ના પાડી. તું અમારી નજર સામે અહીં રહીને જે થાય તે કર.

પુત્ર : મને અહીં શું પગાર મળશે ? ને ત્યાંની ઓફર તો જુઓ... મારી કેરિયરનો વિચાર કરો... ને મને રજા આપો... પણ માત પિતા સંતાનને દૂર જવા દેવામાં સંમત ન થયા... પુત્ર ખૂબ જ નારાજ થઈ ગયો... એને પોતાનું ભાવિ સાવ અંધકારમય ભાસવા લાગ્યું... પણ પછી થોડા જ વખતમાં સુરતમાં હીરાબજાર આવ્યો... પુત્રે એમાં ભાગ્ય અજમાવ્યું... ને પછી તો ? કોલ્હાપુરમાં આખી જિંદગીમાં જેટલું કમાઈ શકત એના કરતાં કેટલાય ગણું અધિક દર વર્ષે કમાવા લાગ્યો... ને તેથી એનું મન પોકારી ઊઠ્યું કે - જે થાય તે સારા માટે....

ભાવિના ભીતરમાં શું છૂપાયેલું છે ? એ આપણે જોઈ શકતા નથી. જાણી શકતા નથી... પણ કંઈક સારું છૂપાયેલું હશે... એવી કલ્પના તો કરી જ શકીએ છીએ... પછી માત્ર વર્તમાનને નજરમાં રાખીને દુઃખી થવામાં ડહાપણ છે ?

જંગલની બોર્ડર પર રહેલા ગામમાં વસનારા એક કાકા પાસે ઘોડો હતો... એ ઘોડો એકવાર જંગલમાં ભાગી ગયો... પડોશીને ખબર પડવાથી એ ખરખરો કરવા આવ્યો... કાકા ! તમારો ઘોડો ભાગી ગયો એ બહુ ખોટું થયું... પણ કાકા સ્વસ્થ હતા. એમણે કહ્યું : 'એ બહુ ખોટું થયું... ' એમ હું ન કહી શકું... કારણ કે ભાવીના ભીતરને હું વાંચી શકતો નથી...

બે ત્રણ દિવસ પછી એ ઘોડો પોતાની સાથે બીજા ૭-૮ જંગલી ઘોડાને લઈને આવ્યો... એ જોઈને પડોશી તો દંગ થઈ ગયો. કાકાને આવીને કહે છે : કાકા ! તમે તો ખૂબ પુણ્યશાળી... ૭-૮ બીજા ઘોડા આવી ગયા.. તમારે તો લીલા લહેર થઈ ગઈ.

પણ કાકા સ્થિતપ્રજ્ઞ હતા... ઘોડો જવાથી જેમ બહુ લેવાઈ નહોતા ગયા... એમ ઘોડા આવવાથી બહુ હરખાઈ ગયા પણ નહોતા. એમણે પડોશીને કહ્યું : 'આ લીલાલહેર થઈ ગઈ' એવું પણ હું કહી નહીં શકું. કારણ કે ભાવીના ભીતરને હું જોઈ શકતો નથી.

એક દિવસ કાકાનો યુવાન દીકરો નવા આવેલા ઘોડા પર સવારીએ નીકળ્યો.. પણ આ તો જંગલી ઘોડો ! જુવાનને ગામ બહાર લઈ જઈ એવી રીતે પટક્યો કે એક ટાંગ કપાવવી પડી...

(સમસ્યાથી ભાગવું એ નહીં, જાગવું એ સમાધાન છે.)

પડોશી પાછો રડમસ ચહેરે આવ્યો... કાકા ! બહુ ખોટું થયું... તમારા દીકરાની ટાંગ તૂટી ગઈ...

પણ કાકા તો બિલકુલ નિશ્ચિંત... એમણે ફરીથી કહ્યું : ભાવીના ભીતરને આપણે કેમ ઉકેલી શકીએ ? ટાંગ પણ સારા માટે તૂટી હોય ... એવું બની શકે ને !

ને થોડા દિવસ પછી એ રાજ્યમાં અચાનક યુદ્ધની નોબત આવી ગઈ... શત્રુ રાજાના વિશાળ લશ્કરને નજરમાં રાખીને રાજા તરફથી ફરમાન બહાર પડ્યું... પ્રત્યેક ઘરના પ્રત્યેક યુવાને ફરજિયાત લશ્કરમાં ભરતી થઈ જવાનું. બિલકુલ લશ્કરી તાલીમ વિનાના યુવાને લશ્કરમાં ભરતી થઈ યુદ્ધના મોરચે જવું....એ મરણને શરણ થવા તુલ્ય જ હોવાથી બધા વિમાસણમાં પડ્યા... પણ સત્તા આગળ શાણપણ નકામું... રાજ્યના અધિકારીઓ આવ્યા. ઘર ઘરમાં ફરી વળીને યુવાનોને લશ્કરમાં ભરતી કરી દીધા. આ કાકાને ત્યાં પણ આવ્યા. જુવાન દીકરાને જોયો.. પણ ટાંગ તૂટેલી જોઈ લશ્કરમાં ભરતી ન કર્યો.

પાછો પેલો પડોશી આવ્યો... કાકા ! તમે ફાવી ગયા... તમારા દીકરાને ઊઠાવી ન ગયા ! એ બચી ગયો... કાકાને તો ન હરખ... ન શોક... ભાઈ ! એટલે તો કહું છું કે ભાવીના ભેદોથી અજાણ આપણને માત્ર વર્તમાન જોઈને દુઃખી થવાની શી જરૂર ? આજે અનિષ્ટ લાગતી ઘટના કાલની ઈષ્ટ ઘટનાનો પાયો હોવાની પૂરી સંભાવના છે.... એટલે આપણે 'સારાની જ કલ્પના રાખવી... જે થાય તે સારા માટે... ને દુઃખી ન થવું એમાં જ ડહાપણ છે.

પ્રશ્ન : પણ 'અનિષ્ટ ઘટના છેવટે ઈષ્ટમાં પરિણમે છે' એવું દરેક અનિષ્ટ ઘટના વખતે અનુભવાય એવું ક્યાં છે ? કે જેથી જે થાય તે સારા માટે... એવું આશ્વાસન લઈ શકાય.

ઉત્તર : મા બાળકને ભૂખ્યું રાખે, તમાચો મારે, ઓરડામાં પૂરી દે કે ક્યારેક (ડૉક્ટરે નિષેધ કર્યો હોય ત્યારે) મિઠાઈ વગેરે બધા ગળપણથી દૂર રાખે... આ બધું બાળકના સારા માટે જ હોય છે, ભલે બાળકને એમાં રહેલું સારાપણું ન જણાતું હોય...

પ્રકૃતિ આપણી મા છે... એ જે કાંઈ કરે એ બાળક જેવા આપણા સારા માટે જ હોય છે, ભલે એમાં આપણે સારાપણું જોઈ શકતા ન પણ હોઈએ...

પ્રશ્ન : પ્રકૃતિ આપણી મા શી રીતે ?

ઉત્તર : એક માની જેમ આપણી બધી કાળજી કરે છે, માટે... દુન્યવી કોઈપણ યંત્ર કરતાં અત્યંત accuracy વાળું શરીર આપ્યું... શરીરને જરૂરી એવા હવા-પાણી આપ્યા... અરે ! આપણો જન્મ થતાં વેંત માતાના સ્તનને અમૃત જેવા ધાવણથી ભરી દીધા... આવી તો ઢગલાબંધ કાળજીઓ લેનાર પ્રકૃતિ આપણી મા કેમ નહીં ?

Scanned by CamScanner

બીજી રીતે કહીએ તો, ડૉક્ટર ડાયાબિટીસના દર્દીને મિઠાઈનો નિષેધ કરે છે એ, એ દર્દીના ભલા માટે જ હોય છે. એમ જીવને મીઠા મધ જેવા લાગતા વૈભવોનો નિર્ધનતા વગેરે રૂપે નિષેધ પણ જીવના ભલા માટે જ હોય છે.

અથવા, કોર્ટ અપરાધીને જે કઠોર સજા કરે છે એમાં એને સુધારવાનો પણ ઈરાદો હોય જ છે. એમ પાપરૂપી અપરાધોની સજારૂપે આવતાં દુ:ખો-કષ્ટો પાછળ જીવને સુધારવાનું પ્રયોજન પણ હોય જ છે. તો પછી એ જીવના સારા માટે કેમ ન કહેવાય?

અથવા સજા કપાતી જવી એ કેદી માટે જેમ સારું જ છે, એમ જીવનની દરેક કઠિનાઈઓ દ્વારા જીવે પૂર્વે આચરેલ પાપરૂપ અપરાધની સજા કપાતી જતી હોય છે... પછી એ સારા માટે કેમ નહીં?

એક ઠેકાણે કહ્યું છે કે : ઈશ્વર મનુષ્યને દુ:ખી કરવા માગતો નથી, માટે એને અમરત્વ આપવાના બદલે મૃત્યુની વ્યવસ્થા રાખી છે.

દુનિયાના દારૂણ દર્દ ને દુ:ખનો આરો મોત;
જગમાં મોત ન હોત તો સૌ પોકે પોકે રોત.

જ્યારે ભાવી અનિષ્ટની સંભાવના આપણને મૂંઝવતી હોય ત્યારે બબ્બે વિકલ્પો ઊભા કરવાનો એક રીક્રુટીંગ ઑફિસરનો અભિગમ પણ આપણને ચિંતામુક્ત કરવા સમર્થ બની શકે એવો છે.

સૈન્યમાં ભરતી થવા માટે યુવાનોને પ્રેરણા આપનાર એ રીક્રુટીંગ ઑફિસરે યુવાનોને કહ્યું : લશ્કરમાં ભરતી થવામાં ડરવા જેવું કશું નથી. તમે લશ્કરમાં જોડાઈ જ જાઓ.

હવે ધારો કે યુદ્ધનો પ્રસંગ આવે... તો તમારા માટે બે વિકલ્પો છે... તમને અહીં જ રાખવામાં આવે કે યુદ્ધના મોરચે મોકલવામાં આવે... જો અહીં રાખવામાં આવે તો No Worry. ને જો યુદ્ધના મોરચે મોકલવામાં આવે તો પણ બે વિકલ્પો છે.. તમને આગળી હરોળમાં રાખવામાં આવે કે પાછલી હરોળમાં...

જો પાછલી હરોળમાં રાખવામાં આવે તો No Problem.. ને જો આગળી હરોળમાં રાખવામાં આવે તો પણ બે વિકલ્પો છે : ક્યાં તો તમે પહેલો હુમલો કરશો ને ક્યાં તો શત્રુ પહેલો હુમલો કરશે...

જો તમે પહેલો હુમલો કરશો તો તો કોઈ જ ચિંતા નથી.. ને શત્રુ જો પહેલો હુમલો કરશે તો પણ બે વિકલ્પો છે : એની ગોળી તમને વાગશે અથવા નહીં વાગે...

જો નહીં વાગે તો તો સારું જ છે. ને કદાચ વાગશે તો પણ બે વિકલ્પ છે, ક્યાં તો તમને ઈજા થશે ને ક્યાં તો તમારું મૃત્યુ થશે. જો ઈજા જ થશે તો No Worry... ને જો મૃત્યુ થશે... તો પણ બે વિકલ્પ છે.. ક્યાં તો તમે સ્વર્ગમાં જશો, ને ક્યાં તો તમે નરકમાં જશો...

જો સ્વર્ગમાં ગયા તો તો No Worry... ને જો નરકમાં ગયા તો તમારા અહીંના ઘણા સાથીઓની કંપની મળી રહેશે.

અને જ્યારે આવી પડેલી પ્રતિકૂળતામાં કશું સારાપણું આપણે જોઈ ન શકતા હોઈએ ત્યારે તો પણ એ પ્રતિકૂળતા સિવાય જીવનમાં બીજું ઘણું સારું હજુ વિદ્યમાન હોય છે જ. એ જોઈને એનો આનંદ માણતા રહેવું જોઈએ.

એક નગરથી બીજા નગરે જતા રાજમાર્ગને અડીને આવેલા ખેતરનો ખેડૂત ભગવાનનો ભગત હતો. વળી એણે મુસાફરોને ઠંડુ પાણી પીવડાવી હાશકારો આપવાનો રસ હતો. એટલે ખાસ પાણી ઠંડુ કરી માટલામાં ભરી કાઠીના શીકામાં રસ્તા પર આવેલા વિશાળ વડલા પર લટકાવતો. ખેતરમાં કામ ન હોય ત્યારે પોતે એ વડલાની છાયામાં બેસી ભજનો ગાતો ને જે મુસાફરો પસાર થાય એમને આગ્રહપૂર્વક આમંત્રતો.

એ જ રીતે રસ્તા પરથી પસાર થઈ રહેલા ચાર-પાંચ મુસાફરોને એણે બોલાવ્યા : આવો ! છાંયામાં બેસો... થાક ઉતારો... ને ઠંડું પાણીથી પ્યાસ બુઝાવો... એનો પ્રેમ જોઈ મુસાફરો આવ્યા. વડલા નીચે ઠંડક અનુભવીને તડકાની ગરમી દૂર કરી. એમને ઠંડુ પાણી પીવડાવવા માટે ખેડૂત ઊભો થયો. પણ શીકા પરથી પાણી લેતાં ગરબડ થઈ.. માટલું નીચે પડ્યું... ભાંગી ગયું... પાણી બધું ઢોળાઈ ગયું... ખેડૂતે તરત નીચે બેસી ભજન ગાવાનું શરૂ કરી દીધું.

કંઈક આઘાત અનુભવી રહેલા મુસાફરોએ ખેડૂતને પૂછ્યું : અમને આઘાત લાગ્યો છે તો તમને નથી લાગ્યો ? તમે તો ભજન ગાવા લાગી ગયા !

ખેડૂત : જુઓ, અહીં નવરાશની પળોમાં આનંદ માણવાના મારી પાસે બે માર્ગ છે. પ્રભુનાં ભજન... અને મુસાફરોની શીતલજળથી સેવા... આજે માટલું ફૂટી જવાથી બીજો માર્ગ બંધ થઈ ગયો. એનો અર્થ એવો તો નથી જ કે પ્રથમ માર્ગ મારે સ્વયં બંધ કરી દેવો.. ઊલટું હવે નવું માટલું ન આવે ત્યાં સુધી હું વધુ ભજનો ગાઈને બંનેનો આનંદ એમાંથી મેળવીશ.

અનેક ધંધામાંથી કારણવશ એક ધંધો બંધ થઈ જાય ત્યારે વેપારી બીજા ધંધા સ્વયં બંધ કરી દે કે બીજા ધંધા પર વધારે ધ્યાન આપી પ્રથમ ધંધાની ખોટ પણ એમાંથી Recover કરી દે ?

Salute the Life that goes & salute the life that comes, because they come from thee.

ઘરમાંથી સુખ જાય ત્યારે આંગણા સુધી વળાવવા જજો અને કહેજો કે 'પધારજો' દુ:ખો આવે ત્યારે આંગણા સુધી લેવા જજો અને કહેજો કે 'પધારો...' કારણ કે આપણે જ એમને આમંત્રણ આપેલું છે.

Scanned by CamScanner

એક પડોશી સાથે સંબંધ વણસી જાય ત્યારે બીજા પડોશી સાથેનો સંબંધ માનવી કાપી નાખે છે કે એ સંબંધને વધુ ગાઢ બનાવે છે ?

તો પછી સુખ માટે પણ આ જ નિયમ કેમ ન લગાવવો ? પૂર્વ કર્મવશાત્ એક સુખ મળતું બંધ થઈ ગયું.. તો બીજાં સુખના માર્ગો પર ધ્યાન વધારે કેન્દ્રિત કરવાનું ? કે એ માર્ગો સ્વયં બંધ કરી દેવાની મૂર્ખાઈ કરવાની ?

ધંધામાં પચ્ચીશ લાખનું નુકસાન થઈ ગયું... એટલા પૈસા ઓછા થઈ ગયા એ વાત કબૂલ... પણ કુદરત હજુ તાજાં હવા-પાણી આપી રહી છે... ખાવા-પીવામાં કોઈ સમસ્યા નથી... શરીર એવું ને એવું નિરોગી છે... પત્નીનો પ્રેમ અકબંધ છે... સંતાનો આજે પણ આજ્ઞાંકિત છે... શું આ બધા સુખના દરવાજા નથી ? પૈસાનો અને નુકસાનનો જ વિચાર કરી કરીને આ બધા દરવાજા શા માટે સ્વયં બંધ કરી દેવા ?

અરે ! ઘઉં થોડા ને કાંકરા ઘણાં હોય તો પણ માનવી વીણી વીણીને ઘઉંને જ મમળાવે છે, કાંકરાને નહીં.

અરે ! એક કીડી જેવી કીડી પણ સુદર્શન ચૂર્ણના પાવડરની વચમાં રહેલા સાકરના કણને લક્ષ્ય બનાવે છે, સુદર્શનચૂર્ણને ગૌણ કરી દે છે....

આપણે આપણા જીવડાને કહી દેવું જોઈએ કે : હે જીવ ! જો તને દુઃખમાં કડવાશ ભાસે છે ને સુખમાં મધુરતા ભાસે છે... તો અનેક દુઃખોને ગૌણ કરીને પણ સુખની સાકરને જ લક્ષ્ય બનાવ ને !


આ આખા નિબંધમાં પરમ પવિત્ર શ્રી જિનાજ્ઞાથી વિપરીત જો કાંઈ પણ આવ્યું હોય તો એનું અંતઃકરણથી મિચ્છામિદુક્કડં.

કારેલાં બે-ચાર હોય કે ઘણાં હોય... એમાં સુદર્શન નહીં, ગોળ જ નાખવાનો હોય છે ને મધુરતા જ માણવાની હોય છે. એમ દુઃખ-કષ્ટ બે-ચાર હોય કે પુષ્કળ હોય, એમાં જુના મધુર પ્રસંગોના સ્મરણો ઉમેરી સરવાળે મધુરતા જ માણવી જોઈએ.


એમ થોડા કે મધ્યમ કડવા કારેલા કરતાં અત્યંત કડવા કારેલામાં ગોળ ખૂબ જ નાખવાનો હોય છે. કોઈએ અત્યંત કનિષ્ઠ અપકાર કર્યો હોય તો અનેક સુખદ પ્રસંગોની પુષ્કળ મધુરતા ઉમેરી દેવાની.

શંકા : પણ સુખદ પ્રસંગ નાનો એકાદ જ હોય તો ?

સમાધાન : બીજાની રાઈ જેટલી ભૂલનો પહાડ કરવાની આપણી ટેવનું થોડું પરિવર્તન કરીને બીજાના નાના-એકાદ સુખદ પ્રસંગનો પહાડ કરી દેવાનો. પછી મધુરતા જ પ્લસમાં આવી જાય ને !



આ લેખકનું મનની શાંતિ માટે
એક અન્ય અદ્ભુત પુસ્તક



આ પુસ્તક મન માટેના ફર્સ્ટ એઈડ બોક્સ
સમાન છે, માટે અવશ્ય વાંચજો...

